આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાનસંસ્કારનું માસિક



કુમાર

૪૯૩

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • બચુભાઈ રાવત

વર્ષ બેંતાલીસમું અંક પહેલો જાન્યુઆરી ઈ. સ. ૧૯૬૫

કુમાર

જાન્યુઆરી ૧૯૬૫ • અંક ૪૯૩

ચિત્રો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે.

ડિસેમ્બર અંકમાં શ્રી હરિનારાયણ આચાર્ય 'આકડે મધ' એ કહેવત વિષે જણાવે છે કે 'ઉત્તર ગુજરાતમાં એ પ્રચલિત હોય એવું મારા જાણવામાં નથી.' મેં મારા બાલ્યકાળ અને કિશોરાવસ્થાનાં ઘણાં વર્ષ પાટણમાં ગાળ્યાં છે. આ કહેવત પાટણમાં અને આસપાસનાં ગામોમાં મેં પુષ્કળ સાંભળી છે—બલ્કે, એનો પ્રથમ પરિચય મને ત્યાં જ થયો છે. ઉત્તર ગુજરાત જેવા પ્રમાણમાં વિસ્તૃત પ્રદેશનાં બધાં સ્થાનોમાં સમાન કહેવતો કે રૂઢિપ્રયોગો પ્રચલિત ન હોય એવું બને. એક જ નગરની જુદી જુદી જ્ઞાતિઓમાં કે લત્તાઓમાં એક જ કહેવત સુપ્રચલિત કે અપ્રચલિત હોય એમ ક્વચિત્ જોવામાં આવ્યું છે. 'આકડે મધ' પ્રયોગ ઉત્તર ગુજરાતમાં, નિદાન અમુક સ્થળોમાં ચાલુ છે એટલું જ મારું કહેવાનું છે. ગુજરાતમાં અન્યત્ર તે નથી એવું એમાંથી ફલિત થતું નથી. જૂના સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં પ્રયોજિત 'આભાણકો' અને 'લૌકિક ન્યાયો'નો અભ્યાસ વળી એક મહત્ત્વનો રસપ્રદ વિષય છે.

(વડોદરા) —ભોગીલાલ સાંડેસરા

'મૂછ'ની વ્યુત્પત્તિમાં વાચકોએ સારો રસ લીધો. આપણને સં૦ 'શ્મશ્રુ'ના મૂળ સાથે સંબંધ નથી. આપણી તાત્કાલિક તપાસ ગુજ૦ 'મૂછ' પરત્વે છે. 'શ્મશ્રુ'નું જ્ઞાત નિયમાનુસાર 'મંસ્સુ', 'મંસુ' અને 'માસુ' પ્રાકૃતમાં થયું છે. વિશ્લેષથી 'માસુરી' થયું છે. આ શબ્દો ઉપરથી, ગુજરાતીના વિકાસ પરત્વે જાણીતા કોઈ નિયમ પ્રમાણે 'મૂછ' ન થઈ શકે. 'મસ્સુ' ઉપરથી પાછલા સ્વરના પ્રભાવે 'મુસ્સુ' એવો ઉચ્ચારભેદ પ્રચલિત થયો માનીએ, તો યે તે પરથી 'મૂસ', 'મૂંસ' થાય. 'સ'નો આ પરિસ્થિતિમાં 'છ' થયાનો કોઈ ખુલાસો ન આપી શકાય. 'શ્મશ્રુ' અને 'મૂછ'ને સાંકળવા જતાં આ બધી મુશ્કેલીઓ આવે છે. એમનો વ્યવસ્થિત ઉકેલ મળે તો જ વ્યુત્પત્તિ શાસ્ત્રસિદ્ધ ગણાય, નહિ તો તરંગ. આ અર્થમાં જ મેં 'મૂછ'નું મૂળ અસ્પષ્ટ હોવાનું કહ્યું હતું. બીજું જે કોઈ મૂળ સૂચવાય તેણે પણ પ્રાચીન સાહિત્યમાં થએલા પ્રયોગોની, વર્ણવિકાસની અને એવી કસોટી પાર કરવી જ રહી.

(મુંબઇ) —હરિવલ્લભ ભાયાણી

મુનશીનાં લખાણોમાંથી જ તારવીને આવો પરિચય કરાવવાની મૌલિકતા અભિનંદનીય લેખાય. જવાહરલાલ નેહરુનો તેમની જ વાણીમાં અપાએલો પરિચય એથી નવી ભાત પાડી ગયો; ને તે અંકનું કવર-ચિત્ર તો દુનિયાના મુદ્રણસાહિત્યમાં નેહરુ-સ્મૃતિને ચિરંજીવ કરે એવું પ્રદર્શનીય છે.

૪૭૫મે પાને (અંક ૪૯૨) પહેલી કટારમાં છેલ્લા પૅરામાં ગાંધીજીએ ૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી વિજયકૂચ કરી એવો નિર્દેશ છે ને એ પછી બારડોલી સત્યાગ્રહનો ઉલ્લેખ છે. શરતચૂક થઈ લાગે છે. બારડોલી સત્યાગ્રહ ૧૯૨૭માં, દાંડીકૂચ ૧૯૩૦માં.

હવે પૃ. ૪૭૭ પર છપાએલી છબી વિષે: 'સાહિત્ય સંસદ' ૧૯૨૭ની નહિ, પણ '૩૫ની. ૧૯૩૧-'૩૨ પછી સંસદની પુનર્ઘટના થઈ હતી ને થોડાક મર્યાદિત સભ્યો પરથી એની સભ્યસંખ્યા વધારવામાં આવી હતી. ૧૯૩૫માં એની સ્થાપનાને બાર વર્ષ થતાં 'દ્વાદશસત્ર મહોત્સવ' ઊજવવામાં આવ્યો હતો તે વખતની કાર્યવાહક સમિતિની એ છબી છે. એમાં જે નામો વિષે પ્રશ્નચિહ્ન છે તે ઓળખાવું:

ખુરશીમાં બેઠેલા: ડાબી બાજુથી (૧) શ્રી જયકૃષ્ણ ના. વર્મા, તંત્રી 'ગુણસુંદરી', બૅરિસ્ટર, નવલિકાકાર, લેખક; (૩) શ્રીમતી રસિકમણિ બાલમુકુન્દ દેસાઈ, ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળનાં વર્ષોથી મંત્રી; (૬) શ્રીમતી શીલાવતી દરૂ; (૭) શ્રી મણિલાલ નાણાવટી, સૉલિસિટર. બીજી હારમાં ઊભેલા: ડાબી બાજુથી (૨) જયંતીલાલ કાશીદાસ ઠક્કર, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, સંસદના તે વેળાના ખજાનચી; (૩) મનસુખલાલ ઝવેરી નહિ પણ આચાર્ય શંકરપ્રસાદ ઉત્તમરામ શુક્લ; (૮) શ્રી દેવીદાસ કસબવાળા; (૯) શ્રી રામપ્રસાદ મહેતા (૧૦) શ્રી હીરાલાલ મહેતા, સૉલિસિટર (૧૧) શ્રી મંગળદાસ મહેતા, સૉલિસિટર (૧૨) શ્રી પુરુષોત્તમ ત્રિકમદાસ, બૅરિસ્ટર.

ત્યારે 'સંસદ'નું મુખપત્ર 'કૌમુદી' હતું. તેમાં આ છબી છપાએલી: ૧૯૩૫ના ફેબ્રુઆરી અંકમાં 'ગુજરાત' ત્યારે બંધ હતું. પછી 'કૌમુદી' વેચાઈ ગયું ને 'ગુજરાત' ફરી શરૂ થયું.

(મુંબાઈ) —યજ્ઞેશ હ. શુક્લ

નવેમ્બર અંકમાં વૈકુંઠભાઈ મહેતા પરના પ્રા. નરોત્તમ વાળંદના લેખ (ને બીજાના એ વિષય પરના લેખો)માં એક ગંભીર ભૂલ જોવામાં આવે છે. વૈકુંઠભાઈ (અમારે બધાને મન શ્રી બટુકભાઈ) કૉલેજમાં હતા ત્યારે તેમને છેલવી અને મહાદેવ દેસાઈ—એ બે જ મિત્રો નહોતા; એક ત્રીજો પણ હતો, અને તે કનૈયાલાલ વકીલ (અમારે બધાને મન શ્રી ગલુભાઈ). મહાદેવ દેસાઈ આશ્રમમાં જોડાઈ ગયા પછી આ ત્રણની ત્રિપુટી હતી: બટુકભાઈ, છેલવી અને કનૈયાલાલ વકીલ. કનૈયાલાલ સુપ્રસિદ્ધ કલાવિવેચક હતા. તા. ૨૫-૧૧-'૩૭ ને દિને મૃત્યુ પામ્યા ત્યાં સુધી આ ત્રણ મિત્રો રોજ ને રોજ રાતે અંધેરીમાં મળવાના જ.

૪૯૨મા અંકમાંની 'સાહિત્ય સંસદ'ની છબીમાંનાં કેટલાંક નામ આપું છું.*

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

[* શ્રી યજ્ઞેશ શુક્લના પત્રમાં આવી જાય છે.]

ડિસેમ્બર અંકમાં છપાએલો સાહિત્ય સંસદના સભ્યોનો ફોટોગ્રાફ ૧૯૨૭નો નથી; ૧૯૩૩-'૩૪ આસપાસનો હોવાનો સંભવ છે.

મારા ખયાલ પ્રમાણે ૧૯૩૩ ઑગસ્ટમાં 'નર્મદશતાબ્દી' ઊજવાઈ તે પ્રસંગે—તે અરસામાં આ છબી લેવાઈ હતી.

તમે કેટલીક જગ્યાએ પ્રશ્નાર્થચિહ્ન મૂક્યાં છે. મને યાદ છે તેટલાં નામ આપું છું.*

(મુંબાઈ) —રમણ વકીલ

[* શ્રી યજ્ઞેશ શુક્લના પત્રમાં આવી જાય છે.]

'ડિસેંબર અંકમાં 'સિંહ' પરના લેખમાં ઉપરના ફોટામાં મારણના પેટમાંથી આંતરડાં ને મેલું ભરેલો ભાગ કાઢી દૂર મૂકવા જતો 'સિંહ' છે એના બદલે 'સિંહણ' જોઈએ.

શ્રી સુરસિંહજી લખે છે: 'સિંહ મારણ કર્યા પછી લોહી પીને માંસલ ભાગ પ્રથમ ખાય છે.' વસ્તુતઃ સિંહ અગર કોઈ પણ હિંસક શ્વાપદ લોહી બિલકુલ ચૂસતાં જ નથી. તે ભ્રમ છે.

મારા એક અમેરિકન મિત્ર Neil B. Todd (PH. D), Animal Research expert મને લખે છે: 'The lion does not suck blood. The teeth seldom penetrate any blood-vessel. The motion which appears to be sucking is really strangular death resulting from lack of air and shutting off of blood supply to brain. The lion usually eats part of the small intestine.'

(જૂનાગઢ) —દત્તાત્રેય મોરેશ્વર ફાટક

મને દાઢી અને હાથની આંગળીઓ ઉપર મસા થયા છે. વાચકો તેને મટાડવાનો ઉપચાર જણાવશે તો આભારી થઈશ.

(મુંબાઈ) —કે. જે. ભટ્ટ

મારા એક મિત્ર છે. એમને ગુજરાતીમાં લખાતા લેખો (ખાસ કરી વિજ્ઞાનના) પર વિશ્વાસ નથી. એમનું કહેવું છે કે આપણી ભાષામાં એવા વિષયની પકડ બહુ જામતી નથી. પણ ૪૯૨મા અંકમાં શ્રી સુશ્રુત પટેલનો લેખ વાંચીને તેમણે કબૂલ કર્યું કે આવા લેખો સાચે જ મારા જોવામાં આજ સુધી આવ્યા ન હતા. ભાષા ઉપરની એમની પકડ અને વિષયની જાણકારી સંતોષ આપે એવી છે.

એ જ અંકમાં ડૉ. મધુસૂદન પારેખની ગુજરાતીમાં ઉતારેલી વાર્તા પણ વાંચી અને પસંદ કરી. એ વાર્તાઓ પછીના વર્ષે પણ ચાલુ જ રાખશો. આવાં સુંદર લખાણો પ્રસિદ્ધ કરવા માટે આપને અને એના લેખકને અભિનંદન!

શ્રીસુશ્રુતપટેલના લેખમાં '$R\cdot CH(NH_2)$ cooh' છે, તેને બદલે $R\cdot CH(NH_3)$ COOH જોઈએ. જો કે આ તો દૂધમાંથી પોરા કાઢવા જેવું છે. લેખ સાથે ડૉ. પર્તી, ડૉ. પાઠક અને ડૉ. કૃષ્ણબહાદુરના ફોટો આપ્યા હોત તો સારું થાત. હું તો લાંબા સમયથી 'કુમાર'નો ચાહક છું, પણ આ તો મિત્રના પરિવર્તનને લીધે લખવા પ્રેરાયો.

(અમદાવાદ) —નવીનચંદ્ર ડી. શાહ

અંક ૪૯૧માં 'ગોબર ગૅસ પ્લાન્ટ' પરનો લેખ આપણા કૃષિપ્રધાન દેશ માટે ઘણો જ ઉપયોગી છે. છેલ્લાં ૧૦–૧૨ વર્ષોથી ગોબર ગૅસ માટે લખાણો આવ્યાં છે, પરંતુ તેનો જોઈએ તેટલો પ્રચાર સરકાર તરફથી થયો નથી. ભારતની જમીનમાં ખાતરના અભાવને લઈને ઊપજનું પ્રમાણ બહુ જ ઓછું થઈ ગયું છે ત્યારે ગરીબ ખેડૂતોને ગોબર બળતણ તરીકે વાપરવાની ફરજ પડે છે. આપણી સરકાર રાસાયણિક ખાતરો મગાવવામાં કરોડો રૂપિયા ખર્ચે છે, ગોબર ગૅસ પ્લાન્ટ બાબત દુર્લક્ષ રાખે છે. જો બધા પ્રાંતોમાં સારી રીતે પ્રચાર કરવામાં આવે અને ખેડૂતોને આર્થિક મદદ આપવામાં આવે તો ખાતર માટે સારી રાહત મળે અને ખેડૂતોને રાસાયણિક ખાતર કરતાં પણ ઉત્તમ ખાતર નજીવા ખર્ચે મળે.

લેખમાં એક જગ્યાએ છે કે વિકાસઘટક તરફથી રૂ. ૩૦૦ની મદદ આપવામાં આવે છે. મારા ખેડૂત મિત્રે બહેવાનના એક ગામમાં બ્લૉક ડેવલપમેંટ ઑફિસરને મદદ માટે પુછાવેલું, તો આફિસર પણ ગોબર ગૅસ પ્લાન્ટથી અજ્ઞાન હતા! મદદની તો વાત જ ક્યાં?

મેં ગૅસ પ્લાન્ટ બનાવ્યો છે અને મારી પાસે ખેડૂતભાઈઓ તરફથી મદદ માટે પૂચ્છા આવે છે. તેઓને ક્યાંથી મદદ મળી શકશે તે આપ જણાવશો તો આભારી થઈશ.

(કલકત્તા-૬) —માધવસિંહ આશર

[*દેવજી માંડણ ગાલા, ૧૨૨, ડૉ. મહેશ્વરી રોડ, મુંબાઈ-૯ (એ લેખના લેખક)ને પુછાવો.]

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો બીજો પત્ર આવ્યો છે. મૉડર્ન આર્ટના સંબંધમાં વિશેષ લખે છે: 'મને ચિત્ર, શિલ્પ આદિ કલામાં નવીનતાના સંવેદનનો તેમ સંવિધાનનો કોઈ વિરોધ નથી; વિરોધ છે કલાને નામે દંભનો, પાખંડનો, છળનો. કલા એ કલાકારની લીલા છે. પણ તેમાં રહેલી છે એના આત્મની લીલા. એમાં એની ઊર્મિ, તરંગ ને બુદ્ધિનું રસાયન થએલું હોવું જોઇએ. કલાકાર ને સમાજ વચ્ચે સમાન સંવેદનનો સંબંધ સ્થપાવો જોઈએ.'

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

ઑગસ્ટ અંકમાં 'પાનેતર' શબ્દ 'પરિનેત્રાંબર'નું પ્રાકૃત રૂપ માનવામાં આવ્યું છે.

'પાનેતર' પરિણીતાને હોય છે; એટલે કે કન્યાનાં લગ્ન ચૉરીની આજુબાજુ ફરીને થયાં હોય છે તેને હોય છે. (જે ચોરીની આજુબાજુ નથી ફરતાં તેવાં જોડાંના લગ્ન 'નાતરું' [નિતૃ] કહેવાય છે.) આવી પરિણીતાનું અંબર તે પરિણીતાંબર, અને રહે તે 'પાનેતર'માં

પરિણમ્યું. 'નેત્રાંબર' ને 'પરિ' ઉપસર્ગ શા માટે લગાડવામાં આવ્યો તે સમજાયું નથી.

વળી, પાનેતરમાં 'છૂંદણાં' કે ટપકાં હોતાં નથી, તદ્દન શ્વેત અને પાલવ લાલ હોય છે; એટલે 'પરિનેત્રાંબર'માંનો 'નેત્ર' શબ્દ ત્યાં બંધ બેસતો નથી. માટે પણ 'પરિણીતાંબર' એ વધારે બંધબેસતું મૂળ છે.

પાન ૩૩૬ 'બાઈ બાઈ ચારણી'માં 'ચાળણી' શબ્દ શુદ્ધ છે :–'ચાળવું' ક્રિયાપદ ઉપરથી.

'મેમણ' મોમીન પરથી ન ઊતરી આવ્યાનું લખ્યું છે, કારણ કે 'ન'નો 'ણ' તે ભાષાવિપર્યયમાં થતો નથી. પણ 'પાલનપુર'ને ઘણા 'પાલણપુર' પણ કહે છે; એટલે 'ન'નો 'ણ' બોલનારાઓએ કર્યો છે, ભાષાથી થયો નથી.

(નડિયાદ) —પ્રાણશંકર ગ. દવે

નવેમ્બર અંકમાં મારા માથાની બીમારીનો ઇલાજ શ્રી નટવરલાલ વૈદ્યે બતાવેલો. તે દવાથી મને ઘણો ફાયદો થયો છે. એમનો આપના પત્ર દ્વારા આભાર માનવાની રજા આપશો. આપે જે જોગવાઈ કરી આપી તે બદલ આપનો આભાર માનું એટલો ઓછો છે.

(વિલેપારલે) —પુરંજન ધીરજલાલ

મોં પર પડેલા ખીલના કાળા ડાઘ દૂર કરવા માટેની દવા કોઈ વાચક ભાઈ સૂચવશે તો આભારી થઈશ.

(પાળજ) —અરવિંદભાઈ આઈ. પટેલ

'કુમાર'નો હું છેલ્લાં ૩૫ વર્ષ થયાં એકધારો વાચક છું, 'કુમાર'નો હિતેચ્છુ છું, વિરોધી તો જરા ય નહિ. છતાં એટલું કહેવા દો કે કુમાર એટલે ૨૦-૨૫ વર્ષની વય સુધીના અને આવતી કાલનાં નાગરિકો. હવે એ કુમારોમાંના કેટલા 'કુમાર'માં આવતાં આધુનિક કાવ્યોનો રસાસ્વાદ માણી શકે છે? મત લઈ જોજો! પાંચ ટકા આવે તો પ્રભુનો પાડ. એટલે એ કાવ્યો 'કુમાર' માટે નહિ, આવતી કાલનાં નાગરિકો માટે નહિ પણ પીઢો, નાગરિકતરીકે પણ જે રીઢા થઈ ગયા હોય, તેવાઓ માટે હોય એવું વધારે દેખાય છે, અને તેવા પીઢોમાંના પણ ૧૫ થી ૨૦ ટકા જે પોતાને સાક્ષરમાં ખપાવવા લમણું દાબતાં કાવ્યોના અર્થ બેસાડે છે તે. અને એકી વખતે બધાં કાવ્યો વાંચતા હશે કે કેમ તે પણ એક પ્રશ્ન જ રહે છે. દલપતરામની, કલાપીની અને એવા કેટલાકની કવિતાઓ હૃદય સોંસરવી ઊતરી જાય છે, દિલમાં વસી જાય છે, વર્ષો પછી પણ ભુલાતી નથી, અને એકાદ લીટી જ્યારે ત્યારે ગણગણવાનું મન થયા જ કરે છે. 'કુમાર'માં હમણાં આવતાં કાવ્યોમાંનાં કેટલાં કોણે મોઢે કર્યાં હશે? કોઈએ પણ એકાદ મોઢે કર્યાનો પ્રયત્ન કર્યો હશે કે કેમ તે પણ શંકાસ્પદ છે. પછી દિલમાં વસવાની કે લાંબો વખત યાદ રહેવાની તો વાત જ ક્યાં કરવી? ત્યારે શું 'કુમાર'નું પાનું દર માસે કવિઓ માટે જડબાંતોડ સંસ્કૃતમય શબ્દો વાપરી શબ્દની સાઠમારી કરવાનું મેદાન છે? કવિઓને ઉતારી પાડવા માગતો નથી. બીજાં માસિકોમાં ભલે શોભે, પણ જેનું નામ જ 'કુમાર' છે, અને જે કુમારો એટલે આવતી કાલનાં નાગરિકો છે તેવાઓ માટેના માસિકમાં તો આ કાવ્યોને 'લમણાંઝીક કે આડાંઅવળાં વાક્યો'ના નામથી સ્થાન આપો તો ભલે; બાકી કુમારો માટેનાં કાવ્યો તો એ નથી. જેમ અત્યારની કળા એટલે આડાઅવળા, ગોળ–ઊભા લીટા, તેવું જ કાંઈક કાવ્યોનું પણ છે. આ બાબતમાં 'કુમાર'ના વાચકોનો મત પૂછો તો કેમ?

(મુંબઇ) —K. M. U.

લોકપ્રિય નાટ્યકાર અને કવિ. સ્વ. શ્રી મૂળશંકરહરિનંદ મૂલાણી અને તેમનાં નાટકો પર હું મહાનિબંધ તૈયાર કરું છું. એમનાં નાટકો તથા એમના જીવન વિષેની નોંધપાત્ર માહિતી તથા સામગ્રી કોઈ પાસે હોય, અથવા તો એમનાં નાટકો જેમણે જોયાં હોય, એ નાટકોની સમાજ પરની અસર વિષે કંઈ દૃષ્ટાન્તોનો ખયાલ આપી શકે તેમ હોય, તેમજ તેમના થોડાઘણા પરિચયમાં પણ આવ્યા હોય તેમને નીચેના સરનામે જણાવવા વિનંતી છે.

-દીનેશ હ. ભટ્ટ

૮૩, શાન્તિનિકેતન, ૩૨૨, વિન્સેન્ટ રોડ
મુંબઈ-૧૯

થોડા સમય પહેલાં 'કુમાર'નો ૧૦૦મો અંક ધરાવતી ફાઈલ હું મેળવી શક્યો; જે જોતાં જણાયું કે 'આવતી કાલનાં નાગરિકો'ના ઘડતર માટે 'કુમારે' આપેલો ફાળો તે નાનોસૂનો નથી. કલાની કદર કરવામાં 'કુમાર' કદી પાછળ રહ્યું નથી. તે કોઈ ઘરેડમાં બંધાઈ રહ્યું નથી, નવા પ્રયોગોને આવકાર્યા છે, છતાં પોતાની આગવી ખાસિયતો ય જાળવી રાખી છે. અને આથી 'કુમાર'ના ચયનગ્રંથની જે જાહેરાત થઈ છે તેને હું આવકારું છું.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

કુમારનાં ત્રણ-ત્રણ કે પાંચ-પાંચ વર્ષની ચૂંટણી એક ગ્રંથમાં છાપવાની યોજનાને વાચકોનો આવકાર મળ્યો જ હશે. એ ગ્રંથ

પ્રગટ થાય તો મારું નામ નોંધી લેશો.

૫૦૦મો અંક ૩૦૦મા અને ૪૦૦મા અંક કરતાં પણ સુંદર અને વિશિષ્ટ બને એવી અભિલાષા. દસ વર્ષનું સાંકળિયું ૫૦૦મા અંકની પૂર્તિ રૂપે પ્રકટ કરવાનું સૂચન સરસ છે. –જો બની શકે તો, જો કે જેને એવી અગત્ય લાગે તે તો જાતે જ નોંધ કરી લેતા હશે.

(ગ્રા. નં. ૬૪૨) —જયંતી પંચાલ

૪૮૯મા અંકમાં શ્રી. કે.પી. જાદવે જે સૂચન કર્યું છે, અને તે પછીના બીજા અંકોમાં અન્ય વાચકોએ અનુમોદન આપ્યું છે તે, ત્રણ ત્રણ વર્ષની ચૂંટણી એક ગ્રંથમાં મૂકી સંકલિત ગ્રંથ બહારપાડવામાં આવે,તો તેને સારો આવકાર મળે. હું પણ મારું નામ એવો ગ્રંથ ખરીદવા નોંધાવું છું. શતરંજ વિષેના પુસ્તક બાબત પણ અત્યારથી ગ્રાહક છું એમ માની લેશો.

(સાવરકુંડલા) —જયંતીલાલ પંડ્યા

'શતરંજ'ની લેખમાળા પુસ્તક આકારે પ્રસિદ્ધ કરવાનો વિચાર આવકારપાત્ર છે.' કુમાર'માં જગ્યાની તંગીને લીધે ટૂંકમાં આવે છે, તે પુસ્તકમાં વિસ્તૃત રૂપે આપી શકાય. વળી, આ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીએ શતરંજની રમતને સ્થાન આપ્યું છે અને આંતર-કૉલેજ સ્પર્ધા પણ ગોઠવી છે.તેથી પુસ્તકની માગ રહેશે.

(સુરત) —સતીશ દલાલ

મારે 'કુમાર' અંક ૪૫૭ (જાન્યુઆરી ૧૯૬૧)ની જરૂર છે. જેમને આ અંક વેચવા ઇચ્છા હોય તેમને કિંમત સાથે મને જણાવવા વિનંતી છે. –તુલસીદાસ છગનલાલ શાહ, મુક્તાગંગા, ભાવનગર.

'કુમાર'માં નાટકોની ચર્ચાની રીતે 'નાટકના સ્વરૂપ'ની ચર્ચા થતી હોય તો તેને સારો આવકાર મળી શકે. શ્રી ચન્દ્રવદન મહેતા પોતાની કૃતિ 'આગગાડી' માટે પોતાનું મંતવ્ય વધુ સ્પષ્ટ રીતે રજૂ કરે તો કૃતિ શીખનારને ઘણો લાભ મળી શકે.

(બીલીમોરા) —કુસુમ દેસાઈ

મારી પાસે છેલ્લાં પાંચ-છ વર્ષના 'કુમાર'ના અંકો વધારાના છે. જેને જરૂર હોય તે મારો સંપર્ક સાધી શકે. —પ્રવીણ મોદી
૮/૧ બી, જતીન્દ્રમોહન ઍવન્યૂ, કલકત્તા-૬

વાચકો પ્રત્યેનું આપનું વર્તન યોગ્ય છે? વાચકોનો આટલો રસ તથા પ્રેમભર્યાં સૂચનો કેટલાં અમલમાં મૂકયાં છે? પૈસા તથા અધિકારી લેખકોના બહાના હેઠળ બધાં સૂચનો પડતાં મૂકી દીધાં છે, મારા પોતાના જ સૂચનના (અંક ૪૯૦) બારામાં આપનો શો જવાબ છે? 'સ્ટડી સર્કલ' જરૂર રચી શકાય. ભલે કલકત્તામાં નહિ, પરંતુ અમદાવાદમાં 'કુમારે' કર્યું છે? 'કુમાર'ના કલકત્તામાં કેટલા ગ્રાહકો છે? તેનાં સરનામાં પ્રકાશિત થઈ ન શકે?

(કલકત્તા) —પ્રકાશ મોદી

[*પોતાનું સૂચન ન સ્વીકારાય એટલા ખાતર ઉશ્કેરાઈને સામાની પ્રામાણિક મુશ્કેલી વિષે આવા અનુદાર થવું શોભે?]

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માંના એક ખબરની કાપલી બીડી છે. તે પ્રમાણે (અમેરિકન સાપ્તાહિક 'ટાઈમ'ના પૂઠા ઉપર ઈસુના દરેક વર્ષારંભે 'મૅન ઑાવ ધ ઇયર'–વર્ષની વ્યક્તિવિશેષ–નું ચિત્ર છાપવાનું) 'કુમાર' કરે તો?

હિંદી–આપણી રાષ્ટ્રીય ભાષામાં 'કુમાર'ના સંચાલકો જો માસિક કાઢશે તો 'કુમાર' એક વિરાટ પગલું આગળ ભરશે. તમે કદાચ 'પૈસા'ની વાત આગળ ધરશો. જો કે એ એક મોટી મુસીબત તો છે જ, છતાં અમદાવાદ–ગુજરાતનું પાટનગર, જ્યાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં 'હિંદુસ્તાનની ધનલક્ષ્મી વસી છે' ત્યાં આવા કામ માટે પૈસા ન મળે એ દુ:ખદ બીના છે. ખેર! આવી બાબતોમાં તમારો અનુભવ વધારે છે. મેં તો 'કુમાર'ના કુટુંબી તરીકે લખ્યું છે.*

(મુંબાઈ) —નટવરલાલ શર્મા

[*હિંદી આવૃત્તિનું સ્વપ્ન તો ત્રણેક દાયકા જૂનું છે. તે માટેની અમારી મુશ્કેલી આપ પ્રીછી ઉશ્કેરાઈ ન ગયા તે માટે આભાર. અમારાં સ્વપ્નો વિષે અમે હજી હતાશ થયા નથી. ઈશ્વર કોઈકને સદ્બુદ્ધિ સુઝાડશે.]

'કુમાર' માટે કંઈક કરવું જોઈએ એ ભાવના સતત રહ્યા કરે છે, પરંતુ સંજોગવશાત્ એ શક્ય નથી બનતું. છતાં મિત્રમંડળ સાથે ગપ્પાં મારતાં એક વિચાર આવ્યો: 'કુમાર' ૫,૦૦૦ એવાં ઘરાક મેળવે, જે દરેકની પાસેથી આજીવન સભ્યપદના રૂ. ૨૦૦) લેવા. 'આજીવન' એટલે 'કુમાર' જીવે ત્યાં સુધી. તો એ ૫૦૦૦ સભ્યનું ભંડોળ રૂ. ૧૦,૦૦,૦૦૦ થાય, જે દસ લાખ બૅન્કમાં મૂકતાં, સામાન્ય રીતે વ્યાજનો દર ૬ ટકા ગણીએ તો રૂ. ૬૦,૦૦૦ થાય. એમાંથી 'કુમાર' ચાલે અને દસ લાખ રૂપિયા અનામત રહે. અને પછી તો 'કુમાર'નું સ્થાન દરેક રીતે મોખરે રાખી શકાય: તેના કાગળ, ટાઈપ, તેને અપાતો ઉઠાવ વગેરે. અને મને લાગે છે કે એક વખત તો 'ટાઈમ'ની હરોળમાં મૂકી શકાય. પછી તો ધીરે ધીરે 'કુમાર-ભવન'નો પાયો પણ નાખી શકાય. અલબત્ત, આને માટે દરેકે જરૂર મહેનત કરવી રહી. મને આશા છે કે 'કુમાર'ના વાચકો જરૂર આ સહર્ષ વધાવી લેશે.

જો આ યોજના અમલમાં લાવવી હોય, તો હું આવાં ૨૫ વાચકો મેળવવા પ્રયત્ન કરીશ. મુખ્ય આકર્ષણ એ છે કે આ યોજના સ્વીકારે તેને ઘેર 'કુમાર' પેઢી દર પેઢી આવ્યા જ કરે.

લગ્ન પ્રસંગે સામાન્ય રીતે શી ભેટ આપવી એ એક પ્રશ્ન હોય છે. અને આવી ભેટ ઘણાયને ગમે જ, જે ચિરંજીવ છે.

(મુંબાઈ) —દિનેન્દ્ર કારિયા

શેક્સપીઅર વાર્તાવલિ ચાલુ રહેવી જોઇએ. વાચકોએ એને આપેલો આવકાર જાહેર છે, છતાં ડૉ. મધુસૂદન પારેખ અંદેશો કેમ બતાવે છે? बलवदपि शिक्षितानामात्मन्यप्रत्ययं चेतः।

(વડોદરા) —ભોગીલાલ સાંડેસરા

'રોમિયો અને જુલિયટ' માટે ડૉ. મધુસૂદન પારેખને ઘણાંઘણાં અભિનંદન. શેક્સપીઅરનો મૂળમાં આસ્વાદ જેઓ નથી લઈ શક્યા તેઓને માટે આ વાર્તાંતરમાળા અતિ ઉપકારક થઈ પડશે. આનાથી આ સાહિત્યનો પરિચય નવી પેઢીને માટે ઘણો લાભદાયી થશે. આ વાર્તાઓ ગ્રંથસ્થ પણ થાય એ જરૂરી છે. આ રીતે પરદેશી સાહિત્યનો ગુજરાતીમાં પરિચય કરાવવાની જરૂર 'કુમાર' પિછાને તો તેને સારો આદર મળે.*

(મુંબાઇ) —યજ્ઞેશ હ. શુક્લ

[*આપ જણાવો છો એ ઉદ્દેશથી પુસ્તક રૂપે પણ અમે છાપવાના છીએ. આદર-બાદરની વાત તો કોણ જાણે! 'સુકાની'નું 'દેવો ધાધલ' છાપવા માટે પણ કેટલી બધી માગ હતી! આજે એ બધી માગ અલોપ થઈ ગઇ છે.]

શ્રી મધુસૂદન પારેખનાં વાર્તાંતરો મઝાનાં છે અને તે ચાલુ રહેવાં જોઇએ. મુકુંદ પારાશર્યે લખતા બંધ થયા એ ન ગમ્યું. 'લઘુકથા' સારી આવે છે.

(ગોંડલ) —દેશળજી પરમાર

શ્રી મધુસૂદન પારેખને નમ્ર વિનંતિ ન પહોંચાડો? અંગ્રેજી શિક્ષણના લોપના આ યુગમાં આખા નાટકોનો આસ્વાદ ગુજરાતમાં કોણ માણશે? તો ઓછા ભણેલા માટે પણ તમારી Lambs' Tales જેવી રસળતી વાર્તાંતરમાળાનો આસ્વાદ કૃપા કરી બંધ ન કરતા! ચાર પાનાંમાં આખું નાટક સમાવવાની શી તમારી કળા!

(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

શેક્સપીઅરનાં અવશેષ નાટકો નીરસ અને કંટાળાજનક લાગશે એવી વાર્તાંતરકારની દલીલ વિષે: અવશેષ કૃતિઓમાં ભલે તત્ત્વ કંઈક ફિક્કું હશે. પણ ડૉ. પારેખ જેવા કલાકસબી તે શોભાવશે.

(અમદાવાદ) —કુ. જયેન્દ્રા રામોલિયા

'કુમાર' હાથમાં આવતાં ડૉ. મધુસૂદનની કલમે વાર્તાન્તરિત શેક્સપીઅરની કૃતિનો લેખ છે કે નહિ તે પ્રથમ જોવાય છે. અંગ્રેજી સાહિત્ય અને તેમાં ય શેક્સપીઅર મારો પ્રિય વિષય છે. વાર્તાંતરકારની કલા અદ્વિતીય છે. ભાષાન્તર કરવાના સિદ્ધાન્તોનું તેમાં સંપૂર્ણ પાલન થાય છે, જે ઊગતી પેઢીને અનુકરણ યોગ્ય છે. શુદ્ધ અને સમૃદ્ધ ગુજરાતી ભાષામાં અંગ્રેજી સાહિત્યનું માખણ તારવવામાં ડૉ. પારેખની કલમ બાજી મારી જાય છે.

મહાવિદ્યાલયોમાં શેક્સપીઅરની કૃતિઓને સ્થાન મળ્યું હોય છે, જેનો અભ્યાસ કરવામાં આ સંક્ષેપ ઠીક ભાન કરાવ્યા વગર રહેતો નથી. વળી એ મારફત પશ્ચિમનું સુવાસિત સાહિત્ય ગ્રામજનતા સુધી પહોંચી શકે છે તે નાનોસૂનો સાહિત્યનો ફાળો નથી.

(ખડા) —એચ. એસ. પટેલ

ડૉ. મધુસૂદન પારેખે એ નાટકોને એવી રઢિયાળી શૈલીથી વાર્તામાં નિરૂપ્યાં છે કે એ સ્વરચિત લાગે. એ વાર્તાંતરમાળા અટકતાં તો ખટકો રહી જશે! 'કુમાર'માં ઘણું બધું આવે છે અને એના અભ્યાસને લીધે અમે પ્રગતિ સાધી શક્યા છીએ. ક્રિકેટવીરો વિષે હવે થોડો પરિચય દર અંકે અપાતો રહે તો મારી જેમ ઘણાને ગમશે.

(ધાણી) —અનુપસિંહ પરમાર

શેક્સપીઅરના વાર્તારૂપાંતર માટે 'કુમાર'-ની આતુરતાથી રાહ જોઈએ છીએ. એટલે રૂપાંતરો અપાવાનું ચાલુ જ રહે તેમ ઈચ્છીએ છીએ. જ્યારે શેક્સપીઅરને નામે ચડેલાં 'બધાં' નાટકો પૂરાં થઈ જાય ત્યાર પછી કાલિદાસ અને અન્ય સંસ્કૃત કવિઓનાં નાટકોનાં વાર્તારૂપાંતર આપીને પણ આ લેખમાળા ચાલુ રાખવા આગ્રહ છે.

(ડસા) —જેઠીરામ રામાનુજ

શેક્સપીઅરનાં નાટકોની વાર્તાંતરમાળા ઘણી જ સુંદર છે. એ નાટકોની મૂળ કૃતિ વાંચવા જેટલો સમય ન હોય તેથી તો ઠીક, પણ 'કુમાર'ની રીતે અને ધોરણે એ અનુવાદ-વાર્તા બીજે ક્યાં ય મળે તે સંભવિત નથી. આ વાર્તાંતરમાળા ચાલુ જ રાખવાની વ્યવસ્થા કરશો.

અગાઉ દેશવિદેશનાં સાહિત્યમાંની ઉત્તમ કૃતિઓના અનુવાદ 'કુમાર'માં અપાતા હતા. ગમે તે કારણસર તે બંધ પડી ગયા. તે ફરીથી શરૂ ન કરી શકાય? વિશ્વસાહિત્યનું કદ અત્યારે એટલું મોટું થઇ ગયું છે કે સાહિત્ય જેનો ધંધો ન હોય તેને માટે ભારે પડી જાય છે. એમાંની શ્રેષ્ઠ વસ્તુઓ 'કુમાર'માં નિયમિત આવતી જાય તો મારા જેવાઓને તે ઘણું જ ગમશે.

લઘુકથાઓ કોઈકને ન ગમી. મને તો લાગે છે કે એ માનવસ્વભાવના અથવા માનવસર્જિત સંજોગોના કોઇ એક પાસાનું જે દર્શન કરાવી જાય છે તે સચોટ તથા વેધક હોય છે.

'શેરલૉક હોમ્સનું અવસાન થઈ ગયું!'

પોતાના કટ્ટર શત્રુ પ્રોફેસર મોરીઆર્ટીને હાથે એ મહાન ડિટેક્ટિવ માર્યો ગયાના આ સમાચાર ઈ. ૧૮૯૩-ના ડિસેમ્બરમાં ત્યાંના માસિક 'સ્ટ્રૅન્ડ મૅગૅઝીન'ના અંકમાં પ્રકટ થતાં વેંત જ વાચકોના વિરોધનો એવો તો જબ્બર વંટોળ ઊઠ્યો કે એ ડિટેક્ટિવ પાત્રના સર્જક નવલકથાકાર આર્થર કૉનન ડોઇલ તો આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા! ઐતિહાસિક નવલકથાઓ લખવા પાછળ બધું ધ્યાન રોકવાની તીવ્રેચ્છા હોવાથી તેણે સ્ટ્રૅન્ડની એ (છેલ્લી) વાર્તામાં શેરલૉક હોમ્સનું મૃત્યુ આલેખ્યું હતું.

પણ એને ખયાલ નહિ કે શેરલૉક હોમ્સ તો એટલો ઘરગથુ થઈ ગયો હતો કે ઘણા વાચકો તો એને જીવતોજાગતો માનવી માનતા! એને સજીવન કરવાના લોકોના આગ્રહના આ વંટોળ આગળ લેખકને નમતું પડ્યું અને ત્યાર પછી એની ઘણી વાર્તાઓ એણે લખી. ત્યારથી એ ડિટેક્ટિવ અંગ્રેજી સાહિત્યનું અમર પાત્ર બની ગયો છે.

(ડૉ. પારેખની ક્ષમાયાચના સાથે)

નેતૃત્વ-શિબિર જેવો જ (ગ્રૅજ્યુએટ્સ) કૅમ્પ અમારી (વિલ્સન) કૉલેજ તરફથી યોજાયો હતો. એમાં મેં ભાગ લીધેલો તે પરથી શ્રી બબાભાઈ પટેલનો લેખ પરિચિત લાગ્યો. કોઈ કૉલેજો આવા શિબિરો ગોઠવતી હોય તો સારું.

(પોરબંદર) —શિવજી કાટબામણા

ડૉ. મધુસૂદન પારેખે શેક્સપીઅરનાં નાટકોનો રસાસ્વાદ ગુજરાતને બહુ જ સરસ રીતે કરાવ્યો છે. અંગ્રેજી કે પરદેશી ભાષાના ઊંડા અભ્યાસીઓ પાસેથી ગાંધીજી જે અપેક્ષા રાખતા તે ડૉક્ટર પારેખે પૂરી કરી છે એમ મને લાગે છે. શેક્સપીઅરનો રસાસ્વાદ મેળવવા માટે બધાએ અંગ્રેજી શીખવાની જરૂર નથી પણ ડૉક્ટર જેવા વિદ્વાન તેને ગુજરાતી ભાષામાં સુલભ બનાવે એ જરૂરી છે. એ નાટકોને ગુજરાતીમાં રજૂ કરવાની તેમની હથોટી અદ્ભુત છે. નાટકનો કથારસ પૂરેપૂરો જળવાયો છે. તેથી સહેજે મન થાય છે કે ડૉક્ટર પારેખ બાકીનાં નાટકોનો રસાસ્વાદ પણ ગુજરાતની જનતાને ચખાડે એ ઈષ્ટ છે. એ બધી કથાઓ પુસ્તકરૂપે પણ 'કુમારે' પ્રગટ કરવી જોઇએ.

(વલસાડ) —લલ્લુભાઇ મકનજી

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

વધુ જર્મન પત્રમિત્રો

પત્રમૈત્રી માટેના જર્મન સામયિક Beaconમાં સૂચવાએલું 'કુમાર'નું નામ વાંચીને ભારતના કુમાર-કુમારીઓ સાથે પત્રમૈત્રી બાંધવા ઇચ્છતાં જર્મન તરુણોના પત્રોનો જે ધોધ અમારા ઉપર આવ્યો છે તેમાંના ૮૨ નામ અમે ગયા અંકમાં આપ્યાં હતાં. તેના અનુસંધાને આગળ બીજાં નામ આપીને ફરીથી ઇચ્છીએ છીએ કે 'કુમાર'ના વાચકો ભારતની શાન સચવાય એ રીતે તેમની સાથે (અંગ્રેજીમાં) પત્રવ્યવહાર કરશે. દરેક સરનામાને છેડે Germany શબ્દ ઉમેરી લેવો.

(83) Elizabeth Meurer, 556, Wittlich/Mosel, Unterm Afferbery 34; (G-15); music, sports, stamps. (84) Elvira Lachmayr, 8871, Wettenhausen st. st. Thomasschule, Deutschland; (G-15); dancing, sports, music, travelling. (85) Angelika Steinbock, 8871, Wettenhause St. Thomasschule, Deutshland (G-15); dancing, sports, music, travelling. (86) Elke Holtmann, 46- Oberaden/Westfalen Am Kastellgraben 1; (G-15); reading, stamps and music. (87) Angela Nowak, 8591, Fuchsmuhl, Oberpfal 2; (G-15); general interests. (88) Regine Schuster, 807, Ingolstadt/Donau, Feldkirchenerstrasse 63, Bayern; (G-17); reading, piano-playing, theatre plays, coins, swimming, dancing. (89) Saskia Winters, Klosterstiege 14 A, (4432) Gronau/West F ; (G-15); reading, swimming, dancing, pop-music, travelling, languages. (90) Maria Hille, 4408, Dulmen, Brokenerstrabe F. F; (G-15); swimming, dancing, reading, records. (91) Waltrand 29, Basmarm, Oldenburg, Windukindstr. 6 West Germany; (G – 18); general interests. (92) Kathe Meeinriches, 5308, Rheinbach, postpack, 148, Germany; (G-16); Hobbies-reading, dancing, swimming, music. (93) Hildegard Klapperich, 5308, Rheinbach, Post pack 148, Germany; (G-); pop-music, riding, reading, swimming, films. (94) Evelyn Kalemba, Burglengenfeld den, Fruhlengstr. 3, Germany; (G-15); reading, swimming, music. (95) Hansjaj Reif, 42, Oberhausen, Kuhle 31; general interests. (96) Ursula Bestler, 8601, Batzenhofen/Augsburg, Siedlung 93, Germany; (G-15); skiing, stamps, mathematics. (97) Maria Mueller, 8992, Wasserburg/B, Hege 7/½; (G-15); sketing, reading, table-tennis, beatles-fan. (98) Sonja Friedl, 8992, Wasserburg/B, Hauptstr 10½, Germany; (G-15); stamps, reading, music. (99) Renate Thaller, 8992, Wasserburg/BO Nonnenhorner str. 51 (G-15); general interests (100) Brigitte Meyer, 6718, Grunstadt/PFALZ, Uhlandstr. 22, Germany; (G-16); stamps, swimming, gymnastics, reading, recording of American, singers. (101) Olaf-Georg Issinger, 6220, Rudesheim/Rh., Wilhelmstr. 27, Germany; sports, collecting stamps, reading. (102) Helmi Dorner, 8806, Neuendettelsau, Realgymnasium, Gruppe 3; (G-14); Hobbies-reading, dancing, sports, postcards. (103) Regina Groch, 8806, Neuendettelsau, Realgymnasium, Gruppe 3; (G-14); reading, dancing, sports. (104) Peter Ulrich Steul, 6148, Heppenheim/Bergstr. Konigsbergerstr. 13/Ist; photography, reading, swimming, coins. (105) Resemarie Sirtl, 8311, Niederviehbach, Interenat. St. Maria; (G-16); reading. (106) Franziska Frauzl, Madchoninternat, 8151, Dictrauszell, Post Halzkirchen; (G-18); classical music, jazz, films, books, sports, stamps. (107) Rito Neuhausen, 5208, Eitorf/Sieg Scheidsbacher Weg, Waldhaus, Germany; (G-15); sports, swimming, tennis, travelling, reading, dancing, photography. (108) Dorothea Wild, 867, Hof, Richarct-Wanger Str. 62, Deutschland; (G-14) reading, stamps, (109) Framgard Julke, 4920, Lemgo/Rippe, Gr. Schraturg 33; (H-16) correspondance. (110) Gertrud Seibert, 6662, Contwig/Pfalz, Feld str. 28; (G-16); reading, sports, music, postcards, riding. (111) Christel Paul, 6662, Contwig/Pfalz, Pirmasenser Strobe 66; (G-16); postcards, music, sports, stamps. (112) Gudrun Hettingex, 7902, Blaubeuren, Schlorsuresen 1; (G-14); stamps, modern music, reading. (113) Winfried Hamann, 7917, Vohringen/Jller, Falkenstr. be 5; (B-15); correspondance (114) Marianne Volkmann, 8782, Karlstadt, Groben str. 14; (G-14); reading, swimming, drawing, foreign countries. (115) Rita Weber, 8351, Retteubach 26, P. Nattemberg, Bavaria; (G.-15); customs and religions, viewcards, photography, stamps, sports. (116) Monica Chrysand, 5308, Rheinbach, Tourlaerger str. 31; (G-17).

(117) Josefire Mallberg, Rheinbach, Putastr. 13; (G – 17); (118) Margret Moog, 5309, Fritzdorz b/Bonn, Eckendorfer str. 44; (G-17); (119) Werner Kerscher, 8, Munchen 8, Kirchen str. be 6, (B-18); sports, music. (120) Gerhard Eder, 8, Munchen 8, Kirchens trasse 6; (-18) view-cards, tourists' folders, music. (121) Ulrike Schmitt-Krings, 555, Bernkastel Kues/Mosel, Cusanus str 4; (G-15); animals, sports, riding, cooking. (122) Anna Thallmain, 8898, Schrobenhausen, Engl. Institut, Lenbachstr. 32; (G-16); reading books, sports, dancing. (123) Helga Knecht, 707, Schwabisch Gmund, Scheudbergstr. 12; (G-15); music, stamps, sports, animals. (124) Ingrid Walter, 8761, Laudenbach/Main, Main stra. be 9; (G-15) stamps, swimming, modern music, read-

ing, viewcards. (124) Ruth Nick, 54, Kohenrollem str.: 15-17; (-15); stamps, coins, reading. (126) Steffeh Zufle, 7292, Baiens 610 nn, Postfadi 85; (B-13); travelling, reading, fresh water fishes, stamps. (127) Sisela olf, 8761, Eichenbuhl, Feldtorgasse 100; (-16); sports, music, dancing. (128) Hildegard Gernbachev, 7000, stuttgart-Bad Cannstatt, Prag str. 154; (-18); general interests. (129) Brigitte Bornet, 7, Stuttgart 1, Garghofer str. 24; (-18); swimming, collecting match-boxes, dolls and little animals, reading, dancing. (130) Gabriele Krqment, 4132, Kamp-Lint fort, Moerser str. 233; (-15): sports, reading, music.

મારું નામ-સરનામું પરદેશના એક મૅગૅઝીનમાં છપાયું હતું તેનાથી મને અસંખ્ય પત્રમિત્રોના પત્રો આવ્યા છે, જેના જવાબ આપવા મુશ્કેલ છે. તેઓ ભારતના લોકો જોડે પત્રમિત્રતા ચાહે છે; તો આપના પત્રમિત્ર વિભાગમાં નીચે મુજબ સરનામાં છાપશો તો આભારી થઈશ. (પ્રત્યેક નામ-સરનામા પછી કૌંસમાં M (પુરુષ) અને F (સ્ત્રી) પછી ઉમરનો આંકડો દર્શાવ્યો છે.) —શશીકાન્ત પટેલ

(1) J. Ndubaisi, 24 Qwodunni st. Mulshen LAGOS, Nigeria (M-19) Postcards, stamps, travelling.(2) ·Eugene Ekebosi, A3 Ali Ka3ance Street, JOS (Nigenia); (M-17) general interest. (3) Palle B. Edobor, 13 yoruba Str, Benincity (Nigeria); (M-15) travelling, stamps. (4) Jimoh Alumu Nuru, 14 Salu Court, E.B LAGOS, (Nigeria); (M-17) stamps, cards, singing. (5) Owolabi Osasanya 6 Eiltll-1 washe str, LAGOS, (Nigeria); (M-16) Swemming, sports, stamps. (6) John O llyeh, No 27 market Ra; WARRI, (Nigeria); (M-16) twist, music, sports. (7) Latitn abiola, P. O. Box 1344, IBADAN (Nigeria); (M-21) general interest. (8) Ola adenowo, cie F. A. O, P. O. Box 53, GUSAO (Nigeria); (M-16) stamps, music. (9) Raplli A fijabi, 23 mabere st. LAGOS; (M-17) photography. (10) Oluwola Oyelakr, Nw 2/6 gle Balogun Ayeye, IBADAN, (Nigeria); (M-15) stamps, footwall. (11) Mistllra olayicle, 18 A model Str., Odi Dlowo NUSHIN, (Nigaria); (F 15), Swimming, netball. (12) Josheph ofomi, Cath. Soc. Mod. School, Box 10 KWALE (Nigeria); (M-16) Sports, travelling. (13) O. U. Nwankwo, P. O. Box 33, ABA (Nigeria); (F-17) travelling, sports,, twist. (14) Vincent Oeanlli, 69 clifford Road, ABA (Nigeria); (M-17), photography. (15) G. Gohhy Okaya, C/O New India Insurance Co. Ltd., 113 A3ikiwe Rd., ABA, (Nigeria); (M-19) adventares. (16) Alphonsus Ngihembah, C/O Mathew Gyoudus, 'A' Company, 4th BN Nigeria Army, IBADAN, (M-17) general interests (17) Master Pattrick, Modern B. Press, 55 Oron Road, UYO, (Nigeria); (M-17) general interests. (ચાલુ)

'ધ હોલી ફૅમિલી'માં નવજાત બાળ ઈસુને પયપાન કરાવતી માતા મેરીનો દિવ્ય વાત્સલ્યભર્યો આ ચહેરો એલ ગ્રેકોએ ← આલેખેલા ચહેરાઓમાં કદાચ મધુરતમ છે.



ધ વર્જિન ઑાવ ધ ગુડ મિલ્ક · ચિત્રકાર: એલ ગ્રેકો



ધ ગર્લ વિથ એ વૉટર જગ · ચિત્રકાર: ગોયા



ધ પૅરૅસોલ (છત્રી) · ચિત્રકાર: ગોયા

આરંભકાળમાં ગોયાએ શોભનશૈલીએ કેટલાંક ચિત્રો કરેલાં એમાંનું (ડાબી બાજુનું) ચિત્ર દીવાલ પર લટકાવવાના પટ માટે કરેલું. પાછળથી એણે એ શૈલીને ત્યજી દીધી. તે પછી એની પીંછીમાં ઉમેરાએલું જોમ એના આ ઉપરના એક ચિત્રમાં જોવા મળે છે. ખેતરે ભાત અને પાણી લઇ જતી ભતવારી ખેડૂતકન્યાનું એ તેજસ્વી ચિત્ર છે.



પ્રેમ-દીવાની
(દિનેશ શાહ)
આધુનિક કલાકારોમાં યામિની રાય, જ્યૉર્જ કચીટ, સ્યાવક્ષ ચાવડા, કૃષ્ણ હેબ્બાર, રસિક રાવળ, પ્રદ્યુમ્ન તન્ના, આલમેલકર આદિનાં ચિત્રો નિજનિજની આગવી શૈલીની પરિપાટી (ઇડિયમ)ને કારણે નામ વિના પણ જેમ પરખી શકાય છે તેમ, અહીં નિરૂપિત છે એવાં, પોશાક, અંગ-ઉપાંગ, મકાન કે નિસર્ગનિરૂપણમાં લયબદ્ધ ખૂણિયા પાડતાં સંયોજન, અને એ ખૂણિયાં સાથે તાલ લેતાં મધુર રંગયોજન દ્વારા દિનેશ શાહનાં ચિત્રો આપમેળે તરી આવે છે—આ ચિત્રમાં મંજીરાંના રણકાર સાથે નીતરી રહે છે તેવા દૃશ્યકાવ્યના રણકાર વહાવતાં.

મનુષ્યતમ / સુન્દરમ્

· પૃથ્વી ·

સુવાસ ભર સ્નેહની; કુટિલતા તણા કંટકો
ઉખાડી દઈ, કો સુરમ્ય રચ બાગ શોભાભર્યો;
ઊડો ટહુકી બુલ્બુલો, મધુર સૌરભો રહો વહી,
વસંત નિત જ્યાં ચહે નિવસવાઃ કરી એવું દે.

અરે, જગતને ઘણાં ગરલ નિત્ય કોઠે પડ્યાં;
પ્રપંચ, અભિશાપનાં વન પરે વનો ત્યાં ઊગ્યાં;
અહો ક્યહીંથી લાવ ખાંડવ દહંત તે અગ્નિને -
બધુંય થઈ જાવ ભસ્મ, બસ માત્ર કાંચન ટકો.

પિશાચ નરભક્ષિણી ગરલવામિની રાક્ષસી
સમી શું મનુ જાતઃ દાનવ મટી બનો માનવી—
મનુષ્યતમઃ જે મનસ્ મનુ વિષે રહે, ઉશનસે,
કણાદ મુનિ ગૌતમે, ગુરુ વસિષ્ઠ કૃષ્ણે શિવેઃ
બનો પ્રગટ તેહઃ ઉન્નતશિરસ્ બૃહદ્ માનવી
અડે જઈ જ સ્વર્ગદ્વાર,—ચરણો વિષે વિષ્ણુને.

આજ / ચંદ્રકાન્ત શેઠ

· ગાન ·

નીર નદીનાં સ્થિર, કિનારા કલકલ વહેતા ગાય,
નભની નીલ સપાટી પર કૈં ફરક ફરક તૃણ થાય;
છીપ મહીંથી દરિયો છલકે!
ફૂલ મહીંથી સૂરજ ફરકે!
કુંપળ ટપકે તેજ, હોડ આ વન્ય તિમિરનાભીના!
ચાંદરણાંનાં ચીર અનિલમાં મઘમઘ ફરકે ઝીણાં,
ઝાકળજલમાં તારક રણક્યા,
તાર સુવાસ તણા શા રણક્યા!
આજ ક્ષિતિજ મુજ આંગળીઓમાં
અટવાતી શીસરકે!
નભગંગાનાં વારિ મારી પાંપણ આડે ફરકે!
ગગન ધરા પર તડકા નીચે!
આંસુ ને ચાંદરણાં વચ્ચે!

શિશિર / દિનેશ કોઠારી

· મનહર ·

કાળા કાળા બરફની રાત,
બરફની રાત મહીં પોલાદની નદી,
પોલાદની નદી-કાંઠે પથ્થરનું વન.
પથ્થરના વન વિષે ચીતરેલાં વાઘ-વરુ
ઘૂઘવતાં થીજી ગયા ઘૂવડની ઘૂક:
ૐ શાન્તિઃ શાન્તિ : શા...

આ એ જ / રાવજી પટેલ

· વસંતતિલકા ·

આ એ જ એ જ પથ, એજ વળાંક જોઉં.
મેં આમ્રના થડ તણો લઈ સ્હેજ ટેકો
જોઈ હતી પ્રથમ વાર વળી જતી એ.
ને સ્હેજ આછું મરકી મુજ ઘેનઘેરા
ઉન્માદને જ બસ શીય ગઈ જ ચાખી!
ધેનુ તણા ધણ વિષે રણકી રહી'તી
શી સ્હાંજ, ગોરજ તણા પટમાં છુપાવી
મોઢું; જતી ઘર ભણી લજવાળ કન્યા!

હું આમ્રના સ્વજન શો લચકી નિહાળું
રાતું થએલ નભ, ઓવરની સપાટી
કો' પદ્મના સળવળાટ થકી છવાઇ.

વર્ષો ગયાં; વરસના દિવસો ગયા સૌ,
થીજી ગયા સમયનો લય અંગ જાગે!

એકલતા / રઘુવીર ચૌધરી

· ગાન ·

સાગરતીરે મધુર તિમિરે વિહરે એકલતા,
મોજું આવે કોક રહીને અડકે ચરણ જતા;
ઊડી ગયાં સહુ વિહંગ નભથી,
નીરવતા ફરકે છે સઢથી,
દીર્ઘ થયા પડછાયા ધીરે જળમાં ઓગળતા.
કરે સ્પર્શ અંધાર શ્વાસતે,
એક કરે મુજને – વિશાળને,
કો'ક છીપમાં બેઠી બેઠી ઝૂરે સુંદરતા.
સાગરતીરે મધુર તિમિરે વિહરે એકલતા.

...તા જઇએ / રતિલાલ યોગી

· ગઝલ ·

માર્ગમાં ડૂબવાના ડરથી કાં ડરતા જઇએ ?
ચાલ, નાનું શું યે ઝરણું થઈ ઝરતા જઇએ!

જિંદગી જીરવીએ, મોતને પણ જીરવીએ,
ફૂલની જેમ ખીલીએ અને ખરતા જઇએ!

બૂઝાવી દઇએ શમા તેજની મર્યાદાની,
આંખે અંધારનું અંજન જરી કરતા જઇએ!

ભૂલી જઇએ એ બધી દ્વેષ ને જખ્મોની કથા,
પ્રેમ કરતા રહીને એ ય વીસરતા જઇએ!

શું થયું આપણને એ ન મળી પાંખો તો?
જાળવીને અકેકું ડગલું જો ભરતા જઇએ!

ભ વિ ષ્ય વા ણી

સ્વરાજ આજે જ કે લાંબા વખત સુધી પણ ચાલુ રાજ્ય[અંગ્રેજ રાજ્ય] કરતાં બહુ સારું હોવાનું નથી. સ્વરાજ થયું એટલે લોકો એકદમ સુખી બની જવાના નથી, એટલું આપણે સૌએ જાણી રાખવું જોઈએ. સ્વતંત્ર થઈશું તેની સાથે જ ચૂંટણીમાં રહેલા બધા દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા ને જુલમ તેમજ વહીવટની બિનઆવડત એ બધું આપણી ઉપર ચડી બેસવાનું અને આ જંજાળ ક્યાંથી આવી પડી એમ લાગવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા યાદ કરશે કે આ કરતાં તો પહેલાં વધારે ન્યાય હતો. આ કરતાં વહીવટ સારો હતો, શાંતિ હતી અને અમલદારોમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રામાણિકતા પણ હતી. લાભ એટલો જ થયો હશે કે એક જાતિ તરીકે આપણે માથેથી અપમાન અને ગુલામીનું કલંક ઊતરશે. આખા દેશમાં કેળવણીનો પ્રચાર કરીએ તો જ આશા છે. તેનાથી લોકોમાં બચપણથી જ શુદ્ધ આચરણ, ઈશ્વરનો ડર અને પ્રેમભાવના ખીલશે. સ્વરાજ સુખ આપનારું ત્યારે જ થશે, જ્યારે આપણે આ કાર્યમાં ફતેહમંદ થઈશું. નહિ તો સ્વરાજ એ ધનસત્તાના ઘોર અન્યાયો અને જુલમનો ભરેલો એક ઘોર નરક આવાસ જ હશે. ઓહો! જો દરેક માણસ સત્યનિષ્ઠ હોય, ઈશ્વરથી ડરીને ચાલનાર હોય, બીજા ઉપર પ્રેમ રાખવાનું સુખ અનુભવી શકતો હોય, તો સંસાર કેટલો સારવાળો થઈ પડે! તેવું નથી તે છતાં આ આદર્શ સ્થિતિને પ્રત્યક્ષ કરવાની પાત્રતા બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં અધિક છે.

એક પત્ર: ૨૪-૧-'૨૨ **ગાંધીજી**

(લોકજીવન)

ગયા વર્ષના આગલા વર્ષ (૧૯૬૩)ના ડિસેમ્બર અંકમાં, શ્રી કનૈયાલાલ મુનશીના અમૃત મહોત્સવ (૭૫ વર્ષ પૂરાં થયા)ના ઉપલક્ષ્યમાં અમે એમની જીવનકથા લગભગ એમના જ શબ્દોમાં (એમનાં લખાણો પરથી તારવીને આપી હતી); અને તેના અનુસંધાને ગયા ડિસેમ્બર (૧૯૬૪)માં એ જ રીતે ફરી એનું નવીન દર્શન, આજ સુધી અપ્રકટ રહેલા, એમના પૂર્વજીવનના વિવિધ તબક્કાઓના વિરલ ફોટોગ્રાફો સાથે આપ્યું હતું. એ જીવનકથા લંબાવીને આ સાથે ફરી એવા જ ફોટોગ્રાફો સાથે રજૂ કરીએ છીએ.

મુનશીજીની સર્વતોમુખિતા અને સિદ્ધિઓ એક રીતે અનન્ય કહી શકાય એવાં છે. તેઓ અગ્રણી ધારાશાસ્ત્રી, ભારતના રાજ્યબંધારણના ઘડવૈયાઓ પૈકીના એક, અને નીવડેલા રાજપુરુષ છે. પોતાના કૉલેજકાળમાં શ્રી અરવિંદની પ્રેરક અસર નીચે આવ્યા બાદ જિંદગીના જુદેજુદે તબક્કે ઝીણા, તિલક, બેસન્ટ, મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને જવાહરલાલજીના ગાઢ સંપર્કમાં રહીને એમણે લગની-પૂર્વક સ્વતંત્રતાની લડતો ખેડી છે. ઈ. ૧૯૩૭માં મુંબાઈ રાજ્યના ગૃહપ્રધાન તરીકે ૧૯૪૮માં હૈદરાબાદ રાજ્યના 'પોલીસ એક્શન' પ્રસંગે અને તે પછી ભારતના કૃષિપ્રધાન તેમજ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે એમણે બજાવેલી કામગીરી વિરલ હિંમત અને નિશ્ચયાત્મક ચેતનાથી પ્રોજ્જ્વલ છે.

આધુનિક ગુજરાતી સાહિત્યના આરૂઢ લેખક તરીકે એમણે નવલકથાઓ, નાટકો, સંસ્મરણો, ઇતિહાસ આદિનાં ક્ષેત્રોમાં જે ગુજરાતી તેમજ અંગ્રેજીમાં વિપુલ અને વૈવિધ્યપૂર્ણ ફાળો આપ્યો છે, તેથી તો કોણ અજાણ હશે?

મહાવ્યક્તિ કનૈયાલાલ માણેકલાલ મુનશી

લેખક

ડૉ. મધુસૂદન પારેખ



શ્રી મુનશીના વિચારો ને આચારમાં પશ્ચિમી સંસ્કૃતિની ઝલક ભલે જણાતી હોય, પરંતુ એમની આંતર ઝંખના હમેશાં ભારતીય સંસ્કૃતિનાવારસાનેજાળવવાની નેઉજાળવાની રહેલી છે. ભારતીય સંસ્કૃતિનો શિક્ષણ અને સાહિત્યદ્વારા પ્રસાર થાય તથા અર્વાચીન યુગની વિચારણા સાથે તેનો સુયોગ થાય એ એમની મહેચ્છા. અને એનું મૂર્ત સ્વરૂપ એટલે ભારતીય વિદ્યાભવનની સ્થાપના.


આખા દેશમાં વળી પાછાં વ્યાપકપણે રમખાણ ફાટી નીકળ્યાં. મુનશીને આ રમખાણોમાં અહિંસાની નીતિ નાકામયાબ લાગી. અહિંસા એ કાયરતાની ઢાલ બની રહેતી એમણે જોઈ. એમનો નિર્ણય થયો: 'અનિષ્ટને જોઈને નાસી જવું એ તો સ્વયં અનિષ્ટ કરતાં પણ મોટું પાપ છે.' એમના મનમાં અનેક પ્રશ્નો જાગ્યા. લાગ્યું કે 'મનુષ્યના જીવનમાં અમુક સમય એવો આવે છે કે જ્યારે કર્તવ્ય નિવારવું એ અધર્મ બની જાય છે. ભલે એ કર્તવ્યનું પરિણામ મોત હોય તેથી શું? મોત પણ એવે ટાણે કીર્તિનો કિરીટ બની રહે છે. એવો યશોકિરીટ પહેરનારા જવાંમર્દો જગતમાં વિરલ હોય છે.'

મુનશીએ પોતાનું મંથન ગાંધીજી પાસે ઠાલવ્યું. સરદારની સમક્ષ તેમણે પોતાના વિચારો પ્રગટ કર્યા અને આખરે નીતિવિષયક મત-ભેદને કારણે ગાંધીજીની સલાહ લઈને તે કોંગ્રેસમાંથી છૂટા થયા. કૉંગ્રેસ-માંથી બહાર આવીને તેમણે 'અખંડ હિંદુસ્તાન'નો કાર્યક્રમ પ્રજા સમક્ષ રજૂ કર્યો. આ કાર્યક્રમને કારણે રાષ્ટ્રવાદના વિરોધી ગણાઈ ગયા, પરંતુ મુનશીએ પોતે જ સ્પષ્ટ કર્યું હતું કે 'અખંડ હિંદુસ્તાન' એ કોઈ ધાર્મિક કે રાજકીય પ્રશ્ન નથી. તમામ ભારતીય જનોની આર્થિક અને સાંસ્કૃતિક એકતાનો એ કાર્યક્રમ છે. આથી પોતાના જ એક વારના કૉંગ્રેસ પક્ષના કેટલા યે સાથીઓની ટીકા તેમણે વેઠી, પણ પોતાના વિચારો પ્રમાણે જ તે વર્ત્યા.

બીજું વિશ્વયુદ્ધ ઉગ્ર અને વ્યાપક બન્યું. અંગ્રેજ સરકારની ભારત પ્રત્યેની નરાતાળ ઉપેક્ષા અને બદદાનત જોઈ ગાંધીજી અકળાઈ ઊઠયા. પરિણામે, ૧૯૪૨માં તેમણે અંગ્રેજોને 'ક્વિટ ઇન્ડિયા' (હિંદ છોડો)નો પડકાર આપ્યો અને તેને સફળ કરવા 'કરેંગે યા મરેંગે' નો મંત્ર પ્રજાને આપ્યો. સરકાર સામે દારુણ અને દેશવ્યાપી લડત શરૂ થઈ. ગાંધીજી અને સંખ્યાતીત કૉંગ્રેસી નેતાઓને સળિયા પાછળ ગોંધી દેવામાં આવ્યા અને સરકારે 'સિંહના જેવી હિંસા' આદરી. યુદ્ધમાં મિત્રરાજ્યો-ની સામે જાપાન પણ જોડાયું. એ વેળા મુનશીએ ભારતની સાથે સમાધાન કરવામાં બ્રિટને સેવેલા પ્રમાદની આકરી ઝાટકણી કાઢી.

મુનશી તથા રાજાજી જેવા નેતાઓ જેલ બહાર રહીને પણ ભારત-





ઉપર: ઈ. ૧૯૩૮માં
જમણી બાજુ: કાર્યરત મુનશી ૧૯૪૩
નીચે: ન્યૂ યૉર્કમાં ૧૯૫૦

ના પ્રશ્નનો કંઈક ગૌરવભર્યો ઉકેલ મળે તે માટે ખૂબ મથામણ કરી રહ્યા હતા, પરંતુ સરકાર છેલ્લે પાટલે બેઠી હતી. આખરે ૧૯૪૫માં ધરી-રાજ્યો હાર્યા અને મિત્રરાજ્યોનો વિજય થયો. પણ ચર્ચિલ સરકારનું પતન થયું અને ઍટલીની મજૂર સરકાર આવી. કાંગ્રેસ-નેતાઓને જેલમુક્તિ મળી ચૂકી હતી. ફરી કાંગ્રેસ સાથે સમાધાનના પ્રયાસો માટે બ્રિટનથી 'મિશનો'ની દોડધામ શરૂ થઈ. ભારતનું સ્વરાજ હાથ-વેંતમાં રહ્યું. મુસ્લિમ લીગનું પાકિસ્તાનનું સ્વપ્ન સાકાર થવા લાગ્યું.

આમ, સ્વતંત્રતાનું પરોઢ ઊગી રહ્યું હતું તે સમયે નિષ્ઠાવાન પીઢ નેતાઓની કૉંગ્રેસને અત્યંત જરૂર હતી. ગાંધીજી અને સરદારની નજર-માં મુનશી હતા જ. પરંતુ મુનશીએ ના પાડી: 'હું પાછલે બારણેથી કૉંગ્રેસમાં નહિ આવું. જે ગૌરવપૂર્વક હું કાગ્રેસમાંથી છૂટો થયો તે જ ગૌરવથી હું ફરી કૉંગ્રેસમાં પ્રવેશી શકું; તો જ મને તે સ્વીકાર્ય થાય. દુનિયા જાણતી નથી કે બાપુના આદેશથી હું કાગ્રેસમાંથી છૂટો થયો છું. હું ચૂંટણીઓ લડવા માટે પાછો કૉંગ્રેસમાં આવવા ઇચ્છતો નથી. જો હું એમ વર્તું તો મારી દેશસેવાને ડાઘ બેસે! આ મુદ્દા પર મુનશી-નો ગાંધીજી તથા સરદાર સાથે લાંબો પત્રવહેવાર ચાલ્યો અને આખરે એમની સૂચનાથી તે કૉંગ્રેસમાં પાછા પ્રવેશ્યા.

સ્વરાજ મળ્યા પછી મુનશીએ સૌથી નાજુક અને જોખમી કામ-ગીરી કોઈ બજાવી હોય તો તે હૈદરાબાદના એજન્ટ-જનરલ તરીકેની. ભારત સ્વતંત્ર થયા પછી દેશી રજવાડાંનો પ્રશ્ન સરદારે ભારે કુનેહથી ઉકેલ્યો, પરંતુ કેટલાંક રજવાડાં હજી એમના જૂના મિજાજમાં હતાં. હૈદરાબાદ એમાંનું એક હતું. ત્યાં રાજકર્તા નિઝામ મુસલમાન હતા, પણ રાજની ૮૫ ટકા વસતિ હિંદુની હતી. સ્વરાજ પછી નિઝામે ભારત સરકાર સાથે જોડાઈ જવાનું ટાળ્યું અને એના પ્રધાન લાયકઅલીના હાથમાં રમવા માંડયા. પંદર ટકા મુસ્લિમ વસતિનો ઉપાડો વધી ગયો. લશ્કરી બાબતમાં તેમનું જ વર્ચસ્વ હતું. બીજી બાજુ રઝાકારોએ પણ કાસિમ રઝવીની સરદારી હેઠળ ભારત સામે ભયંકર પ્રચાર શરૂ કરી નિર્દોષ પ્રજાને રંજાડવા માંડી. આવા કપરા સંજોગોમાં સરદાર પટેલે મુનશીને હૈદરાબાદના એજન્ટ-જનરલ તરીકે જવાની સૂચના કરી. ગાંધીજીએ પણ મુનશીને કહ્યું: 'ત્યાં જવું એ તમારો ધર્મ બની રહે છે'.

'પરંતુ કામગીરી કપરી છે, બાપુ!—'

'હા, મને તેની ખબર છે; પણ તમે જરૂર સફળ થશો.'

અને ગાંધીજી તથા સરદારના આશીર્વાદ લઈ મુનશી હૈદરાબાદ





મુનશી-દંપતી: ૧૯૬૦માં

'ગુજરાત પ્રભાવશાળી બને, ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થાય, નવા ગુજરાતના સંસ્કારનું દર્શન થાય એ દિશા તરફ અમે અનેક પ્રયાસો સાથેસાથ આદર્યા છે. સાહિત્યના શૉખ અને સેવાએ અમારી મૈત્રી પોષી. સંસદ માટે એકનિષ્ઠ કાર્યતત્પરતાએ તેને હિંચોળી, નવયુગના આદર્શોની ભક્તિએ તેને ઉછેરી અને ભાવિ ગુજરાતનાં સાહિત્ય, સંસ્કાર ને જીવનનાં ભવ્ય સ્વપ્નાંની ઝાંખી કરતાં, ગુજરાતમાં તે સ્વપ્નોના રંગો પૂરવાનો સેવાધર્મ સેવતાં અમારી મૈત્રીએ સંલગ્ન જીવનના સહધર્માચારનું સ્વરૂપ લીધું છે, ભાવિ જીવનને ઉંબરે ઊભેલાં અમે બે સહચારી ભક્તો દેવનાં દર્શન-તરસ્યાં ઊભાં હોઈએ તેમ આશાભર્યાં નવીન ગુજરાતનાં દર્શન કરવા તલસીએ છીએ.'

(તા. ૨૦-૨-૧૯૨૬ના રોજ લગ્ન માટેના અભિનંદનોત્સવ પ્રસંગે કાઢેલા ઉદ્ગાર)

ઊપડી ગયા. આ કામગીરી માટે કશું પણ મહેનતાણું નહિ લેવાની તેમણે પહેલેથી જ સરદાર તથા ગાંધીજી પાસે ચોખવટ કરી હતી. હૈદરાબાદમાં પગ મૂક્યો ત્યારે પરિસ્થિતિ ભયંકર રીતે સ્ફોટક હતી. નિઝામના હાથમાં કશી સત્તા જ ન હતી. લાયકઅલીને સમજાવી ઠેકાણે લાવવો એ લોઢાના ચણા ચાવવા જેવું હતું. અને રઝાકારોના જુલમોએ તો માઝા મૂકી હતી. ભારત સરકારને આ બધી પરિસ્થિતિથી સતત અને તલેતલ વાકેફ રાખવાની વિકટ જવાબદારી મુનશી પર હતી, અને એમને માટે જિંદગીનું જોખમ તો ઊભું જ હતું! પોતાના નિવાસની બહાર મુનશી નીકળે કે તરત તેમની આગળ કે પાછળ ઝનૂની રઝાકારોનું ટોળું સૂત્રો પોકારતું ફરતું: 'નિઝામ કે કદમોં મેં નેહરુ કો ઝુકા દેંગે'! 'પટેલ-મુનશી કો કબરમેં ગાડ દેંગે'. આવી ખતરનાક પરિસ્થિતિમાં મુનશીને ભારત સરકારે સોંપેલી જવાબદારી અદા કરવાની હતી.

મુનશી અને લાયકઅલી વારંવાર મળ્યા, પરંતુ કશું ફળ આવ્યું નહિ. રઝાકારોનો દોર વધતો જ ગયો. મુનશીએ દિલ્હી જઈ સરદારને બધો અહેવાલ આપ્યો. એ જ અરસામાં દિલ્હીમાં ગાંધીજીની હત્યા થઈ અને હૈદરાબાદમાં ગાંધીજીનાં અસ્થિ પધરાવવા માટે લાવવામાં આવ્યાં ત્યારે લાયકઅલી સરકારે તથા રઝાકારોએ પ્રજાની સખત કનડગત કરી. છતાં હજારો હિંદુ-મુસ્લિમો એ શોકયાત્રામાં 'ગાંધીજીની જય' પોકારતા ભેગા મળ્યા અને ગાંધીજી પ્રત્યેની ભક્તિ દર્શાવીઆપી.

એ જ રાતે લાયકઅલીની દુષ્ટતાનો પરચો મુનશીને મળ્યો. મોડી રાતે હૈદરાબાદના પ્રશ્નની ચર્ચા વખતે લાયકઅલીએ પહેલી જ વાત કરી: 'મુનશી, હમેશાં હૈદરાબાદની જ ફિકર રાખ્યા કરશો? જરાક હળવા થાઓ—કોઈ કોઈ વાર ક્લબમાં આવો તો?'

મુનશીએ કહ્યું: 'મને ક્લબમાં જવાનો શૉખ નથી.'

'બ્રિજ રમવાનો પણ શૉખ નથી?'

'વર્ષો પૂર્વે એ શીખવાનું મેં છોડ્યું છે. મને એ માટે વખત નથી.'

આંખ મીંચકારી લાયકઅલીએ પૂછ્યું: 'ઓરતોની કંપની પણ પસંદ નથી?'

'ઓરતોની કંપની? ચોક્કસ પસંદ છે. પણ આ જિંદગીમાં એક ઓરતને "મૅનેજ" કરું તો ય મારે માટે બસ છે.' લાયકઅલી માત થઈ ગયો, અને મજાકમાં તેણે કહ્યું: 'તમને તો ઊંચકીને આ બારીમાંથી બહાર ફેંકી દેવા જોઈએ!'

મુનશીએ લાગલો જ ઉત્તર દીધો: 'એ કામ અત્યારે જ પતાવો. આ એક જ પ્રસંગ છે કે જ્યારે હજારો નાગરિકો મહાત્માજીની શોકયાત્રામાં ભેગા થયા છે. એ બધા મારી સ્મશાનયાત્રામાં પણ ભળે એવો મોકો આજે જ છે. ફરી મને આવો લહાવો નહિ મળે!'

હૈદરાબાદની પરિસ્થિતિ વણસતી જ રહી. મુનશીએ હવે 'પોલીસ પગલાં' લેવાની ભારત સરકારને સૂચના કરી. આપણી સરકાર પણ એ પ્રશ્નની વેતરણમાં જ હતી.આખરે,ભારત સરકારે ખૂબ ચેતવણી આપ્યા પછી હૈદરાબાદમાં સૈન્ય મોકલ્યું. એ વખતે રઝાકારો હૈદરાબાદની પડોશના ભારતીય પ્રદેશો ઉપર પણ ધાડ પાડી આવતા હતા. હિંદુ વસતિની દુર્દશા હતી અને મુનશીનું માથું લાવનાર માટે રઝાકારોએ પાંચ હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું!

લાયકઅલીએ, મુનશીને અલ્ટિમેટમ આપતો હોય તેમ, કહી દીધું: 'મુનશી, અહીં કશું અજુગતું બને એ પહેલાં તમે હૈદરાબાદ છોડો તો સારું. તમારી હાજરી અમને ભારરૂપ બની રહી છે. તમે ઇચ્છો તો હું તમારે માટે ઍરોપ્લેનની વ્યવસ્થા કરી આપવા તૈયાર છું.'



કવિશ્રી 'ખબરદાર કનકોત્સવ સમિતિ - ૬ નવેમ્બર ૧૯૩૧

પાછળ: રાજેન્દ્રરાવ દલાલ, ચન્દ્રવદન મહેતા, અંબાલાલ જાની, મહમદ સાદીક, જહાંબક્ષ વાચ્છા, પેસ્તનજી ખબરદાર, યજ્ઞેશ હ. શુક્લ,
બેઠેલા: કનૈયાલાલ મુનશી, રસિકમણિ દેસાઈ, કૃષ્ણલાલ ઝવેરી, અરદેશર ખબરદાર, લીલાવતી મુનશી, ચન્દ્રશંકર પંડ્યા

મુનશીએ તેનો આભાર માન્યો અને કહી દીધું: 'ગમે તે થાય; પણ મારુ સ્થાન હૈદરાબાદમાં જ રહેશે.' હૈદરાબાદમાં ભારતીય સેનાના પ્રવેશના સમાચાર મુનશીએ રેડિયો ઉપર સાંભળ્યા. રઝાકારોના સૈન્યે મુનશીના અંગરક્ષકોને ઘેરી લીધા. રસ્તા પર સશસ્ત્ર રઝાકારો ઘૂમવા લાગ્યા. મુનશી સમજી ગયા. હવે અંતિમ કટોકટી આવી પહોંચી હતી. તેમણે ટેલિફોન જોડ્યો અને લીલાવતી મુનશીને જીવનના છેલ્લા જુહાર કરી લીધા. સરદારને પણ ફોન પર કહી દીધું: 'આ આપણી છેલ્લી વાત-ચીત છે. થોડી વારમાં જ ટેલિફોન કપાઈ જશે!'

દરેક પળે રઝાકારોના હુમલાની ભીતિ હતી. મુનશીએ ભારે ધૈર્ય દાખવીને સ્વસ્થપણે ગીતાના શ્લોકોનું રટણ કરવા માંડ્યું. સાંજ સુધી અનેક અફવાઓ આવ્યા જ કરી. પરિસ્થિતિનો ચોક્કસ અંદાજ કાઢવાનું પણ મુનશી માટે મુશ્કેલ બની ગયું. સાંજે રાબેતા મુજબ એ ફરવા નીકળ્યા. તરત જ એક અમલદારે તેમને હુકમ કર્યો: 'અંદર જાઓ.' મુનશી એ હુકમની ઉપેક્ષા કરી આગળ વધ્યા. એમની સામે બંદૂક ઊંચકાઈ: 'અંદર જાઓ! અંદર જાઓ!' ભરેલી બંદૂકની સામે મુનશી ઊભા રહી ગયા. અંદર પાછા જવાનો ઇનકાર કર્યો. એટલામાં કોઈકે આવીને એ અમલદારના કાનમાં કશીક ગુફતેગો કરી. પરિણામે, એ ધમકીભરી ચેષ્ટા દેખાડતો ગયો: 'યાદ રખ્ખો – ખતરા પૂરા નહિ હુઆ.'


પરંતુ એ ખતરો મુનશીને સદ્ભાગ્યે આવ્યો નહિ. ભારતીય સેનાએ હૈદરાબાદને વશ કર્યું. નિઝામના ગભરાટનો પાર ન રહ્યો. સલાહ માટે એ મુનશી પાસે દોડતા આવ્યા. લાયકઅલી સરકારનું રાજીનામું ધ્રૂજતા હાથે તેણે મુનશીના હાથમાં ધર્યું ને બોલ્યા: 'ચીપડાં ગયાં!'

મુનશીએ સૌથી પ્રથમ નિર્દોષ પ્રજાની સલામતી માટે તકેદારી લીધી. નિઝામની સાન ઠેકાણે આવી. હૈદરાબાદ ભારત સાથે ભળી ગયું.

હૈદરાબાદમાં મુનશીએ પ્રાણ હોડમાં મૂકીને પણ જે યશસ્વી કામગીરી બજાવી તેણે ગાંધીજી તથા સરદારનો વિશ્વાસ સાર્થક કરી દેખાડ્યો. મુનશીના જીવનમાં યશદાયક ઘટનાઓ ઘણી બની હશે, પરંતુ હૈદરાબાદની તેમની સેવા તેમની યશપતાકા સમી ચિરકાળ ફરકતી રહેશે.

ભારતની સ્વતંત્રતા હાંસલ થયા પછી સાચી લોકશાહીને અનુરૂપ નીવડે તેવું બંધારણ ઘડવાની આવશ્યકતા પહેલી હતી. આ મહાન કાર્ય પાર પાડવા માટે આપણી સરકારે કાયદાનિષ્ણાતોની એક સમિતિ નીમી. કનૈયાલાલ મુનશી એ સમિતિમાં હતા. તેમણે દુનિયાના મહાન દેશોનાં બંધારણોનો ઊંડો અભ્યાસ કર્યો અને ભારતમાં લોકશાહીનું ખમીર ઉત્તમ રીતે પ્રગટ થાય તે રીતે બંધારણ ઘડવામાં તેમણે દૃષ્ટિ રાખી. પંડિતજી અને સરદારની દોરવણી નીચે, શ્રી આયંગર અને શ્રી આયર જેવા સાથીઓના સહકારથી મુનશીએ પોતાનું કાર્ય સફળ રીતે પાર પાડ્યું. મજબૂત કેન્દ્રસત્તા અને એક અખંડ ભારતની ભાવના બંધારણ દ્વારા ફલિભૂત થાય તે માટે તેમણે કેવો પુરુષાર્થ ખેડ્યો એ તો ભવિષ્યનો ઇતિહાસ જ કહેશે.

મુનશીની પ્રતિભાનાં પાસાં કેવાં વિવિધલક્ષી છે! કાયદાના નિષ્ણાત મુનશી, સમર્થ સર્જક મુનશી, કેળવણીકાર મુનશી, ગૃહપ્રધાન મુનશી, હૈદરાબાદના ઍજન્ટ-જનરલ મુનશી, બંધારણના સમર્થ ઘડવૈયા મુનશી અને ખોરાક ખાતાના પ્રધાન મુનશી! હા. ૧૯૫૦માં તેમને દિલ્હીમાં ખોરાક ખાતાના પ્રધાનનું પદ મળ્યું. જેની ભાગ્યરેખા નબળી હોય તે ખોરાક ખાતાનો પ્રધાન થાય એવી એ વખતે વાયકા હતી. (અને આજે પણ ક્યાં નથી?) કોઈ પણ વ્યક્તિ ખોરાક અને ખેતીનું ખાતું સંભાળવાની ભાગ્યે જ તૈયારી દેખાડે. પરંતુ મુનશી જેવા વિલક્ષણ પુરુષાર્થીએ તે બીડું પણ ઝડપ્યું. એ વરસોમાં અનાજની તંગી,



કુટુંબમંડળ · ઈ. ૧૯૪૯

પાછળ ઊભેલાં : કુ. ઉષા મુનશી, શ્રી જયચંદ્ર ટી. શેઠ, શ્રી જગદીશ મુનશી, શ્રીમતી પ્રણયિની જગદીશ મુનશી, શ્રી ગિરીશ મુનશી, શ્રી નવીન ખાંડવાળા, કુ. કલ્પલતા મુનશી; બેઠેલાં : શ્રીમતી સરલા જ. શેઠ, શ્રી કનૈયાલાલ મા. મુનશી, શ્રીમતી લીલાવતી મુનશી, શ્રીમતી સરયૂબાળા ન. ખાંડવાળા, આગળ ઊભેલાં બાળકો : પ્રેમલ જ. શેઠ, પ્રદીપ ન. ખાંડવાળા, નિશા જ. શેઠ

દુષ્કાળનો ભય, આર્થિક કટોકટી વગેરે આપણા દેશના સળગતા પ્રશ્નો હતા. તદુપરાંત, ખોરાક ખાતાના પ્રધાનને પરદેશી હૂંડિયામણને કારણે નાણાખાતા સાથે પણ ટકરામણમાં આવવું પડતું હતું. મુનશીએ હિંમતભેર મુશ્કેલીઓનો મુકાબલો કર્યો. પરદેશો સાથે અનાજની આયાત માટે કરારો કર્યા અને એ સમયના નાણાપ્રધાન શ્રી દેશમુખને સ્પષ્ટ કહી દીધું: 'અનાજ પરદેશથી આયાત કરવા માટે હૂંડિયામણ જોઈશે જ; દેશના અર્થકારણમાં અન્ન એ પ્રાણપ્રશ્ન છે. પરદેશથી આયાત થતી બીજી વસ્તુઓ પર ભલે કાપ મુકાય, અનાજ એ પ્રાથમિક જરૂરિયાત છે.' મુનશીએ પોતાની તમામ શક્તિ કામે લગાડી ને અનાજનો પ્રશ્ન બને તેટલો હલ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો અને એ સફળ કામગીરી માટે રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની અંજલિના અધિકારી બન્યા.

૧૯૫૨માં દેશભરમાં ચૂંટણીઓ પૂરી થવા પછી નેહરુ સરકારે મુનશીની ઉત્તર પ્રદેશના ગવર્નર તરીકે નિમણૂક કરી. ઉત્તર પ્રદેશ એટલે મુનશીની સ્વપ્નનગરી. સૈકાઓ પહેલાં જ્ઞાન, તપશ્ચર્યા અને સંસ્કૃતિની પરબ જ્યાં હતી તે ઉત્તર પ્રદેશ. મુનશીનો આત્મા આ વિદ્યામૃતનો તરસ્યો જ હતો. ઉત્તર પ્રદેશની ભૂતકાલીન સાંસ્કૃતિક જાહોજલાલીનું મુનશીને આગવું આકર્ષણ હતું. એમનું ચિત્ત ત્યાં કોળી ઊઠ્યું. ગવર્નરપદે રહીને એમણે પ્રજાના પ્રશ્નો, સરકારી નીતિના પ્રજામાં પડતા પ્રત્યાઘાતો વગેરે બાબતોમાં જીવંત રસ દાખવ્યો. 'ભારતીય વિદ્યાભવન' માટે 'કુલપતિના પત્રો'ની માળા તેમણે પ્રગટ કરવા માંડી અને એ રીતે યુવાન પેઢી સાથેનો સતત સંપર્ક તેમણે જાળવી રાખ્યો. આ અરસામાં તેમણે યુવાનીનાં સંસ્મરણો વ્યક્ત કરતું પુસ્તક પ્રગટ કર્યું: 'સ્વપ્નસિદ્ધિની શોધમાં'. મુનશીની નૈતિક હિંમત અને આત્મકથાકાર તરીકેની પ્રામાણિકતા દર્શાવનારું એ અત્યંત રોમાંચક ને રસિક પુસ્તક છે. એ પછી પણ એમની સર્જક પ્રવૃત્તિ સતત વહેતી રહી છે. ૧૯૫૬માં 'ભગ્ન પાદુકા' પછી ૧૯૫૭–'૫૮માં 'તપસ્વિની'ની દળદાર નવલકથા તેમણે ત્રણ ભાગમાં પ્રગટ કરી. સતત પ્રવૃત્તિ એ મુનશીનો જીવનમંત્ર જણાય છે. એમણે પોતાના તેજસ્વી વિચારો અને વિચક્ષણ કાર્યપદ્ધતિ દ્વારા કેટલાં બધાં ક્ષેત્રો ઉજાળ્યાં છે! એમની તરવરતી દેશભક્તિ, વિચારની વિશાળતા, અન્યાય સામે સતત ઝૂઝવાની એમની નૈતિક હિંમત, અને જીવનમાં કદી હાર નહિ માનનારી તેમની પ્રચંડ સંકલ્પશક્તિ – આ બધાં મુનશીના વ્યક્તિત્વનાં વિલક્ષણ તત્ત્વોનો વિચાર કરીએ તો લાગે છે કે મુનશી સાચે જ મહાવ્યક્તિ છે. એ નેતા તો છે જ, પણ સાથેસાથે શાશ્વત વિજેતા છે.

સુધીર દલાલ

'…થયા છે'

જેમાં હંસોની લાંબી હાર આકાશમાં ઊડતી જાય છે… વહાણની પાછળ તોફાનમાં દોરડું તણાતું જાય છે… મચ્છરદાની હવા ભરાઇને વિશાળ થતી જાય છે…

નેશનલ હાઈ વે પર બાર માઈલના પથ્થર પાસેથી એક નેળિયું જુવારનાં બે ખેતરો વચ્ચે થઈને નીકળે છે. વરસતા વરસાદે એમાં ઢીંચણપૂર પાણી હોય છે, ચોમાસામાં ઘૂંટીપૂર કીચડ અને ત્યાર પછી રેતી. એ નેળિયામાં બંને બાજુના ઊંચા થોર અને પીળી અમરવેલ વચ્ચે આગળ જાઓ—એકાદ ફર્લાંગ જેટલું જ, તો એક નહેર આવે છે. નહેર પર પુલ છે. પાસે નહેરની ખોદાએલી માટીની બનાવેલી ટેકરી છે. ટેકરી તો કેમ કહેવાય? આજુબાજુનાં ખેતરોથી ત્રીસેક ફૂટ ઊંચી પાળ. એ પાળ પર નાનકડા ચોગાનમાં નહેરખાતાનો ડાકબંગલો છે. બંગલાને એક દીવાનખાનું, સૂવાનો ઓરડો, રસોડું અને બાથરૂમ જાજરૂ છે. ત્રણે બાજુ એને પરસાળ છે, અને પશ્ચિમ બાજુની પરસાળને લાકડાની પટ્ટીઓની ચોકડી પાડીને જાળી બનાવી તડકાથી રક્ષી છે. બંગલાની જોડે જ એના રખેવાળની ઓરડી છે.

બંગલાથી તે નહેર જ્યાંથી નીકળે છે ત્યાં સુધી પાળ આશરે ત્રીસેક ફૂટ પહોળી છે અને એની ચારે બાજુએ રોપેલા લીમડાની મીઠી છાંય છે. સામે જ ક્ષિતિજની વનરાજિમાંથી નીકળી આવતી નદી, કાંઠાનાં ઘાસ અને રેતીમાંથી રસ્તો કાઢતી, ભેંસો અને નજીક-ના ગામનાં છોકરાંઓને અને ક્વચિત્ એકાદ ખટારાને નવડાવતી આ બાજુ આવતી દેખાય છે. છેક આ પાળને અડીને એક નાનકડો બંધ બાંધેલો છે. નદીનાં પાણી એને અથડાઈને નહેરમાં વળી જાય છે. ઉનાળામાં જ્યારે પાણી લગભગ સુકાઈ જાય છે ત્યારે નદીના પટ-માં તરબૂચની ખેતી થાય છે. ત્યારે તો નહેર પણ સુકાઈ જાય છે. નદીએ પણ જાણે પક્ષપાત કર્યો હોય એમ એને એક કાંઠે માત્ર ઘાસ જ ઊગે છે અને બીજે, આ બાજુના કાંઠે બાવળનું વન. બાવળની એ ઝાડી એટલી તો ગીચ છે કે એની નીચેની રેતી પર ચાંદરણાં સિવાય વધારે તડકો પડતો જ નથી. રેતી ઉપર બાવળની કોઈક શૂળો ને પિક્‌-નિક કરી ગએલાંઓનાં ખરડાએલાં છાપાં જ વેરાએલાં દેખાય છે.

શનિવારે ઑફિસની અર્ધા દિવસની રજાનો લાભ લઈ હું નહેર-ખાતાના એ બંગલે આવ્યો ત્યારે બપોરનો દોઢેક માંડ થયો હશે. રસ્તા ઉપર ઘોમ ધીખતો હતો, પણ અહીં ઠંડો પવન આવતો હતો. આ વખતે ચોમાસુ હજુ હમણાં જ ઊતર્યું હતું એટલે નદીમાં હજુ ઘણું પાણી હતું. નહેરમાં પણ ખાસ્સું પાણી વહેતું હતું. જમીન પર-નું ચોમાસુ ઘાસ હજુ સુકાવા માંડ્યું નહોતું, અને ચારે બાજુ દૂર સુધી લીલાં ખેતરો ને લીલી ધરતી સિવાય બીજું કશું જણાતું નહોતું.

મોટરમાંથી ઊતરી મેં પગીને બૂમ પાડી. પહેલેથી મેં નહેરખાતા-માં બંગલો નોંધાવ્યો હતો એટલે એણે તરત જ એની ઓરડીમાંથી બહાર આવી તે ખોલી આપ્યો. બારી-બારણાં ખોલ્યાં અને પછી એ પીવાના પાણીનું માટલું ભરી લાવ્યો. સાથે હું પ્રાઈમસ લેતો આવ્યો હતો. થર્મોસમાં દૂધ પણ લાવ્યો હતો. ભૂખ લાગી હતી એટલે મેં ચા બનાવી, અને સાથે લાવેલો બ્રેડ અને ચા તથા થોડાંક કેળાં ખાધાં, અને પછી આરામખુરસીમાં પગ લંબાવી બેઠો.

એમ ને એમ જ હું ઊંઘી ગયો. કેટલું ઊંઘ્યો એ તો રામ જાણે, પણ ઊઠ્યો ત્યારે ચારેક તો વાગ્યા જ હશે. હું સાથે ઘડિયાળ ન-હોતો લાવ્યો. આ વખતે મારે ઘડિયાળનું બંધન નહોતું રાખવું. આઠ વાગ્યે એટલે જ જમવા નહોતું બેસવું પણ ભૂખ લાગે ત્યારે બેસવું હતું. દસ વાગ્યે જ સૂઈ નહોતું જવું, પણ ઊંઘ આવે ત્યારે સૂઈ જવું હતું. 'ચારેક વાગ્યા હશે? અત્યારે પ્રતિમા શું કરતી હશે? બેબીને રમાડતી હશે? કે દૂધ પિવડાવતી હશે?' એવી કોઈ જ યાદ મારે જોઈતી નહોતી. એટલે જ મેં ઘડિયાળ અને ચિંતા ઘેર જ રાખ્યાં હતાં. અને અહીં આમ એકલા આવવાનો અને ચોવીસ કલાક એકાંતવાસ કરવાનો હેતુ ય બીજો શો હતો?

હું ઊઠ્યો, પરસાળમાં ખુરસી મૂકી અને ચોપડી લઈને બેઠો. પણ આવી રમણીય જગ્યામાં ચોપડીમાં મન પરોવાતું નહોતું. સૂર્ય હવે બાવળની કાંટની પાછળ ઢળવા માંડ્યો હતો. દૂર નદી પર ગામ-ની સ્ત્રીઓ નાહતી હતી. મને નાહવાનો વિચાર થઈ આવ્યો. વર્ષોથી નદીમાં નાહ્યો નહોતો. ચડ્ડી પહેરી, ખભે ટુવાલ નાખી હું પાળના બંધ બાજુના છેડે ગયો. ત્યાં છેક નહેર સુધી બનાવેલાં પગથિયાં હતાં. ચોમાસાની નદીમાં નાહવામાં જોખમ હતું, પણ અહીં નહેરમાં તો પ્લાસ્ટર કરેલું હોઈ ખાડાખૈયા હોવાનો સંભવ જ નહોતો.

હું નહેરમાં ઊતર્યો. પાણી ઠંડું હતું. વહેણ પણ ઠીકઠીક હતું. થોડી વાર પાણીમાં પગ બોળી પગથિયા ઉપર હું બેસી રહ્યો. બંધને અથડાઈને વળતાં પાણીની મૃદુ ગુસપુસ સાંભળી રહ્યો. મારા ખુલ્લા બરડા પર લીમડાની ઘટામાંથી ચળાઈ આવતા તાપનાં ચાંદરણાં રમતાં હતાં. ઠંડો પવન પાણીના માદક ભેજ અને વનસ્પતિની ખુ-શબો લઈ આવતો હતો. ક્ષિતિજ પર ચોમાસા પછી જ હોઈ શકે એવું ભૂરું આકાશ ખેંચાએલું હતું. શરીરમાં એક અકલ્પ્ય સુખની ઝણઝણાટી થઈ. સ્મૃતિભ્રમ થયો હોય એમ હું બધું જ ભૂલી ગયો હતો—ઑફિસ, ઘર, પ્રતિમા, બેબી, બધું જ. નહેરના ઢોળાવ પર ઊગેલાં ઘાસ તોડીતોડીને હું પાણીમાં નાખતો હતો. પડતાંની સાથે જ ઘાસ પ્રવાહમાં તણાઈ જતું હતું, અને મૂળિયાંની જોડે ઊખડી આવેલી માટી ઘડીક પાણીમાં એનો રંગ ઉતારી વિલીન થઈ જતી હતી.

થોડી વાર એમ બેસી રહી હું પાણીમાં ઊતરી ઊભો રહ્યો. નહેર-ના તળિયા પર પગ બરાબર ટેકવ્યા. નહેરની દીવાલમાં ઠોકેલા એક સળિયાને હાથથી પકડી રાખ્યો. નહેરના વહેણથી હું ટેવાવા લાગ્યો. કેડ, છાતી, શરીર, માથું પલાળ્યાં. આખા શરીરમાં નવી જ ચેતના પ્રકટી. સ્ફૂર્તિ લાગવા માંડી. એમ અરધોએક કલાક હું નાહ્યો. હવે સ્ફૂર્તિની જગ્યાએ થાક, આળસ, ઘેન ચડવા માંડ્યાં. છતાં પાણી-માંથી નીકળવાનું મન થતું નહોતું. ઘુમરાતા તણાતા પાણીથી મગજ-માં બધું જ ઘૂમતું હતું. વમળો થતાં હતાં. ચકરીઓ આવતી હતી. અવાજથી કાન બહેર મારી ગયા હતા.

પેલા સળિયા પરથી ક્યારે હાથ છટકી ગયો એનો ખયાલ નથી. મારો પગ નહેરની લીલમાં લપસ્યો અને હું તણાવા લાગ્યો એમ આજે કહી શકું છું, પણ એ વખતે તો?… હંસોની લાંબી હાર

આકાશમાં ઊડતી હતી. સૌથી આગળનો હંસ મોંમાં કમળ લઈને ઊડતો હતો. કમળ પર હું બેઠો હતો?... વહાણ દરિયામાં તરતું હતું. પવનના એક ઝપાટે એ પવનમાં, મોજામાં, દરિયામાં તણાયું. વહાણની પાછળ દોરડું પાણીમાં તણાતું આવતું હતું. દોરડાને છેડે હું બંધાએલો હતો?... સભામાં જબરો ધસારો હતો. પાછળથી માનવમહેરામણનાં મોજાં આવતાં હતાં. ધક્કા, હડસેલા, ગોદા! પોલીસો ક્યાં છે? ક્યાં છે બંદોબસ્ત? એટલું બોલું એ પહેલાં તો એક ટોળું આગળ ધસી આવ્યું. એની નીચે હું ચગદાતો હતો?... હું ખાટલામાં સૂતો હતો. ઉપર મચ્છરદાનીમાં હવા ભરાઈ અને એ ઊંચકાઈ ને વિશાળ થતી ગઈ, અને પછી મારા ઉપર પડી. હું માછલીની જેમ જાળમાં ફસાયો હતો—ગૂંગળાતો, ગભરાતો, તરફડતો...

પછી એકાએક હું હલકો થઈ ગયો, ઊંચકાયો, ખેંચાયો. દોરડું ખેંચી લીધું હતું? હંસ કોઈ જગ્યાએ બેઠો હતો? પોલીસો દોડી આવ્યા હતા? મચ્છરદાની કોઈએ ઉપાડી લીધી હતી?

મેં આંખ ખોલી ત્યારે હું પગથિયાંથી વીસ પચીસ ફૂટ દૂર નહેરની બાજુના ઢોળાવ પર સૂતો હતો. ક્યાંક તમરાં બોલતાં સંભળાતાં હતાં. આંખ આંજી નાખે એવો પ્રકાશ હતો. થોડી વારે મેં એક છોકરાને થોડેક દૂર બેઠેલો જોયો: આશરે બાર–ચૌદ વર્ષનો. એ આખા શરીરે ભીનો હતો. મને તો એની માત્ર પીઠ જ દેખાતી હતી.

હું ફરી ઊંઘી ગયો હોઈશ; કારણ, હું ઊઠ્યો ત્યારે ત્યાં છોકરો નહોતો. સાંજ પડવા આવી હતી. ગામ તરફ ગએલી ભેંસોની ઊડેલી ધૂળથી બાવળના વનમાં ધુમ્મસ જેવું દેખાતું હતું. હું બેઠો થયો. થોડેક દૂર એક સ્ત્રી નહેરના કાંઠે વાસણ માંજતી હતી. એણે કાળા રંગનો સાલ્લો પહેરેલો હતો. મારા તરફ એની પીઠ હતી. પાસે એક થાળી, એક તાંસળું, બે વાટકી અને એક તપેલી ઊજળાં થઈ પડયાં હતાં. એના હાથમાં પિત્તળનો પ્યાલો હતો. મને બેઠો થએલો એણે જોયો હશે, એટલે એ બોલી: 'આ સાલ ખૂબ પાણી છે.'

'હં.'

'જો કે ત્રણ-ચાર સાલ પર આવેલું એવું નહિ. એ સાલ તો નહેરમાં ય પાણી તમે બેઠા છો ને, ત્યાં સુધી હતું.'

'પૂર આવ્યું હશે ત્યારે?'

'પૂર તો આવેલું—જબરદસ્ત. પણ ત્યાર પછી પૂર ઊતરી ગયા પછી ય બે-ચાર દહાડા પાણી તમે બેઠા છો ને ત્યાં લગી રહેલું.' મારા સામે જોયા વગર જ એ બોલતી હતી. એને શી ખબર કે હું ક્યાં બેઠો છું? હું ઊંઘી ગયો ત્યારે જોઈ રાખ્યું હશે.

'એમ?' મેં કહ્યું. હું વાત કરવાના મૂડમાં નહોતો.

'મારો છોકરો એમાં નાહવા પડેલો. અહીંના જબરા વહેણમાં જ તણાઈ ગયો.'

'હું ય, માજી, હમણા નાહવા જ પડેલો, તે તણાયો. આટલા ઓછા પાણીમાં ય કોઈ છોકરાએ ખેંચી કાઢ્યો ન હોત તો ગયો જ હતો!'

'એ જ મારો છોકરો! મારો જ છોકરો! અહીં ડૂબી ગયો 'તો એ જ! બધાને એ જ બચાવે છે. બાર વરસનો છે તો ય!' અને પછી પિત્તળનો પ્યાલો બાજુમાં મૂકતાં મૂકતાં ઉમેર્યું: 'તમને ખબર નહિ હોય... થયો છે એ.'

હું આંખો બંધ કરી ગયો. હજુ હું તણાતો જ હતો કે શું? વાર્તાઓમાં આવે છે એમ મેં વાળ ખેંચી જોયા, ચીમટી ખણી જોઈ, આંખો પર હાથ રાખી થોડી વાર બેઠો. કદાચ મેં પહેલાં આંખ ઉઘાડી જ નહિ હોય. ફરી આંખ ખોલી ત્યારે ત્યાં પેલી સ્ત્રી નહોતી. વાસણો પણ નહોતાં. ઝડપથી ચાલી ગઈ હશે. જુવાન હતી કે આધેડ એ ય શી ખબર પડે? એનું મોં જ મેં જોયું નહોતું ને!

હું ઊઠ્યો. આખું શરીર કળતું હતું. મગજ કામ જ કરતું નહોતું. તમ્મર આવ્યા પછી ઊઠ્યો હોઉં એવું લાગતું હતું. પગ ભારે પડતા હતા. ખરેખર તણાતો બચી ગયો છું એવું પણ હું કલ્પી શકતો નહોતો.

બંગલે આવ્યો. અંધારું ઊતરી આવ્યું હતું. પગી ગામમાં ગયો છે એમ એની વહુએ કહ્યું. મેં કહ્યું કે મારે કંઈ જ કામ નથી. બંગલામાં જઈ સાથે લાવેલું બૅટરીવાળું ફાનસ પેટાવ્યું. સ્ટવ સળગાવી ચા કરી. સવારનો વધેલો બ્રેડ ખાધો. પછી કંઈક ચેતન આવ્યું. પાછલી બારીમાંથી ડોકિયું કર્યું તો તારા નીકળવા માંડ્યા હતા. પાછળના નૅશનલ હાઈ વે પરથી પસાર થતી ટ્રકોએ હેડલાઈટો ચાલુ કરી દીધી હતી. પવન નીકળ્યો હતો–સારો એવો જોરમાં. બે-ત્રણ દિવસ પર જ વીતી ગએલું ચોમાસું ફરીને તો બેસવાનું નહોતું ને? અથડાતી બારીઓને કડી નાખી હું આરામખુરસીમાં બેઠો. આંખો બંધ કરી પડ્યો રહ્યો.

ફરી આંખો ખોલી ત્યારે પરસાળના બારણાની વચ્ચોવચ્ચ ઉંબરે એક પુરુષ બેઠેલો હતો. એણે મેલા ધોતિયા પર લાંબી બાંયનું ખમીસ પહેરેલું હતું. ખમીસનાં બટનમાંથી લાલ ફૂમતું ઝૂલતું હતું. ખમીસની બાંયનાં બટન ખુલ્લાં હતાં. એના અસંખ્ય કરચલીઓવાળા કાળા મોઢામાં બે આંખો અપાર્થિવ લાગતી હતી. એને જોઈ હું જરાક બેઠો થયો, એટલે એણે મને પૂછ્યું: 'ક્યારે આવ્યા?'

'આજે જ, બપોરે.' મેં કહ્યું.

'આજ રાત રહેવાના છો?'

'હા, કાલે જ જવાનો છું.'

'પગી ગામમાં ગયા છે. કામકાજ હોય તો...'

'કંઈ નથી; હશે તો કહીશ.'

'ચોમાસું હજી ય ગયું લાગતું નથી. જુઓને આ પવન? ને નદીમાં પાણી ય ઘણું છે.' એણે કહ્યું પણ હું કંઈ બોલ્યો નહિ. મારી આંખો ઘેરાતી હતી. આ ટળે તો ઊંઘી જાઉં એમ મનમાં થતું હતું.

'તમે ડૂબી ગયા હતા?' એકાએક જ એણે મને પ્રશ્ન કર્યો.

'તમને શી ખબર?' મેં અકળાઈને પૂછ્યું. હું ડૂબી ગયો હતો એ આટલી મોટી વાત હતી? કદાચ ભૂત થએલા છોકરાએ મને બચાવ્યો એ પેલી સ્ત્રીની જેમ આને ય ખબર હશે! શહેરની જેમ અહીં ય લોકો જરા વધારે પડતું બીજાની વાતમાં માથું નહોતા મારતા?

'મને ખબર ના પડે!' એ થોડું મલક્યો: 'મારો છોકરો બધા ય ડૂબેલાઓને બચાવે છે. તમને ખબર નહિ હોય. એ તો... થયો છે. ત્રણ-ચાર સાલ પહેલાં અહીં જ એ ડૂબી મૂએલો. એની પાછળ એની મા ય ડૂબી મૂઈ. એ ય પણ...થઈ છે.'

તો શું પેલી સ્ત્રી—વાસણ માંજતી સ્ત્રી—એ ય, એ ય...?

મારું મગજ હવે તો ખરેખર કામ નહોતું-કરતું. મને રાતોરાત જ પાછા ઘર ભેગા થઈ જવાનું મન થયું. પ્રતિમા પાસે, મારી બેબી પાસે પહોંચી જવાનું મન થયું. ઑફિસમાં જઈ થોડું કામ પતાવી લેવાનું મન થયું. શહેરનો ટ્રાફિક, સિનેમા, પાણી-પૂરીની લારીઓ–બધું જ યાદ આવી ગયું.

ત્યાં પવનનો એક સૂસવાટો આવ્યો અને પરસાળનું બારણું જોરથી ભચકાયું. મેં એકદમ ઊઠી બારણું ખોલ્યું. પછી જ ખયાલ આવ્યો કે પેલો પુરુષ બારણાની વચ્ચોવચ્ચ જ બેઠો હતો, ઉંબરા પર જ, એને કેમ બારણું અથડાયું નહિ હોય? પણ એ અત્યારે કેમ ત્યાં હતો જ નહિ? શું આખું કુટુંબ ય......?

આત્મકથાનક · ૩૭ **જીવનપટનાં સ્મૃતિચિત્રો**



ચિ. નૃસિંહપ્રસાદ કાલિદાસ (પાછળથી નાનાભાઈ) ભટ્ટ

લેખક
અને આલેખક
રવિશંકર
રાવળ

૧૬૮ કૉલેજમાં

ભાવનગર શામળદાસ કૉલેજ. પ્રથમ વર્ષનો વર્ગ એ વખતે 'પ્રીવિયસ' તરીકે ઓળખાતો. તેમાં રહી ગએલા કૉલેજિયનો પાસેથી અમે નવા વિદ્યાર્થીઓ કૉલેજના મોભાનો ખયાલ પામ્યા. અમારે એક-બીજા સાથે વાત કરતાં તેમના નામ પહેલાં 'મિસ્ટર' મૂકીને બોલાવવા જોઈએ. કૉલેજમાં કોઈ સાથે 'તું-તાં'થી વાત કરાય જ નહિ, અને બને ત્યાં સુધી અંગ્રેજીમાં જ વાત થવી જોઈએ. ગુજરાતી હવે કૉલેજની બહાર રહી. પ્રોફેસરોનાં વ્યાખ્યાનો-વિવેચનો અંગ્રેજીમાં જ થાય. પરિણામે, અમે અર્ધુંપર્ધું સમજતા. ઘણાને ઝડપથી બોલાતી અંગ્રેજી ભાષા સમજવાની ગતિ બે વર્ષે મળતી. એટલે હોશિયાર વિદ્યાર્થીની નોટ્સ મેળવવા તેની ખુશામત કરવી પડતી. કૉલેજમાં જતાં-આવતાં ચોપડીઓનો થોકડો હાથમાં જ પકડી રાખવો પડતો. દફતર કે પટ્ટો હાઈસ્કૂલમાં રહ્યાં.

અને ચોપડીઓ! કૉલેજમાં ચોપડીઓનો થોકડો વધી પડયો હતો. અંગ્રેજીમાં દર વર્ષે સ્કૉટની એક નવલકથા હોય જ. એ દર વર્ષે બદલાતી એટલે આ વર્ષે નવું નક્કી થએલું 'આઇવૅન્હો'નું નવલ દરેકને ખરીદ કરવું પડયું. રોમન હિસ્ટરી ને 'ટ્રિગૉનોમેટ્રી' વિષેનું ગણિતનું પુસ્તક પણ લેવું પડયું. સંસ્કૃતમાં 'વેણીસંહાર' નાટક ઉપરાંત 'રઘુવંશ' મહાકાવ્ય (જેમાં મલ્લીનાથી ટીકા સાથેનો માત્ર સર્ગ ચોથો જ શીખવાનો હતો છતાં તે) પણ આખું પુસ્તક જ લેવું પડતું, કારણ કે દર વર્ષે તેમાંના ભણવાના સર્ગો બદલાતા.

૧૬૯ પ્રિન્સિપલ અને પ્રોફેસરો

અમે દાખલ થયા ત્યારે પ્રિન્સિપલ સંજાણા જૂના પ્રિન્સિપલ ઊનવાળા પછી તાજા જ નિમાએલા હતા. તેમનો સ્વભાવ પ્રિન્સિપલ ઊનવાળા જેવો સર્વજનપ્રિય અને વિનોદી નહોતો. ઊલટું, તેઓ સાવ એકાંતિક અને બહારની દુનિયાથી લાપરવા લાગતા. પણ ગણિત-વિદ્યાના તે 'ખાં' ગણાતા, અને મહારાષ્ટ્રના પ્રો. પરાંજપે, જે ગણિતના રૅંગલર (વિદ્યાવારિધિ) થએલા તેમના બરોબરિયા લેખાતા. એમને જાણે કોઈનું ઓળખાણ જ ન હોય તેમ વર્ગમાં ચાલ્યા આવે અને વ્યાખ્યાનપીઠ પર ચડી લાગલા જ પાટિયા પર તે દિવસનો પાઠ શરૂ કરે. તેમની ગણિતની ધૂનની ઘણી વાતો થતી. એક વાર કોઈક દાખલો બેઠો નહિ હોય એટલે મનમાં તેનું ચિંતન કરતા સૂતા અને મધરાતે ઊંઘમાંથી ઊઠીને કાગળ પર દાખલો પૂરો કરી નાખીને પછી સૂઈ ગયા. સવારમાં ઊઠયા ત્યારે પોતે જ આશ્ચર્યચકિત થઈ ગએલા કે 'અરે, આય પ્રૉબલમ કોન કરી ગિયું?!'

એઓ ઘણે ભાગે એકાકી હતા. બે નાના ભાણેજને ઘરમાં રાખી ભણાવતા. કામકાજ બધું બબરચી કરતો. કૉલેજમાં પણ કોઈની સાથે વાતો કરતા કે ગપ્પાં મારતા તેમને કોઈએ જોયા નહોતા; નહિ તો સાધારણ રીતે તો કોઈ પારસીથી, એ કોમની મિલનસાર પ્રકૃતિ અનુસાર, અનેકને 'સાહેબજી બાવા' કર્યા વિના રહેવાય નહિ.

એમનો પોશાક ટ્રિમ-તડાક જ હોય. ઈસ્ત્રીબંધ ખમીસના કડક કૉલર ઉપર અક્કડ રહેતા તેમના ચોરસ ઘાટના મોં પર, બે બાજુ લંબાતી કલપથી કાળી કરેલી મૂછોના છેડાને કૉસ્મેટિક જેવો પદાર્થ લગાડી ઝીણી કરેલી અણીઓને લીધે તે પ્રો. સૅન્ડો કે કોઈ મૅજિશિયન (જાદુગર) જેવા લાગતા. એમનું અંગ્રેજી તો સંપૂર્ણ ઘડતરવાળું લાગે, પણ પટાવાળા કે બીજા કોઈની સાથે વાત કરે ત્યારે ખરી પારસી જબાનમાં બોલે. કોઈ વસ્તુ ખસેડવી હોય ત્યારે 'આય ખસેરી દેઓ જી' એમ કહે; અને છતાં અજાયબી તો એ હતી કે તેમણે ઇતર ભાષા તરીકે સંસ્કૃત લીધેલું! એટલે કોઈ વાર કોઈ સંસ્કૃત પ્રમાણનો શ્લોક બોલે ત્યારે બ્રાહ્મણ જેવો શુદ્ધ ઉચ્ચાર કરે!

સંસ્કૃતના પ્રોફેસર હતા સૂરતના શ્રી જેકિસનદાસ કણિયા. તેઓ વડોદરાના શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના એક અગ્રિમ પુરુષ હોઈ તેમના ઘરમાં શિસ્તબદ્ધ સંસ્કારનું વાતાવરણ દેખાતું, અને તેનો પ્રભાવ તેમના સૌથી નાના સુપુત્ર શ્રી હીરાલાલ કણિયા, જે અમારી સાથે જ મૅટ્રિકમાંથી કૉલેજમાં આવ્યા હતા, તેમનામાં જણાઈ આવતો. કણિયા સાહેબ ભાગ્યે જ પોતાના અધ્યાપનકાર્યમાંથી મુક્ત થઈ શહેરની કોઈ સંસ્થા કે મંડળમાં ભાગ લેતા જણાતા. એ જ રીતે હીરાલાલભાઇ પણ ભાગ્યે જ કોઈ શાળામિત્રનો ગાઢ સંબંધ કરી શકયા હશે. એનું કારણ કદાચ એમ પણ હોય કે તેમને ઘરમાં જ સાહિત્ય, સંગીત, કલા આદિ સંસ્કારવિષયોની પૂરતી હવા મળી રહેતી હશે.

તેઓ ત્રણ ભાઈઓ હતા. સૌથી મોટા ઈશ્વરલાલ, તે એમ.એ. થઈને અકાળ અવસાન પામેલા. વચલા હરિલાલ પણ કુશાગ્ર બુદ્ધિવાળા હતા. તે ભારતની આઝાદી પછી સુપ્રીમ કૉર્ટના ચીફ જસ્ટિસ થએલા. હમણાં થોડા વરસ પહેલાં તે ગુજરી ગયા. ત્રીજા હીરાલાલ અમારી સાથે હતા. તે ભાવનગરમાંથી બી.એ. થઈ મુંબાઈમાં એલ-એલ.બી. કરીને વકીલ થયા. તેમની બુદ્ધિ સૌથી વધારે તેજસ્વી હોવા





જેકિસનદાસ જેઠાલાલ કણિયા
અમારા સંસ્કૃતના પ્રોફેસર

એમના પુત્ર હરિલાલ
જે સુપ્રીમ કોર્ટના જજ થયા

છતાં તબિયતના કારણે તે બહુ આગળ આવી ન શક્યા. મારા મિત્ર શ્રી પરમાનન્દ કાપડિયા સાથે તેઓ ગાઢ સંપર્ક ધરાવે છે.

પ્રો. જેકિસનદાસ જેઠાલાલ કણિયા ઊંચા, પાતળી કાઠીના ને ગૌર વર્ણના હતા. સ્વચ્છ સફેદ મોટો ખેસ અને પૂણેરી ચકરી પાઘડી પહેરી ઘરની ગાડીમાં તે કૉલેજે આવતા. પોતાના વિષય સંસ્કૃતમાં વિપુલ વિદ્વત્તા ધરાવતા છતાં તેમના અવાજમાં એક પ્રકારની રુક્ષતા લાગતી. કોઈ શ્લોકને છંદના લયનો જરા પણ આરોહ કે અવરોહ આપતા નહિ, ગદ્યની જેમ જ તે વાંચતા. પણ તેનું વિવેચન કરતા ત્યારે તેમનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ જણાઈ આવતું. આમ છતાં એમના સંસ્કૃત વાચનમાં કે અંગ્રેજીમાં શુદ્ધ 'સ'ને બદલે 'શ' આવી જતો.

એમના પછી આવે કૉલેજમાં અંગ્રેજીના નામે જેમનો ડંકો વાગતો તે પ્રો. વિઠ્ઠલરાય. તેઓ હતા તો અંગ્રેજીના પ્રોફેસર, પણ ભાવનગરી નાગરિક જેવો છટાદાર પોશાક પહેરતા. માથે મોટી ભાવનગરી પાઘડી, જેને ગુજરાતમાં લોકો ગમ્મતમાં 'ધંટીનું પડ' કહેતા, તે બંકી બની જતી. તેની નીચે બુદ્ધની પ્રતિમા જેવું એમનું ગોળ મુખ, તે પર સપ્રમાણ નાસિકા નીચે માત્ર નીચલો લાલચટાક હોઠ જોઈ શકાય એવો ઝૂલતો કાળી મૂછોનો ગુચ્છો, ચશ્માં પાછળથી ચમકતી આંખો પર કમાન રચતી ભ્રમરો અને ગૌર નાગરી વાન–એ સર્વે પ્રતિભા અને પ્રભાવ પાડતાં. પાઘડી, કોટ, ખેસ ને પાની આગળ લહેરાતા ધોતિયાના પોશાકમાં શોભતા તે વર્ગમાં આવી, ઝપાટા બંધ સીધા મંચ ઉપર જઈ બેસતા, અને પાઠ્યપુસ્તક ખોલતાંની સાથે એમની વાણીનો ફુવારો છૂટતો. તેમાં ભાષાના અનેરા રંગ દેખાડતા. ભાવનગરમાં કોઈ વિરલ પ્રસંગોએ જાહેરમાં તેમને બોલતા સાંભળવા એ એક લહાવો હતો. તેઓ એટલી ઝડપથી બોલતા કે તેમનાં વ્યાખ્યાનોની પૂરી નોંધ પણ લઈ શકાતી નહિ. પાછળથી એક-બીજાની નોંધ મેળવીને અમે વિદ્યાર્થીઓ અમારી નોટો સંપૂર્ણ બનાવી લેતા.

ત્યાર પછી હતા, મારા પૂર્વપરિચિત પ્રો. નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) ભટ્ટ. ત્યારે વિદ્યાર્થીઓમાં તે પ્રો. ભટ્ટને નામે જ ઓળખાતા. ફેલોમાંથી પ્રોફેસર થયા પછી ટોપી ત્યજી તે પંડિતોની જેમ બાંધેલા સફેદ સાફા સાથે લાંબો સફેદ કોટ પહેરતા, અને તે પર બગલમાંથી જનોઈ પેઠે બીજા ખભા ઉપર જતો ખેસ નાખતા. એમની વિસ્ફારિત આંખો અને પ્રતિભાથી દીપ્તિમાન શ્યામવર્ણું સજ્જડ બીડેલું મોં એક પ્રકારની ધાક પણ ઉપજાવતાં. એ કદી ખડખડાટ હસતા હશે કે નહિ તેનો અજાણ્યાને વિચાર થતો. એમણે રોમન ઇતિહાસનાં પાનાં અમારી પાસે ઉઘાડયાં. રોમનોની શિસ્ત, શૂરાતન અને રાજ્ય-વ્યવસ્થા, તેમના વીર શાસકોનાં ચરિત્રો કલા અને શિલ્પ-સ્થાપત્ય–એ સર્વેનું નિરૂપણ કરતાં ત્યાંનાં અટપટા નામો તેઓ સંસ્કૃત ભાષાની ચોકસાઈથી ઉચ્ચારતા. એમના અંગ્રેજી શબ્દોચ્ચારમાં પણ છેડે સંસ્કૃતના અકારાંત જેવો ભાર આવતો. કોઈક વાર વ્યાખ્યાન દરમિયાન અગાઉ આવી ગએલી હકીકતના કોઈ સૂચક સવાલો પણ તે પૂછતા. 'વિલ–ઍની–વન–સે–હૂ–હી–વૉઝ' એમ, શબ્દોને ખૂબ છૂટા પાડીને તે બોલતા. અને ઘણી વાર અમે મિત્રો તેમનું અનુકરણ કરી એક-બીજાની મજાક કરી લેતા. 'મિસ્ટર–રાવલ, વિલ–યૂ–પ્લીઝ–ગિવ–મી–યૉર–નોટબુક?' એમ તેઓ ક્યારેક મને પણ પૂછી લેતા. પણ એકંદરે એમની છણાવટ બહુ વિશદ હતી. રોમન લોકોના ઇતિહાસમાં, તેમની કથાઓમાં તેમણે અમને ખૂબ રસ લેતા કરેલા. પોતાના વિષયમાં રસ ઉપજાવતા–ભાવ ઉત્પન્ન કરતા તેઓ કથન દ્વારા અમને આંજતા અને ઊંડા ઊતરવાનું શીખવતા; કારણ કે તે વિષયમાં તેમનો અભ્યાસ ઘણો ઊંડો અને વ્યાપક હતો. એમ છતાં તેમણે રોમનાં નામચીન શિલ્પ-સ્થાપત્યનાં ચિત્રો કે નમૂનાઓ કદી યે અમારી નજરે આણ્યાં નહોતાં. ઘણાં વર્ષો સુધી શિસ્ત માટે તેઓ રોમન વીરોનાં જ દૃષ્ટાંતો આપતા. સંભવ છે કે દક્ષિણામૂર્તિ સંસ્થાનાં આરંભનાં વર્ષોમાં તેમણે રોમનોની શિસ્ત જ કદાચ નજરમાં રાખી હશે. એ પણ ખરું કે એ કાળે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ પર નજર કરનારા વિદ્વાનો પણ વિરલ હતા. મુંબાઈની કૉલેજોના યૂરોપિયન પ્રિન્સિપલોએ ગ્રીસ-રોમની નાગરિકતા ને માનવતાનાં જે ચિત્રોની છાપ પોતાના વિદ્યાર્થીઓ પર નિપજાવી હતી, તેમાંથી જ આપણા એ પ્રોફેસરો બન્યા હતા.

બીજા એક હતા પ્રોફેસર નરભેરામ કાઠિયાવાડી. આંટીદાર ફેંટા નીચે પ્રૌઢ મોં વાળા પણ સહેજમાં મલકી ઊઠતા. પ્રો. કાઠિયાવાડી આવે ત્યારે કોઈ નાટકનો રમૂજનો પ્રવેશ આવ્યો હોય એવું લાગતું. 'ચશ, ચશ, શાઇલન્શ નાઉ' એમ 'સ'ને સ્થાને 'શ'નો ઉચ્ચાર કરતા તે વાંચવા માંડતા. તેમણે શેક્સપીઅરનાં એક-બે નાટકો (જુલિયસ સીઝર વગેરે) પણ ગુજરાતીમાં પ્રકટ કરેલાં અને એ ભાવનગરના મહારાજાને અર્પણ કરેલાં.



પ્રો. વિઠ્ઠલરાય

પ્રો. ત્રિભુવનદાસ ત્રિવેદી હતા સંજાણા સાહેબના ગણિત-વિષયના પટ્ટશિષ્ય. તેઓ એમ.એ. થયા કે તરત તેમને કૉલેજના ફેલો બનાવવામાં આવેલા. તે ઘણે ભાગે એલજિબ્રા શીખવતા, મધ્યમ કદના તે નબળી કાઠીના લાગતા યુવાન વયના આ વિદ્વાન ખૂબ જ ખંતથી પોતાનો વિષય શીખવતા. પણ હાઈસ્કૂલના છેડા સુધી ગણિતની સાથે માથાં પછાડીને થાકેલા વિદ્યાર્થીઓ તેમની ઝડપને પહોંચી શકતા નહિ. તે સરળ અને નિખાલસ પ્રકૃતિના હતા. ભાવનગરમાં તેમને લાયક જગ્યા થઈ નહિ, એટલે છેવટે કરાચીની સિંધ કૉલેજમાં ગયા. ત્યાં પણ તે વિદ્યાર્થીઓના પ્રિય પાત્ર બની ગયા હતા.

વિજ્ઞાન (સાયન્સ)નો વિષય તો ત્યારે કૉલેજમાંથી ઊડી જ ગયો

હતો. જેમાં મને કંઈક મઝા પડતી તે વિષય પરત્વે (આજથી ઊલટું) કૉલેજની દુનિયા તે વખતે જાણે ઓપરવા લાગતી હતી.

૧૭૦ કૉલેજ અને બોર્ડિંગના મિત્રો

હું રોજ બધા વિષયોમાં હાજરી ભરતો. કૉલેજમાં જવા નીકળું ત્યાં રસ્તામાં કોઈ ને કોઈ મિત્રનો સાથ થઈ જતો: મહાસુખલાલ ભટ્ટ હોય કે પરમાનંદ કાપડિયા હોય. આગળ જતાં તળાવની પાળ પર બે-ચાર જણા ભેગા થઈ જાય. તેમાં રામરાય ગુલાબરાય, નારણભાઈ ઘોધારી, કપિલ પરમાનંદ ઠક્કર, વિઠ્ઠલદાસ પી. પટેલ, ધનસુખલાલ વગેરે હોય. આ ઉપરાંત, હાઈસ્કૂલમાંથી મિત્ર બનેલા દિનકરરાય ગુલાબરાય હતા. તેમના પિતામહ પોરબંદરમાં તે દિવસોમાં એક રાજ્ય-અધિકારી હતા. તે ભાઈની સાથે હું અને ભાઈ પરમાનંદ વધુ નિકટ આવેલા. આ દિનકરરાય ગુલાબી સ્વભાવના, સંસ્કારી અને ખાનદાન યુવક હતા. મેં કૉલેજ છોડયા પછી કદી એમનો મેળાપ થઈ શક્યો નહિ એ મારી એક દુઃખદ સ્મૃતિ છે. પાછળથી જાણેલું, કે એ અકાળે ગુજરી ગયા હતા.

ભાવનગરમાં બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓમાં સ્થાનિકોના કરતાં વધુ બુદ્ધિશાળી અને તીવ્ર અભ્યાસવૃત્તિવાળા ઘણા મળી આવતા. તેમના માટે ત્યારે કોઈ ખાસ મકાન નહોતું, પણ રાજ્યે એક જુદી સગવડ ઊભી કરેલી: જશોનાથ મહાદેવના ચોગાનના પાછલા ભાગમાં પરસાળ હતી, તેમાં ભીંતડાં ચણી તથા જાળીઓ મૂકીને રાજ્યે કેટલીક કામચલાઉ ઓરડીઓ તાત્કાલિક બનાવી આપી હતી. તેમાં વઢવાણથી શિક્ષકની નોકરીમાંથી રજા લઈ ને આગળ ભણવા આવેલા પોપટલાલ સુખલાલ દોશી, વીરચંદ પાનાચંદ શાહ, ગિરધરલાલ ચૂડગર, સુખલાલ શાહ વગેરે તેમજ સિહોરના ચૂનીલાલ જૂઠાભાઈ અને ચંદુલાલ બહેચરલાલ સાથે મારો પરિચય થયો હતો. એ બધાએ મળી એક 'કૉલેજ વિદ્યાર્થીમંડળ' રચ્યું હતું, જેના તરફથી વખતોવખત બૉર્ડિંગમાં ચર્ચા-વિચારણાના પ્રસંગો કે મિલનો ગોઠવાતાં. તેમાં હું હાજરી આપતો. ત્યાં દેશનેતાઓનાં કે સ્વદેશી ચળવળ ઉપર પણ ભાષણો થતાં. સુખલાલ શાહ 'એક દિન એવો આવશે...' એ ગીત બહુ આર્દ્ર સ્વરે ગાતા. 'દુઃખિયાંનો વિસામો રે, માડી, તારી ઝૂંપડી' એ ગીત પણ ગવાતું. બંગાળી કોઈ ગીતો હજી ત્યાં પહોંચ્યાં નહોતાં. એ મંડળમાં મને ભાવના ને આદર્શોનું જીવન સાકાર થતું લાગ્યું.

એ વખતે કૉલેજમાં આવેલા મોટા ભાગના વિદ્યાર્થીઓ પરણેલા હતા. પણ તેઓ રસિકતા પોતાના મનમાં જ છુપાવી રાખતા હતા. કોઈને પત્નીના પ્રેમપત્રો મળતા હોય કે વિરહનાં ગીત લલકારાતાં હોય એવું જોવામાં આવતું નહિ. ભણવા આવનારા લગભગ મધ્યમ વર્ગના કે ગરીબ કુટુંબોના નબીરા હતા. ભણીને કુટુંબની સ્થિતિ સુધારવાની જ સૌને ચિંતા રહેતી. વીરચંદ પાનાચંદ શાહ તો ખૂબ જ કરકસરથી રહેતા, પણ એમ છતાં તેમણે એ વખતે નિશ્ચય કરેલો કે ભણીને નોકરી કરવી નથી, ધંધામાં પડવું છે—વેપાર જ કરવો છે અને લાખ રૂપિયા થઈ જાય પછી ૪૫મે વર્ષે ધંધાથી નિવૃત્ત થઈ જવું છે. આજે તેઓ હયાત નથી, પણ એ પ્રતિજ્ઞા તેમણે પાળી ને પોતાની કમાણીમાંથી ગ્રામોદ્ધારનાં કાર્યો કરી બતાવીને રાજકોટ પાસેના પોતાના વતન સમઢિયાળાને 'વીરનગર' નામથી સેવા દ્વારા ધન્ય બનાવ્યું. આવા કોઈ અપવાદ સિવાય સાધારણ રીતે તો માત્ર 'ભણવું જ છે' એવી નિરુદ્દેશ ભાવનાથી વિદ્યાર્થીઓ કૉલેજમાં આવતા.

કૉલેજમાં તે વખતે વિદ્યાર્થિનીઓનો (કૉલેજ-ગર્લ્સનો) સદંતર અભાવ હતો એટલે જાતીય ચર્ચાના કોઈ પ્રસંગો ઊભા થતા નહિ. વિદ્યાર્થીઓમાં પોશાક સંબંધે ખાસ ઠાઠ કે ભભકો નહોતો. સ્વચ્છ લાંબો બંધ કૉલરનો કોટ, સ્વચ્છ ધોતિયું અને બેંગલોરી ટોપી—એ તેમનો રોજનો સામાન્ય પોશાક હતો. વઢવાણ તરફના વિદ્યાર્થીઓ ફેંટા બાંધીને કૉલેજમાં આવતા. કોઈ પણ હિંદુ વિદ્યાર્થી તે વખતે પાટલૂન પહેરતો નહિ. પ્રોફેસરોમાંથી પણ કોઈ અપવાદ રૂપે ય પાટલૂન પહેરતા નહિ. વિદ્યાર્થીઓમાં માત્ર થીઓસોફીનો સંપર્ક પામેલા ભાઈ કપિલ ઠક્કર પાટલૂન પહેરતા. થીઓસોફીના સભ્યોમાં એ રીતે ત્યારે આંતરરાષ્ટ્રીય એકતા સૂચવાતી હશે. પારસી, મુસ્લિમ ને વોરા વિદ્યાર્થીઓ પાટલૂન કે લેંઘો પહેરતા, જ્યારે ગરાસિયા ચૂડીબંધ સુરવાલ, ઝૂલતું બાજુબંધ અંગરખું ને માથે છોગું લહેરાતો સાફો બાંધતા. કોઈ પણ ફૅશનની બાબતમાં નાગર કોમના વિદ્યાર્થીઓનું સૌ અનુકરણ કરતા. તેઓ તેમના મુત્સદ્દી વડીલોની આમન્યામાં ચાલતા.

ત્રણ વાગ્યે તો સૌ કૉલેજમાંથી છૂટી મુકામ ભેગા થઈ જતા, પણ ચાર વાગ્યા પછી ઘેરથી ટેનિસનું રૅકેટ હાથમાં ઝુલાવતા કૉલેજના ટેનિસકોર્ટ પર એકઠા થતા. મહાસુખરાય ભટ્ટે મને એમાં રસ લેતો કર્યો હતો. એમાં મારે પોરો ખાવાનો હોય ત્યારે હું બીજા રાહ જોતા ઉમેદવારોના સ્કેચ કરતો. આવા લગભગ ૬૦ જેટલા કૉલેજિયનોની મુખાકૃતિઓ મેં અરધા ફૂલ્સકેપ કાગળ પર પેન્સિલથી સમપ્રમાણની કરેલી તે ગુમ થઈ ગઈ છે. તેનો મને આજ સુધી અફસોસ રહ્યો છે.

કૉલેજના અભ્યાસ સાથે અંગ્રેજી વાચન કરવાનો મારો મહાવરો વધતો જતો હતો. પણ ત્યારે નિબંધ સ્વરૂપનું વાચન બહુ ગમતું નહોતું. શેરલૉક હોમ્સની બધી વાતો તે દિવસો દરમિયાન હું વાંચી ગએલો. ડિટેક્ટિવ વાર્તાઓ પરથી 'ફેરી ટેઇલ્સ' ઉપર ઊતર્યો, અને તે પછી કલાવિષયક સામયિકોની ફાઇલો હાથ લાગી, જેમાં લંડનનાં 'આર્ટ જર્નલ' અને 'પંચ'ની ફાઇલોમાંથી ઇંગ્લંડની કલાનું સ્વરૂપ હું સમજી શક્યો. તે પરથી જીવનચરિત્રોમાં મને ચિત્રકારોનાં ચરિત્રો વાંચવાની વૃત્તિ જાગી. ઇટલી, ફ્રાંસ કે જર્મની વિષે હું ત્યારે થોડું જ જાણતો હતો. બધાં અંગ્રેજી છાપાંના 'ક્રિસ્ટમસ અંકો' હું રસથી જોતો. 'પીઅર્સન્સ' અને 'સ્ટ્રૅન્ડ' મૅગઝીનો હું ચિત્રો માટે જ જોતો અને કોઈ ચિત્ર આકર્ષણ કરે તો તેને લગતાં પાનાં વાંચી લેતો. એમાં ભાષાપ્રેમ નહોતો, પણ હકીકતો ને માહિતી મેળવવાનો પ્રયત્ન હતો. આથી કૉલેજમાં અંગ્રેજી સાહિત્યની સારી સગવડ હોવા-મળવા છતાંયે હું ઘણાં વર્ષો સુધી એના સાહિત્યના રસથી વંચિત રહ્યો. (ચાલુ)

અનુસંધાન] **અવિભાજ્ય સંખ્યાઓ** [પૃ. ૩૩થી

આજે કૉમ્પ્યુટર મશીનથી માત્ર એક મિનિટ પણ લાગતી નથી. આ ઉપરથી સમજાશે કે આ યંત્રયુગમાં સંશોધનનું કામ ઘણું ઝડપી બન્યું છે અને તેથી દર વર્ષે નવી અવિભાજ્ય સંખ્યાઓ નક્કી થયા કરે છે. ઉપર દર્શાવેલી બે સૌથી મોટી અવિભાજ્ય સંખ્યાઓ પણ મૅર્સેનેના નંબરોના પ્રકારની જ છે, જો કે તેણે કલ્પી ન હતી.

અવિભાજ્ય સંખ્યાના શાસ્ત્રનો વિકાસ પણ ઘણો રસિક અને આનંદ પડે તેવો છે. આ દિશામાં હું થોડુંક સંશોધન પણ કરી રહ્યો છું અને છેલ્લાં ચાર વર્ષમાં ફુરસદની વેળાએ ગણતરી કરી કેટલાંક નવાં તથ્યો અને નિયમો પણ શોધ્યાં છે. આમ છતાં હજી એમાં કંઈક ઊણપો રહી છે તેની શોધ ચાલુ છે.

ટિકિટસંગ્રહ









દેશના ઔદ્યોગીકરણમાં અતિવિશાળ ફાળો આપનાર સ્વ. જમશેદજી તાતાના માનમાં ૭મી જાન્યુ. એ ભારતે બહાર પાડેલી ટપાલ-ટિકિટ. નીચે : નામદાર પોપની ભારતની મુલાકાતની યાદમાં વૅટિકને બહાર પાડેલી ખાસ ટિકિટ.

અમેરિકાની નવી ટિકિટો : ગયા નવેમ્બરમાં ૨૧મી તારીખે ન્યૂયૉર્કના બ્રૂકલિન અને સ્ટૅટન ટાપુઓને જોડતા દુનિયાના લાંબામાં લાંબા ઝૂલતા પૂલ-વૅરેઝિનો નૅરોબ્રિજ ખુલ્લો મુકાયો એ નિમિત્તની ખાસ ટિકિટ. વચ્ચેની ટિકિટ

જગવિખ્યાત 'મેયો ક્લિનિક'ના સ્થાપક મેયો બંધુઓના માનમાં અને ઉપરની ચાર ટિકિટો ગયા ક્રિસ્ટમસ પ્રસંગે ખાસ બહાર પડેલી છે.



સ્વતંત્ર ઝાંબિયાની ત્રણ ટિકિટો. તેમાં (અનુક્રમે) પહેલીમાં ડૉ. કાઉન્ડા ને વિક્ટોરિયા ધોધ, બીજીમાં ઉચ્ચ અભ્યાસ માટેની કૉલેજનું વિશાળ મકાન ને ત્રીજી પર ત્યાંના એક બરોટસે નૃત્યનું આલેખન છે. (પ્રેષક: પી. એમ. વર્મા, અમદાવાદ)





કિન્યા પ્રજાસત્તાકની પાંચ નવી ટિકિટો. રંગીન ભભકાદાર આ પાંચે ટિકિટો પર દેશના રાષ્ટ્રધ્વજના આલેખન સાથે ત્યાંના વિશિષ્ટ પક્ષી, પ્રાણી ને પુષ્પનું આલેખન તથા એક પર એમના નેતા જોમો કિન્યાતાનું ચિત્ર આપ્યું છે. (પ્રેષક : માધવજી ડાહ્યા, ઇરિંગા અને હસમુખ ડી. શાહ, નકુરુ-કિન્યા.) જહાજોનાં ચિત્રોવાળી નીચેની ચાર ટિકિટો પોલૅન્ડની છે. એમાં અનુક્રમે કોલંબસના કાફલાનું ૧૫મી સદીનું જહાજ, ૧૭મી સદીનું એક યુદ્ધ જહાજ, વ્યાપારી જહાજ 'મરચંટમૅન ફ્લ્યુટ' અને છેલ્લી પર ૨૦મી સદીનું 'દાર પોમોરઝા' નામની ફ્રિગેટનું આલેખન છે.



માનવીનાં સંવેદનોને સજીવન કરનાર બે જગમશહૂર કલાકારો

રંગ
ગઠરિયા
૫૩

ફ્રાન્સિસ્કો ડી **ગોયા**
ય લુસિયેન્ટિસ

ડૉમેનિકૉસ થીઓટોકોપૉલોસ **એલ ગ્રેકો**

ચન્દ્રવદન મહેતા


ગોયાએ પોતે ચીતરેલી પોતાની તસવીર

ચિત્રકળાના ક્ષેત્રમાં ડીએગો વિલૅસ્કિવ્ઝ ડ સિલ્વાએ સ્પેનનું નામ મશહૂર બનાવ્યું. એણે ચિત્રકળાની અકાદમી કઢાવી, જેને પરિણામે ઘણા ખ્યાતનામ ચિતારાઓએ રંગની સૃષ્ટિમાં સ્પેનના લોક અને એની સંવેદનાને સજીવન કર્યા. સંગ્રહસ્થાનો તો અહીં એટલાં બધાં છે! એમાંથી અત્યારે તો આપણે એકમાં જ અછડતી નજર કરીશું. અછડતી, કારણ કે આ રાજમહાલય જેવા આલીશાં મકાનમાં ત્રણ મજલામાં સો ઉપરાંત ખંડો છે! એમાં રાફેલ, રૂબેન્સ, વાન ડાઈક, ગ્રેકો, ગોયા આદિ અનેક નામી કલાકારોનાં અનેક ચિત્રો, જ્યાં સૂરજ એ અમર કૃતિઓને બરાબર અજવાળે એવે સ્થળે અને રીતે, વિચારપૂર્વક ગોઠવવામાં આવ્યાં છે. મકાન એટલું સરસ છે! અને એના પ્રવેશદ્વારમાં જ વેલાસ્કવેસ, મ્યુરિલો ને ગોયા ત્રણે મહારથી અડીખમ પથ્થરમાં કોતરાઈને આવકારવા બેઠા છે. ચિત્રકળાનો શૉખ હોય એ પારી(સ)માં 'લુવ્ર', લેનિનગ્રાદમાં 'હર્મિટેઈજ' અહીં માડ્રિડમાં 'પ્રાડો' અને રોમમાં બે-ત્રણ સંગ્રહસ્થાનો જોઈ વળે તો માનવ-સંવેદનમાં રંગની મિલાવટ માવજત કરનારા મહાન ચિતારાઓનો અચ્છો ખયાલ આવી જાય. પ્રાડો તો પેલા આપણા સેબિલિસના ફુવારાથી બહુ દૂર નથી. ખાસ્સા વિશાળરસ્તા ઉપર એ ઇમારત ખડી છે.

ગોયા

સ્પેનને જગતભરમાં મશહૂર કરનાર નવલકાર જેમ સર્વાન્ટિસ, એમ જગતના ચિત્રકારોનાં મસ્તકો માનમાં નમાવનાર ગોયા. અને એ ગોયા પ્રાડોમાં સારા પ્રમાણમાં જોવા મળે છે. ફ્રાન્સિસ્કો ડી ગોયા ય લુસીઍન્ટિસ ભલે ગરીબ ઘરમાં જન્મ્યો, પણ પ્રણયના પ્રકરણમાં ઉમરાવજાદી સાથે નામ કાઢી બેઠો, અને એ કિસ્સો સારા પ્રમાણમાં ગવાયો યે ખરો, ચવાયો પણ ખરો! સારાગોઝા પરગણામાં જન્મી માડ્રિડમાં આવી ચિત્રકળાનો વિષય બરાબર શીખવા એ રોમ ઊપડ્યો. ત્યાં શીખ્યો; રશિયન રાજદરબારમાં ચિત્રો ચીતરવાનું આમંત્રણ આવ્યું તે નકાર્યું; રોમમાં જ ચિત્રો ચીતરતો રહ્યો અને ટૂંક સમયમાં વિવિધ શૈલીનાં ચિત્રો રજૂ કરી ભારે નામના કમાયો. માડ્રિડ પાછો ફર્યો ત્યારે એને માટે કીર્તિમંદિરના તેમજ રાજમહાલયના દરવાજા ખુલ્લા હતા. પૈસા કમાયો અને એ જ અરસામાં આલ્બાની ઉમરાવજાદીને મળવાનો પ્રસંગ ઊભો થયો. આ સંબંધ નવલકથામાં વણાયો છે અને ફિલ્મ ઉતારનારાઓએ જગજાહેર કર્યો છે, પણ એમાંની હકીકતો માટે વિદ્વાનો હજી સહમત નથી. સૅંકડો ચિત્રો એણે ચીતર્યાં છે, કેટલાંક તો જગમશહૂર થયાં છે, જેમાં 'લા માજા'ના ચિત્ર ઉપર તો આખ્યાયિકાઓ ખડકાઈ છે.


એલ ગ્રેકો

ગોયા સ્પેનથી રોમ ગયો, તો વેનિસની પાસે ક્રીટના ટાપુમાં જન્મી ડોમેનિકોસ થિયોટોકોપૉલોસ એલ ગ્રેકો થોડોક કાળ વેનિસમાં રહી, ઇટાલીમાં ફરી, ત્યાં થોડાં ચિત્રો ચીતરી, કોણ જાણે કેમે પણ સ્પેનમાં ટોલેડો ગામમાં આવી વસ્યો અને ત્યાં જગમશહૂર થએલાં એવાં અનેક ચિત્રો ચીતર્યાં. ટોલેડો દેવળમાં એણે ચીતરેલાં અદ્ભુત રંગાવટવાળાં ભગવાન જિસસનાં ચિત્રોથી એણે ભલભલાને દાંતમાં આગળાં પકડાવ્યાં છે. ભીંત ઉપર, છત ઉપર, કાચ ઉપર અને કૅનવાસ ઉપર એવાં અસંખ્ય ચિત્રો ચીતરી, અઢળક ધન કમાઈ, ટોલેડોમાં એક ડૅાના જેરોનિમા નામની સ્રી સાથે ચોવીસ ખંડોના મોટા મકાનમાં બાદશાહી ઠાઠથી ચાળીસ વર્ષ રહી, ૭૩ વર્ષે ત્યાં જ ગુજર્યો. ડોનાને પેટે થએલો એનો દીકરો મૅન્યુઅલ પોતાના આ અતિ મશહૂર પિતાના શબને સાન ટૉર્ક્યુઆટોમાં લઈ ગયો; પણ ત્યાં એ ક્યાં દટાયો છે એની આજે કોઈને ખબર નથી! એનાં ચિત્રોની સુરખી બરાબર નિહાળવી હોય તો, ટાગો નદીથી વીંટળાએલા આ અત્યંત પુરાણા ટોલેડો ગામના દેવળમાં જઈ, ઊગતા સૂરજના પ્રકાશમાં 'સ્પૉઇલેશન' અને 'વર્જિન ઑવ ધ ગુડ મિલ્ક' ચિત્રો જોવાં જોઈએ. ગોયા અને ગ્રેકો બંનેએ અનુક્રમે લાલ અને ભૂરા રંગને એવી તો અજબ રીતે બહલાવ્યા છે કે એક વાર જોયા બાદ એ મગજમાંથી ખસતા જ નથી. વાન ગૉઘનો જેવો પીળો, એવો આ બેનો ભૂરો અને લાલ. લાલ પીળો અને વાદળી એ ત્રણ રંગના આ ત્રણ બાદશાહો કહી શકાય.

ગ્રાનાડા

રંગ, રેખા અને રૂપ એનો ત્રિવેણીસંગમ સજીવન જોવો હોય તો ટોલેડોથી પણ દક્ષિણે જવું ઘટે. આ અરસામાં ગ્રાનાડામાં ઉત્સવ. અને કહેવત એવી કે 'જે ન જુએ ગ્રાનાડા એ જન્મે જ મૂઆ.' આ જાતની કહેવતો દરેક દેશમાં અમુક સ્થાન માટે મળવાની જ. આપણે એકલા સુરતના જમણથી અટકતા નથી, કાશીમાં મરણની પણ વાત લહેકાવીએ છીએ. એમ અહીં મોકો હતો એટલે આપણે ગ્રાનાડા પણ ઊપડ્યા. દોઢ બે લાખની વસ્તી, પણ જમીન ફળદ્રુપ. સિયેરા નેવડા પહાડોની ખીણમાં ફળફળાદિનો પાર નહિ. છેક ૧૨૦૦ની સાલમાં યુસુફ અને મહંમદ બાદશાહોએ બાંધેલી નગરી. આજે પણ એનો પુરાણો દરબારખંડ, મૂર લોકનાં મકાનો અને અલહમ્બ્રા જોઈએ તો પાંચ સો-સાત સો વર્ષ અગાઉના જમાનામાં જીવતા થઈ જઈએ!

અહીં હતો નૃત્યનો ઉત્સવ. લંડનમાં આપણે ત્યાંની મશહૂર બાલે ડાન્સર ડેઇમ ફૉન્ટેનને મળ્યા હતા, યાદ છે? એ પણ અહીં આવી પોતાનાં નૃત્યો બતાવી ગઈ હતી. પણ અસ્પાનિયાના તાલને કાળના ચપટીના ચોથા ભાગમાં હાથ-પટાકડી ઉપર ભાંગીને તેનાં પર થતાં વિવિધ પ્રકારના ખાસ કરીને આન્ડાલુશિયાનાં નૃત્યો માણવાં હોય ને એની શાસ્ત્રીય સમજ પામવી હોય તો ડોના ડોલોરેસ ડ પેડ્રોસોને



ઈસુ ખ્રિસ્તના જીવનનાં સંવેદનશીલ ચિત્રોના આલેખક
એલ ગ્રેકોનું ચિત્રરત્ન 'સ્પૉઇલેશન'

જોવી. અહીં વાતાવરણ આપણે ત્યાંના રાજસ્થાન જેવું: ધૂળ પણ ખરી અને તડકો ખાસ્સો. ગરીબી પણ એટલી જ. અને જૂનવાણી ઢબઢબ. છતાં પુરાણા જમાનાની નજાકતને લઈ રંગની લગની, જુવાનીનો તોર-દોર, અને આગળપડતો ઠસ્સો-જોસ્સો અહીં જોવા જેવાં છે. સ્પેનની ગોરીઓના ઘાઘરાનો ઘેર કયા પ્રાંતનો સૌથી મોટો એની જો સ્પર્ધા યોજવામાં આવે (અને કદાચ કોઈ અમેરિકન માલેતુજારના મનમાં એવો તુક્કો આવ્યો પણ હશે, અને યોજના અમલમાં મુકાઈ પણ હોય!) તો અહીંના ઘેર કદાચ સૌથી વધારે મપાય!

અહીં સીવણ જ અનોખું. ઘાઘરાના ઘેર કરતાં પાછલા ભાગની ચાળ કદીક તો માણસ જેટલી લાંબી. ઘસડાતી જ જાય. અને સુન્દરી એ ફૂલકે ફૂલેલી ચાળ અદાકારીના લટકાથી ઊંચકી, ડોક-મરોડ અને ખભા-ઝાટકો બતાવી જે ઠસ્સાથી ચાલે તે જોઈને ભલભલાના પગ ભોંયમાં જકડાએલા રહે! એ બધી એમનાં નૃત્યોમાં તરવરે છે. એ ઉપર પારાયણ કરનાર હું કોણ? પરંતુ સુનીલ કોઠારી જેવા ઊગતા જુવાન અથવા દક્ષિણના કોઈ ભરતનૃત્યશાસ્ત્રના તાલના અભ્યાસી ત્યાં જઈ અડ્ડો જમાવી અવગાહન કરે, તો છાતી ઠોકીને કહી શકુ છું કે ભારતના તાલ અને સ્પેનના તાલોમાં ભારોભાર સામ્ય પકડાશે. અહીં પણ યુનિવર્સિટી છે, અને બ્રિટિશ તેમજ આ યુનિવર્સિટીઓ વચ્ચે વિદ્યાર્થીઓની અદલા-બદલી કરવાનો સારો નાતો બંધાયો છે.

ગ્રાનાડામાં નૃત્યનો ઉત્સવ માણ્યો; દિવસ દરમ્યાન અહીં આજુ-બાજુમાં રોમનોએ બાંધેલી નાટકશાળાઓનાં ખંડિયરો જોયાં; અને ત્રીજે દિવસે, આટલે સુધી આવ્યા છીએ એટલે નજીકમાં સાગરકાંઠે આવેલા મશહૂર ગામ મલાગા જોવા પણ ઊપડયા. અહીં પણ આસ-પાસ ઘણું જોવાનું. વળી રોમનોએ બાંધેલું થીએટર અને એના ફૂલથી ઊભરાતા બાગો જોઈ મન ઠાર્યું. પડખે મેડીટરાનો (મેડિટરેનિયન-ભૂમધ્ય) દરિયો, બાજુમાં અધૂકડી ગિરિમાળા, દૂર દેખાતો સૈકાઓ પહેલાં ફીનીશિયનોએ બાંધેલો કિલ્લો, એમ ઘણુંઘણું જોઈ, ત્યાંના રેસ્ટોરાંમાં અહીંનો વખણાતો ઠંડો ગઝપાચો બદામ નાખેલો સૂપ, લસણિયા બનાવટની ખટમધુરી સલાડ, પેસ્કાડો, ને ફ્રિટા, મીઠાઈમાં ટોમાસ ડ સાન લિયાન્ડ્રો વગેરે (અહીંના પ્રખ્યાત 'શેરેઝ'ને બદલે જરા મોંઘા ને કદીક જ હાથ લાગતો 'માંઝાંનીલા' પીતાંપીતાં) આરોગ્યાં.

અહીંથી હવે પશ્ચિમે બાજુમાં જ સેવિલ. ત્યાંની પણ એ જ કહેવત. 'જે ન ગયા સેવિલ, એને ન મળે દિલ.' અને અહીંની પુરાણી રોમનોએ બંધાવેલી નાટકશાળા તો સૌ કરતાં સારી. દિલ તો હતું અમારું કૂમળું (અને હજી છે); પણ વખતનો અભાવ, એટલે એ નાટક-શાળા ન જોવાઈ એ માટે જીવ બળ્યો અને અમે મલાગાથી જ પાછા વળ્યા. ખરેખર, આ મૂર, અરબ, ગ્રીક, ફીનીશિયન આદિ ભાતભાતના લોકોએ અહીં પગ પસાર્યા, પણ રોમનોએ આવીને (ઠેરઠેર બીજું બધું તો ઘણું કર્યું હશે પણ) જે થીએટરો અહીં બાંધ્યાં કે બંધાવ્યાં એ જોઈને તો એમની રંગરાગની વૃત્તિ માટે માન થયા વિના રહેતું નથી.

વેલેન્શિયા

મલાગાથી ગ્રાનાડા આવી ત્યાંથી અમે પૂર્વના કિનારા પર જ વેલેન્શિયા ગયા. અહીં એક નહિ પણ મિજારી, તુરિયા, જુકાર અને સેગુરા—એમ ચાર નદીઓનાં એકઠા થતાં પાણીનો લાભ લેતા ગામની આસપાસનાં માઈલો સુધી પથરાએલાં ખેતરોમાં ગયા, તો ત્યાં જાત-જાતના ચોખાની ભાત, અને ભાતભાતની નારંગીની જાત જોવા મળી! સ્પેનમાં ચોખાની રાંધણમાં ઘણા પ્રકાર છે. બિરંજ જેવો કેસરિયા ભાત પણ ખાવા મળે, એમાં ભારોભાર બદામ-ચારોળી પણ ભળે. અને નારંગીના તો અહીં ભંડાર જ ભરેલા જુઓ! માગો ત્યાં એક ઝાટકામાં 'કોપા' ભરીને લસબસતો રસ મળી જાય. અહીંની લલનાઓ પણ લહેરી, કાળા ભમ્મર વાળનો અંબોડો ગૂંથવામાં હોંસીલી, અને ખવડાવવામાં શૂરીલી.

વેલેન્શિયાની એક કૉલેજમાં ભણતી વિદ્યાર્થિનીનો સીનો લાલ-ચોળ થઈ ગયો: એક ઠેકાણે ખાતાં મેં મેયોનિસ સૉસ માગ્યો તેમાં! હું ઊઠીને એની પાસે દોડયો,—જાણવા કે માખી કાં છીંકાઈ! તો ખબર પડી કે વેલેન્શિયાની પૂર્વમાં આવેલા સ્પેનના બે જાણીતા બેટ (માર્જોર્કા અને માઇનૉર્કા)માંના માઇનૉર્કામાં રહેનારી એ પોટ્ટી અહીં ભણવા આવી છે. માઇનૉર્કાનું પાટનગર મેહોન, અને એ ગામમાં ફ્રેન્ચ બબરચીઓ જે મેયોનિસ સૉસ બનાવે છે તે જ સૉસ અસલમાં સૌથી પહેલો મેહોનમાં બનીને જગમશહૂર થયો. મેહોન શહેર ઉપરથી એ 'મેહોનેસા' યા 'મેહોનેસ્સ' નામે ઓળ-ખાતો. સુભાગ્યે જમવાની એ જગ્યામાં જાતજાતના ચીઝના દા-બડા અને ટમાટા તથા બીજા સૉસના બાટલા મળતા હતા, એટલે હું મૅનેજર પાસે જઈ તરત એક મેહોનેસ સૉસ ખરીદી લાવ્યો, આ કિશોરી પાસે એને હાથે એના પર 'મેહોનેસા' લખાવ્યું, એક ચૉકલેટની પડીકી એના હાથમાં પકડાવી, અને એ સૉસને હું ભારતમાં જઈ હમેશાં મેહોનેસા કહીશ, એટલું જ નહિ પણ એના મોઢાની દૂધાળી ચામડી આ સૉસ જેટલી જ ગોરી છે, એટલે એને પણ હું 'સિનોરિટા મેહોનેસા'







ડાબી બાજુથી (૧) ઘેરદાર ઘાઘરા એ સ્પેનની સ્ત્રીઓના પોશાકની વિશિષ્ટતા છે; (૨) કૉર્ડોવાની મસ્જિદ; (૩) 'પૅશિયો' નામથી ઓળખાતું સ્પેનના ડેલાબંધ આવાસનું અંદરનું આંગણું એની કલાત્મકતા માટે વિખ્યાત હોય છે. સ્પેનના તળપદા સ્થાપત્યમાં મૂર અને ઇસ્લામી અસર ભળવાથી ત્યાં વિશિષ્ટ પ્રકારની મકાનોની માંડણી અને ઇમારતોની બાંધણી સર્જાઈ છે, તે નગરેનગરે જે નાનાવિધ રૂપમાં જોવા મળે છે તેનાં ત્રણ ઉદાહરણ નીચેનાં ચિત્રોમાં મળશે.

કહીશ, એમ કહ્યું ત્યારે જ એના ગાલનો ઊડી ગએલો ગુલાબી રંગ અને મોંમાં ડૂબકી ખાઈ ગએલા સફેદ દાંત બહાર દેખાયા!


દુનિયાની જૂનામાં જૂની અદાલત

અહીં જે ચાર નદીઓનાં પાણી ભેગાં થાય છે તે રેલ પણ લાવે, અને વરસાદ ન પડે ત્યારે સુકામણાં પણ ફેલાવે. આ પરિસ્થિતિમાં જમીન ખેડનારા ખેડૂતોમાં વર્ષભર જમીનના હક્ક બદલ ફસલ માટે ઝઘડા ચાલ્યા કરે. પણ ખેડૂતો એકંદરે શાણા. પેલા સર-નાઇટોની પંથપ્રથા પ્રમાણે જરાતરામાં બચાબચ ભાલા ભોંકવા તૈયાર નથી થતા, પરંતુ એમણે જ—એટલેકે એમના વડવાઓના વડવાઓએ, સરનાઇટની પ્રથા નીકળી તે પહેલાં, મૂર લોકોએ અહીં નહેરો ખોદી પાણીની ગોઠવણ કરી તે સમયથી, અહીં એક સરપંચની વ્યવસ્થા કરી હતી તે હજી બાર સો-પંદર સો વર્ષથી એ જ પ્રમાણે ચાલ્યા કરે છે. દુનિયાભરમાંની અદાલતોમાં આ કદાચ જૂનામાં જૂની અદાલત હશે.

દર ગુરુવારે બરાબર બારને ટકોરે એ કોર્ટ બેસે ને આસપાસના ખેડૂતોના કજિયાનો નિકાલ કરે. કૅથેડ્રલના દરવાજામાં જ આ દરબાર બેસે. ખેડૂતોમાંથી જ ચૂંટાએલા આઠ ન્યાયાધીશો પોતપોતાની બેઠક ઉપર બેસી જાય. ત્યાં ગામનો ફોજદાર હાજર હોય,—સામાન્ય કૉન્સ્ટેબલ કોટિનો. મામલતદાર કે કલેક્ટર કે મેયર કે કમિશનર કોઈ નહિ. ફક્ત આ આઠ ન્યાયાધીશો; અને આસપાસ સફેદ સપાટમાં, કાળા અર્ધા લેંઘામાં, સફેદ ખમીસ અને કાળી હૅટમાં ખેડૂતોનું ટોળું ઊભું હોય. અમને આ હકીકતની ખબર, એટલે અમે પોણા બારના ત્યાં જઈ ખડા થઈ ગયા, અને ગયા એટલે એક ભલા ભાઇએ ત્યાંનાં પગથિયાં ઉપર, જરા ઊંચી અને સારી જગ્યાએ ઊભા રહી બરાબર નજર પડે એવી જગ્યા ઉપર અમને ઊભા રાખ્યા. દેવળના ઘંટમાં બાર વાગ્યા કે તરત આ ન્યાયાધીશો અંદરથી બહાર આવ્યા અને પોતપોતાની ખુરસી ઉપર બિરાજ્યા. અને અલગાસિલ એટલે કે ફોજદાર સાહેબના હાથમાં અગાઉથી યાદી આપેલી, તે પ્રમાણે એ એક પછી એક નામ પોકારે કે વાદી-પ્રતિવાદી તરત આગળ આવી ઊભા રહે.

એક પોતાની ફરિયાદ રજૂ કરે; બીજો તરત જ એનો જવાબ આપે. ફરી એક વાર ફરિયાદીને જે કંઈ કહેવું હોય તે કહે, ને બચાવવાળાને ખુલાસો કરવો હોય તે કરે. બસ, ત્યાં ને ત્યાં પેલા આઠમાંના ચાર જણા જ ફેંસલો કરે;—તે એવી રીતે કે નદીના આ પારના ખેડૂતો

ટોલેડોનું એક દૃશ્ય



ગ્રાનાડાનો મહાલય



સેવિલ શહેરની ઝાંખી





હાથમાંની લાકડાની પટાકડીના તાલે નૃત્ય કરતી સ્પેનની રમણી

માટે નદીની પેલી પાર-ના ચાર ન્યાયાધીશો તહોમતનામું સાંભળે ને ચુકાદો સંભળાવે, અને પેલી બાજુના ફરિયાદી હોય તો આ બાજુવાળા રહીશો તેનો ફેંસલો કરે! ત્યાં ને ત્યાં, ચાર જણા બે-પાંચ મિનિટ વાતો કરે અને ફેંસલો આપી દે. એ પતે કે તરત બીજા ફરિયાદી આગળ આવે, અને એમ દસ-દસ મિનિટમાં ને બે વાગ્યા પહેલાં આઠ-દસ કજિયાનાં કાસળ નીકળી જાય; અને ઘણી વાર તો આઠ દિવસમાં એટલા યે એકઠા ન થાય, એટલે કોઈ વાર એક વાગ્યામાં પણ મામલો પતી જાય. સજામાં દંડ. અને કહે છે કે આટ-આટલા સૈકામાં કોઈએ એ દંડ નથી ભર્યો કે એ દંડ સામે વિરોધ દર્શાવ્યો છે, એવો હજી સુધી તો દાખલો નોંધાયો નથી. અજબ જેવી વાત તો એ કે આ ફરિયાદો બધી મોઢામોઢાની. કોઈ દાવાનો ધણી નહિ, કોઈ દફતર કે દફતરદાર નહિ, વકીલ કે શિરસ્તેદાર નહિ, દસ્તાવેજ લખનાર કે મુખત્યારનામું લખનાર નહિ, કોઈ કાગળ કે હિસાબ નહિ. ફરિયાદ કરી; બચાવ રજૂ થયો; ફરિયાદ બરાબર નથી, તો ફરિયાદીને દંડ, યા ફરિયાદ સાચી તો ગુનેગાર ને દંડ; ફેંસલો ખતમ. જે બોલાયું તે જ સાચું, તે જ પ્રમાણ, તેનો જ અમલ. ઘણા માને છે કે આ પ્રથા છેક રોમન જમાનાથી ચાલતી આવેલી છે અને વેલેન્શિયામાં અનેક અમીરો, ઠાકોરો, બાદશાહો અને સ્પેનના શાહેનશાહો સુદ્ધાં અમલ કરી ગયા, પણ એ હકીકત છે કે આજ સુધી સ્પેનની સુપ્રીમ કોર્ટે પણ, આ પંચના ચુકાદાઓને સદા માન્ય રાખ્યા છે. દેશ-પરદેશના કાયદો ભણવા સ્પેન આવતા વિદ્યાર્થીઓ પણ આ અદાલતને આંગણે તેની વહીવટ-વ્યવસ્થા તથા ચુકાદાઓનો અભ્યાસ કરવા આવે છે. એવા અમને જે મળેલા તે કહેતા હતા કે જો આ આઠ ન્યાયાધીશમાંના કોઈના ઉપર કોઈનું તહોમતનામું હોય, યા એ ફરિયાદી હોય તો તે ઘડીએ એ પોતાની ખુરસી ઉપરથી ઊઠી, નીચે સામાન્ય માણસો ભેગા ઊભા રહે અને એનો ફેંસલો પેલા સામે પાર-વાળા ચાર ન્યાયાધીશો કરી લે, પછી એ પાછા પોતાની જગ્યાએ બેસી જાય, એવું પણ બન્યું છે. (ચાલુ)

વિશ્વામિત્રની મમ્મી

મોહનલાલ પટેલ

પ્લેટફૉર્મ ઉપર કમલેશની નજર અચાનક જ સુરંગા ઉપર પડી. એના એક હાથમાં નાની બૅગ હતી અને બીજા હાથમાં બાળક હતું. ગાડી ઊપડવા માટેની વ્હિસલ થઈ ચૂકી હતી એટલે એ ઉતાવળી ઉતાવળી ગાડીના ડબ્બા તરફ જતી હતી. એ ડબ્બામાં દાખલ થઈ જાય એ પહેલાં એની પાસે પહોંચી જવા કમલેશે ઘણી ય ઉતાવળ કરી; પણ એ શક્ય ન બન્યું, એટલે તે બારી આગળ જઈને ઊભો રહ્યો.

પાંચ વર્ષ પહેલાં કમલેશ અને સુરંગા એક-બીજાને ચાહતાં હતાં. પણ 'સંજોગોવશાત્' પરણી શક્યાં નહિ, એટલે જીવનભર એક-બીજાને ચાહતાં રહેવાના કોલ આપી અનુકૂળ સ્થળે પરણવાની એમણે પરસ્પરને છૂટ આપી, ને લગભગ તરત જ બંને જણ પરણી પણ ગયાં.

આજે સુરંગાને જોતાં કમલેશને ઘણી ઘણી વાતો કરવાનો ઉમળકો થઈ આવ્યો હતો, પણ વ્હિસલ થઈ ચૂકી હતી. પાંચ વર્ષ અગાઉ એક વાર પોતાને જોઈને ગાડીના ભર્યા ડબ્બામાંથી ઊતરી ગઈ હતી એમ આજે પણ એકાદ બે ટ્રેઇનના સમય જતા કરવા એ તૈયાર થાય તો પાંચ વર્ષથી મનમાં સંઘરી રાખેલી ઘણી ઘણી વાતો કરી શકાય.

પણ સુરંગાનું વર્તન તો કંઈ જુદું જ દેખાયું. કમલેશને જોતાં એની આંખમાં એક ચમક આવી ગઈ, પણ એને ભાનપૂર્વક દાબી દઈને પોતાના નાના પુત્રને ઉદ્દેશીને બોલી: 'જો બાબા, કોણ આવ્યું?'

'કોઈ દિવસ બાબાને લઈને ઘેર આવી હોય તો ઓળખે ને?'

'આવવું તો ઘણું યે હોય, પણ એના પપ્પાને ફુરસદ જ ક્યાં છે?'

'બાબાનું નામ શું છે?' 'વિશ્વામિત્ર. કેવું લાગ્યું?'

'સારું. તેં જ પાડ્યું લાગે છે.'

'હં. પણ એના પપ્પાને પસંદ નથી.'

આટલી વાત દરમ્યાન કમલેશને પોતાના ઘરનો રિવાજ યાદ આવ્યો. વિશ્વામિત્રને એ પહેલી વાર જોતો હતો, એટલે એણે એના હાથમાં પાંચ રૂપિયાની નોટ આપવા માંડી. પણ કોઈ ભારે અયોગ્ય કાર્ય થતું હોય એમ સુરંગાએ મક્કમતાથી એનો અનાદર કરવા માંડ્યો રકઝકમાં નોટ નીચે પડી જતાં કમલેશને એ પાછી લઈ લેવી પડી.

કમલેશને શાંત થઈ ગએલો જોઈ સુરંગાએ બે-ચાર ઔપચારિક પ્રશ્નો પૂછી એને બોલતો કર્યો.

બાજુમાંથી એક ફેરિયો પસાર થતાં વિશ્વામિત્રે એના તરફ હાથ લાંબો કર્યો એટલે કમલેશે બૂમ મારી: 'એ...ઈ, બિસ્કિટ.'

સુરંગા બોલી ઊઠી: 'ના, ના. એને બોલાવતા નહિ. બાબાને અમે બહારનું કશું ખવડાવતાં નથી;' એના પપ્પાને ભારે ચીડ છે!'

કમલેશ ફરી શાંત થઈ ગયો. સુરંગાએ આજુબાજુનાં ઉતારુઓની નજરની નોંધ લઈ કમલેશને કહ્યું: 'તમારે ગાડીનું મોડું થશે. અમારે લીધે તમે ગાડી ચૂકી જાઓ એ ઠીક નહિ.'

'અમારે લીધે' શબ્દો કમલેશને તીરની માફક ભોંકાયા. એ કંઈ બોલે એ પહેલાં આ ગાડીની વ્હિસલ ફરી વાગી.

સુરંગાએ વિશ્વામિત્રને આદેશ આપ્યો: 'બાબા, કમલેશભાઈને "આવજો" કહે.' પણ બાબાએ હાથ ઊંચો ન કર્યો, એટલે એણે એના હાથની આંગળીનું ટેરવું પકડીને એ નાનકડો હાથ ઊંચો કર્યો અને બાબા વતી જ જાણે સૂર કાઢ્યો: 'આવજો!'

પડી ગએલા ચહેરે કમલેશે બંનેને જવાબ આપ્યો: 'આવજો'.

સુનીલ કોઠારી આ અંકથી પોતાનો જે પ્રિય વિષય લઈને આવે છે તેનું

એક રસમય પ્રકરણ

"રહસ્યમય ભારતનાં નૃત્યો બાબત અમને ભારે નિરાશા સાંપડી. અવર્ણનીય રૂપ ધરાવતી અને મંદિરોમાં તેમજ ઉત્સવના પ્રસંગે નૃત્ય કરતી લાલિત્યપૂર્ણ આ બાયદરી (Bayadares) નૃત્યાંગનાઓ વિષે કોણે નહિ સાંભળ્યું કે વાંચ્યું હોય? પણ ભારતમાં એમના વિષે પૃચ્છા કરતાં કોઈ અમને ચોક્કસ માહિતી આપી શક્યું નહિ. પણ અમને કહેવામાં આવ્યું કે દૂરદૂરનાં કેટલાંક મંદિરોમાં હજી એ સ્ત્રીઓ મળી આવે ખરી. જે હિંદુઓએ તે નૃત્યો જોયાં હતા તેઓ તે વિષે બિલકુલ ઉત્સાહી જણાયા નહિ. ભારતમાં નૃત્યની શાળાઓ પણ નથી, કે નથી એ કળાઓમાં કોઇને તલભાર રસ.

કલકત્તાના થીએટરના મૅનેજર અમારા મિત્ર હતા. ભારત, બર્મા અને સિલોનમાં બધું મળી કુલ્લે સિત્તેરક જેટલાં થીએટરોના તે માલિક હતા. પાવલોવાને સ્થાનિક ભારતીય નૃત્યો જોવા ઉત્સુક જાણી એમણે લગભગ ચાળીસેક કલાકારો ભેગા કર્યા. પણ અમને તેમણે ચેતવેલા કે એ જોઈ અમે કદાચ હતાશ પણ થઇએ. અને થયું પણ એમ જ. અમે જે જોયું તે તો પૌર્વાત્ય નૃત્યોની વિડમ્બના જ હતી; અથવા અમને એમ લાગ્યું. અટલું જ નહિ પણ ઉઘાડે છોગ તેમાં પશ્ચિમની અસર જણાતી હતી. તે ય ઠીક. પણ તેવી મિશ્ર અસર કશા પ્રકારની ઉચ્ચ રસવૃત્તિ પણ ધરાવતી જણાઈ નહિ.

મુંબાઈમાં કેટલાંક શ્રીમંત પારસી કુટુંબોએ પાવલોવાને એક જાણીતાં હિંદુ નૃત્યાંગનોને જોવા નિમંત્ર્યાં. એ નૃત્યાંગના વિખ્યાત હતાં એમ અમને જણાવવામાં આવ્યું હતું. લગ્નપ્રસંગે તેમજ ઉત્સવ-પ્રસંગે તેમને નિમંત્રણો અપાતાં હતાં. પણ તે યુવાન જણાયાં નહિ. ગાતાં ગાતાં તેઓ તાલબદ્ધ રીતે હાથનાં હલનચલન દ્વારા નૃત્ય કરતાં હતાં. ક્યારેક ડોકું પણ હલાવતાં; પણ શરીર ભાગ્યે જ હલાવતાં. કલાત્મક રીતે જોતાં કહેવું જોઈએ કે કેટલીક પળો આનંદપ્રદ હતી. તે કલાકાર જણાયાં, પણ એટલું જ—વિશેષ કંઈ નહિ.

આ ઉપરાંત બીજાં એક વિખ્યાત નૃત્યાંગનાને અમે કલકત્તામાં જોયાં. તે ય યુવાન હતાં અને નૃત્ય કરતાં કરતાં ગાતાં હતાં. તેમના નૃત્યમાં હલનચલનનું વૈવિધ્ય જોવા મળ્યું ખરું. બસ એટલું જ. આથી વિશેષ નૃત્યવિષયક કશું અમે ભારતમાં જોયું નહોતું. મારે કહેવું જોઇએ કે આ નૃત્યોની સંગતમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વાદ્યો વગાડવા-માં આવતાં હતાં. તેમાનાં ઘણાં તંતુવાદ્ય હતાં. પણ સાથે અનિવાર્ય-પણે તબલાં કે મૃદંગ વગેરે જોવા મળતાં. આમ નૃત્યની સંગતમાં અપાતા સંગીતમાં મોટે ભાગે ગાનારાંઓ પણ જોવા મળતાં. અમે અનેક વાર ભારતીય સંગીત સાંભળ્યું અને એક વાર નોંધી શક્યાં કે સંગીતમાં હજી લોકોને રસ હતો. અમને જાણવા મળ્યું કે મોટા ભાગનાં શહેરોમાં અચ્છા સંગીતકારો છે ય ખરા. વડોદરાના નરેશે તો એક કાયમી રાષ્ટ્રીય ઑર્કેસ્ટ્રા (વાદ્યવૃંદ)ની વ્યવસ્થા કરી છે. તેમજ સંગીતશાળા પણ સ્થાપી છે; એટલું જ નહિ, કોઈ યૂરોપિયન સંગીતજ્ઞને તેની દેખરેખ માટે પણ નિમંત્ર્યાં છે.

પાવલોવાને ભારતીય સ્ત્રીઓમાં સવિશેષ રસ હતો. તેમનાં લ-લિત અંગછટા રજૂ કરતાં, સૌંદર્યપૂર્ણ, મૃદુ, ચપોચપ વસ્ત્રો તેમને ખૂબ ગમતાં. તેમની તીવ્ર ઇચ્છા હતી કે કોઈ તેમને ભારતીય નૃત્યો રજૂ કરવામાં મદદ કરે. પૂર્વના દેશોની અમારી પ્રથમ સફર બાદ અમે 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' નામે 'બૅલે' (નૃત્ય-નાટિકા)ની યોજના કરી. તેમાં પહેલા વિભાગમાં જાપાનીઝ નૃત્યોનો સમાવેશ થતો હતો. અમારી મંડળીનાં કલાકારો જાપાની નૃત્યકારો પાસે તે શીખેલાં અને યૂરોપિયન સંગીતકારોએ જાપાની નૃત્ય-સંગીત શીખી લીધેલું. તે પછીનાં બે દશ્યો ભારતીય હતાં. પહેલું, એક શ્રીમંત ઘરમાં ઉજવાતા લગ્નપ્રસંગનું હતું. એ અમે મુંબાઈમાં ખુદ જોએલા લગ્ન પરથી તૈયાર કરેલું. અને બીજા નૃત્યનો વિષય હતો ભારતીય લોકોને અત્યંત પ્રિય હિંદુ દેવ કૃષ્ણ અને રાધાના દિવ્ય પ્રેમનો.

સુભાગ્યે અમને એક શિક્ષિત હિંદુ યુવકનો લંડનમાં જ ભેટો થયો. તે ભારતમાં નૃત્ય શીખ્યા હતા અને તેને લોકપ્રિય કરવાના પ્રયત્નો કરતા હતા. તેમના દ્વારા એક ભારતીય સંગીતકાર યુવતીનો પરિચય થયો. તેણે પારીસમાં તાજેતરમાં અભ્યાસ પૂરો કર્યો હતો. તેમણે પેલાં બે દશ્યો માટે સંગીત યોજવાનું માથે લીધું અને ભારતના પ્રાદે-શિક વૈવિધ્યપૂર્ણ સાંગીતિક સૂરોની રચના કરી. પરંતુ યૂરોપિયન-ઑર્કેસ્ટ્રામાં તે રજૂ કરવાની ભારે અગવડ પડતી. એટલે પેલા મિત્રે સંગીતના એક પ્રાધ્યાપકને મળી સફળતાપૂર્વક એ ગૂંચનો ઉકેલ આણ્યો. બધા પોશાકો અને સન્નિવેશ અમે ભારતથી આણ્યા હતા.

પણ અમારે માટે વધુ મુશ્કેલ પ્રશ્ન તો હતો પાર્શ્વભૂમિ માટેનાં દશ્યોનો. ભારતીય નાટ્ય કે રંગમંચ પર તેના કલાસિદ્ધાંત અનુસાર એવી પશ્ચાદ્ભૂનો સવાલ નથી રહેતો. અને અમે ભારતમાં જે જોએલું તે તો કૃતક મૂરીશ (pseudo Moorish) ઢબનું અને ઘણી હલકી કક્ષાનું હતું. ત્યારે મને બ્રિટિશ મ્યુઝિયમના ઉત્તમ મિનીએચર પેઇ-ન્ટિંગ (લઘુચિત્રો)ના સંગ્રહનો તેમજ ઇન્ડિયા ઑફિસની લાયબ્રેરીનો ઉપયોગ કરવાનું સૂઝ્યું. સત્તરમી સદીનાં અનુકૂળ લઘુચિત્રો પસંદ કરી અમે અમારા ચિત્રકાર એલેગ્રીને લંડન આવીને તેની નકલ કરી 'સિ-નરી' તૈયાર કરવાનું જણાવ્યું. તેમાં શૈલી ને અલંકારો વગેરે મૂળના જેવાં રાખવાનો આગ્રહ સેવ્યો. આમ, સંગીત નૃત્ય અને વેશભૂષા ભારતીય કલાકારોનાં હતાં, જ્યારે 'સિનરી' ભારતીય ચિત્રકળાના શ્રેષ્ઠ કાળ દરમ્યાનનાં ચિત્રો પરથી તૈયાર કરેલી. જો કે લંડનના લોકો તો આ 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' પરત્વે ઉદાસીન રહ્યા, પણ લંડનમાંના ભારતીયો અમારા કાર્યક્રમો અચૂક જોતા અને કાર્યક્રમને અંતે રંગમંચ પર જઈ પાવલોવાને પુષ્પો આપી તેમનું અભિવાદન કરતા.

ત્યારે બીજી બાજુ અમેરિકામાં એને મોટી સફળતા વરી. અમે બતાવેલાં ભારતનાં દશ્યો અમેરિકનો માટે તો ભારે નવાઈની વાત હતી. અંગ્રેજો બસો વર્ષના શાસન પછી ભારતથી કંઈક પરિચિત હતા. અમે-રિકામાં વસતા ભારતીય વૃત્તાંત-નિવેદકોએ જણાવ્યું કે ભારતીય નૃત્યો-ને લોકપ્રિય કરીને તેમજ તેમાં લોકોને રસ લેતા કરીને પાવલોવાએ ભારત માટે રાષ્ટ્રીય સેવા કરી છે. પછી તો એ કાર્યક્રમો દક્ષિણ અમે-રિકામાં પણ લોકપ્રિય થયા. પણ જર્મન પ્રજાના પ્રતિભાવથી અમે તદ્દન સ્તબ્ધ થઈ ગયા. 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' જોઈ તેમણે કહેલું કે એ કશાકની નકલ છે—જો કે તે શાની નકલ છે તે તેઓ કહી શક્યા નહિ!

અમે જ્યારે ૧૯૨૮–૨૯ના અમારા છેલ્લા નૃત્ય-પ્રવાસે ઊપડ્યાં ત્યારે મેં પાવલોવાને 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' ભારતમાં લઈ જવા સૂચવ્યું. એ સૂચનથી તેણે ભારે અકળામણ અનુભવેલી. છતાં મેં પોશાકો અને સિનરી સાથે લીધાં અને તે બતાવવા વિનતિ કરી. બહુ જ ના-મરજીપૂર્વક તેણે તે કબૂલ્યું. જો કે પરિણામ માટે તેઓ ભારે ચિંતિત



'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ'માં પાવલોવા અને આલ્ગરૅનૉફ



કૃષ્ણ અને રાધા તરીકે ઉદયશંકર અને પાવલોવા

હતાં. ભારતના લોકો આગળ તેમનાં જ નૃત્યો ને વિધિઓ તેમના જ સંગીત પશ્ચિમના ઑર્કેસ્ટ્રા પર ગોઠવીને રજૂ કરવાં, કે તેમનાં પ્રિય દેવી–દેવતાઓ કે પુરાણની વાતોને રજૂ કરવી એ મોટું સાહસ હતું. પરંતુ પાવલોવાના પરમ સંતોષ સાથે જે સફળતા એ કાર્યક્રમને મળી તે અભૂતપૂર્વ હતી. અને પછી તો દરેક કાર્યક્રમ વખતે એ વિભાગ અમારે રજૂ કરવો જ પડતો. આ થઈ મુંબાઈની વાત. કલકત્તામાં પણ એવી જ સફળતા એ કાર્યક્રમને વરી. 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' હું ભારતમાં દર્શાવતાં ખચકાયો નહિ તેનું કારણ હું સમજાવું.

અલબત્ત, એક કાળે ભારતમાં કળા ઉચ્ચ વિકાસ સાધી ચૂકી હતી; પણ જે વખતે અમે કાર્યક્રમો રજૂ કરતાં હતાં ત્યારે, તે કાળે એ તદ્દન ઉપેક્ષિત દશા ભોગવતી હતી. આવા વિશાળ દેશમાં આવી સર્જનાત્મક કળામાં લોકો રસ નહોતા લેતા એ વાત માની ન શકાય તેવી હતી. હું નીચલા થરની વાત નથી કરતો. સામાન્યતઃ તેઓ અભણ કે અજ્ઞાન હોઈ શકે. પરંતુ ઉચ્ચ સ્તરના અનેક રાજરાજવીઓ જેમની પાસે અઢળક નાણું, અમર્યાદ વિસ્તારવાળાં રાજ્ય, અસંખ્ય મહેલો અને ડઝનબંધ રૅાલ્સરૅાઇસ ગાડીઓ હોય. તેઓ પણ આ રાષ્ટ્રીય કળા માટે પોતે જાતે થઈને કશું કરતાં નહોતા કે રસ પણ લેતા નહોતા. ઘણા યે રાજાઓ હમેશાં પારીસ અને લંડન જતા, દુનિયા આખી ભમતા અને છતાં પોતાની તળભૂમિની કળા માટે ભાગ્યે જ વિચાર કરતા. માત્ર અંગ્રેજોએ ભારતીય કળામાં રસ લીધો. તેમણે એક 'આર્કીઑલૉજિકલ(પુરાતત્ત્વ વિષયક)કમિશન સ્થાપ્યું છે અને તેને આશ્રય આપી રહ્યા છે. એ કમિશન પ્રાચીન ઇમારતોને સંરક્ષવાનું અને સ્થાપત્ય વિષયક સંશોધન, સમ રકામ વગેરે હાથ ધરે છે. મુંબાઈ તેમજ કલકત્તામાં કલાશાળાઓ પણ સ્થાપી છે. પ્રવાસ દરમિયાન એ શાળાઓની મુલાકાત લેતાં અને ત્યાંના સંચાલકોને મળી વાતો કરતાં અમને જણાયું કે જો બુદ્ધિપૂર્વક આ પરિસ્થિતિનો સામનો કરવામાં આવે તો ભારતીય યુવક વિશેષ શક્તિ પ્રગટ કરી શકે અને સંસ્કારી રસવૃત્તિ ખીલવી શકે તેમ છે. બન્ને કલાશાળાઓ રાષ્ટ્રીય વલણને કલામાં ખીલવવા મથે છે. અને જેટલું કામ ત્યાં થયું છે તે પ્રાચીન ચિત્રકળાના પ્રતિનિધાનમાં તેમની કુશળતા દર્શાવે છે.

પરંતુ ચિત્રકળામાં જે જાગૃતિ આવી છે તે હજી ભારતીય રંગભૂમિ લગી પહોંચી નથી. બલ્કે અમે એ દિશામાં જે જોયું તે અતિશય બાલિશ અને હલકા ધોરણનું હતું. પાવલોવા જ્યારે 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' વિષે યોજના ઘડતાં હતાં ત્યારે યૂરોપની કલા વિષે જાગ્રત પ્રજા અને ભારતીય પ્રજાની કલાવિષયક ઉદાસીન વૃત્તિથી ડરતાં હતાં. તેમને ખ્યાલ આવ્યો હતો કે પશ્ચિમ ક્યારે ય પૂર્વના આત્માને પામી શકશે નહિ. પરંતુ તેમણે અને તેમના સાથીદારોએ સંપૂર્ણપણે ભારતીય વાતાવરણ ઊભું કરવાના શક્ય તેટલા પ્રયત્નો કર્યા હતા.

પાવલોવા રાધાની ભૂમિકા સુંદર રીતે ભજવતાં. તેમના આ બૅલેમાં ભાગ લેતા અન્ય કલાકારો પણ પોતાનાં પાત્રોને જેબ આપે એ રીતે કામ કરતા. પોતાના દેશ પરત્વેના તેમના આ સંમાનથી ભારતવાસીઓ પ્રસન્ન થયા હતા. ભારતને તેના ઉત્તમ અને આકર્ષક પ્રસંગો દ્વારા તેમજ રંગબેરંગી છટાથી રજૂ કરવાના આ પ્રયત્નોને ભારતીય વિવેચકોએ મુક્ત કંઠે બિરદાવ્યા, અને પાવલોવાનું ભારત કેટલું ઋણી રહેશે તેનું માપ કાઢવું મુશ્કેલ એવાં સ્તુતિવચનો કાઢયાં. પાવલોવા કલાકાર હતાં અને પોતે પરદેશી હોવા છતાં ભારતીય કળામાં જે સ્થગિતતા આવી ગએલી તે દૂર કરી નવું જીવન તેમાં આરોપવાની તેમને જરૂર જણાઈ હતી, અને આ પ્રયો દ્વારા એ ક્ષેત્રમાં વિધિઓ, રીતરિવાજો, દંતકથાઓ, પુરાણો વગેરેનો અભ્યાસ કરી આ કળાને પુનર્જીવન બક્ષવાની દિશામાં આંગળી ચીંધી હતી.

આ પ્રયોગોએ ભારતીય લોકોમાં ભારે રસ પેદા કર્યો. જે કોઈ જોવા આવતા તે સૌ કાર્યક્રમ પત્યે પાવલોવાને મળતા અને કૃતજ્ઞતા

વ્યક્ત કરી કાર્યક્રમ વિષે સૂચનો પણ કરતા. એમાં પણ લગ્નવિધિને લગતાં સૂચનો તેઓ અચૂક કરતા. એક મિત્રે આવી કહ્યું કે વરરાજાના જમણા હાથમાં નારિયેળ તો હોવું જ જોઈએ. બે સ્ત્રીઓએ આવી કહ્યું કે લગ્નવિધિની શરૂઆતમાં જે ફૂલનો તોરો કન્યા પહેરતી તે બરાબર તૈયાર કરવામાં આવ્યો નહોતો, કારણ તેની ફૂલગૂંથણી ખીચોખીચ કરવાથી કન્યાનો ચહેરો ઢંકાઈ જતો હતો. પાવલોવા પોતાની ખામી હોઈ શકે એવી સભાનતા ધરાવતાં હતાં, એટલે આ સૂચનો તેમણે સ્વીકાર્યાં. અને બીજા કાર્યક્રમ વખતે વરરાજાના હાથમાં નારિયેળ મુકાયું તેમ જ કન્યાનો તોરો બદલવામાં આવ્યો. પરંતુ બીજા ભારતીય મિત્રો કાર્યક્રમ પછી આવ્યા અને જુસ્સાપૂર્વક પેલા નારિયેળનો વિરોધ કરતાં જણાવ્યું કે એ તો કેવળ એક જ પ્રદેશમાં હાથમાં રાખવામાં આવે છે, બીજે જ કંઈ તે વિધિ નથી હોતી. તેમણે વળી એમ પણ કહ્યું કે પહેલા પ્રયોગમાં કન્યાનો તોરો બરાબર હતો અને આગલે દહાડે જે મિત્રોએ સૂચન કર્યાં હતાં તે માત્ર 'આધુનિક' વલણનું જ પરિણામ છે. આમ, આ વિરોધ ઘણા દહાડા ચાલ્યો. અને અંતે પાવલોવાએ બધા મિત્રોની શુભેચ્છાઓ સ્વીકારી પૂર્વવત જ કાર્યક્રમ રજૂ કરવાનું મુનાસિબ ધાર્યું.

ઉચ્ચ શિક્ષણ પામેલા ભારતીય પ્રેક્ષકો સાથે અમારા કાર્યક્રમો વિષે ચર્ચા કરવા હું ઉત્સુક હતો. તેમણે આ કાર્યક્રમો વધાવી લીધા હતા. તેઓએ જણાવ્યું કે ભારત તો ઘણો વિશાળ પ્રદેશ છે, એટલે દરેક પ્રાંતની તથા પ્રદેશની નોખીનોખી વિધિ-રૂઢિ હોવાનાં જ, અને અન્ય પ્રદેશમાં તે જાણીતાં ન પણ હોય. લગ્ન દરમિયાન અમારા કાર્યક્રમમાં એક બૌદ્ધ સાધુનું પાત્ર પ્રવેશ કરતું અમે બતાવેલું. તે વિષે બધાંએ ટીકા કરેલી. તેની રજૂઆતમાં પાછળથી ફેરફાર કરતાં અમને ઠીકઠીક મુશ્કેલી પડી હતી.''

વિખ્યાત રશિયન નર્તકી આના પાવલોવાના પતિ વિક્ટર ડેન્ડ્રેએ પાવલોવાના ચરિત્રમાં ભારતીય નૃત્યોનો આ રીતે ઉલ્લેખ કર્યો છે. ૧૯૩૨માં પ્રકટ થએલા એ પુસ્તકમાં ઉદયશંકરના કૃષ્ણની ભૂમિકામાંના એક ફોટોગ્રાફ સિવાય ઉદયશંકરનો નામોલ્લેખ પણ નથી. હા, ઉપરના વર્ણનમાં 'એક હિંદુ યુવક' તરીકે તેમનો ઉલ્લેખ થયો છે. જે ભારતીય સ્ત્રી-મિત્રનો ઉલ્લેખ છે તે હતાં શ્રીમતી કોમલતા બેનર્જી. ઉદયશંકર ૧૯૨૪-૨૫માં લંડનમાં રૉથેન્સ્ટાઈનના માર્ગદર્શન નીચે ત્યાંની રૉયલ એકૅડેમીમાં ચિત્રકળાનો અભ્યાસ કરતા હતા તે અરસાની આ વાત. પણ ભારતીય નૃત્યના ઇતિહાસમાં આ પ્રકરણ અત્યંત મહત્ત્વનું છે. વિક્ટર ડેન્ડ્રેએ ભારતીય પ્રજાની કલા પરત્વેની ઉદાસીનતા જે રીતે નોંધી છે તેમાં કશી જ અતિશયોક્તિ નથી. વાસ્તવમાં, લુપ્તપ્રાય થઈ ચૂકેલી નૃત્યકળાને ફરી કલાના તોરણે પ્રતિષ્ઠિત કરવામાં પાવલોવાના આ પ્રયત્નોનું મહત્ત્વ ઓછુંઆંકી શકાય તેમ નથી.

ભારતીય નૃત્યના પુનરુત્થાન માટે આજીવન પ્રયત્નો કરનાર અગ્રણીઓમાં મોખરે છે ઉદયશંકર અને બીજા છે રામગોપાલ. શાસ્ત્રીય નૃત્યોની પ્રતિષ્ઠા તો ઉદયશંકરના પ્રયાસો પછી લગભગ એક દાયકા બાદ થઈ, અને તે યે લગભગ આજ પાંત્રીસ વર્ષ પછી જ જાહેર સમારંભોમાં શાસ્ત્રીય નૃત્યો રજૂ થવા લાગ્યાં છે. તે પૂર્વે તો ભારતીય નૃત્યો તરીકે ઘણું બધું રજૂ થઈ શકતું. આજે ય તે ઓરીએન્ટલ ડાન્સિંગને નામે ઘણું બધું રજૂ થાય છે. અરે, હજી હમણાં એક જ દાયકાપૂર્વે પણ દશા કૈં વધુ સારી નહોતી. છતાં ઉદયશંકરના પ્રયત્નોનું ઐતિહાસિક મૂલ્ય સવિશેષ છે. અને એ ઉદયશંકરને નૃત્યક્ષેત્રે વાળનાર હતાં વિશ્વવિખ્યાત બૅલેરીના પાવલોવા. મૂળે રશિયન, પાછળથી લંડન જઈ રહ્યાથી થએલાં, અનેક વાર વિશ્વપ્રવાસ ખેડી ચૂકેલાં; અને મૃત્યુ પહેલાં છેલ્લા પ્રવાસમાં નીકળતાં પૂર્વે જ લંડનમાં ઉદયશંકરનો પરિચય થતાં 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ' દ્વારા ભારતીય નૃત્યના પુનરુત્થાનનો એમણે પ્રારંભ કર્યો. એ જ પાવલોવાએ, જ્યારે શ્રીમતી રુક્મિણીદેવી પોતાના પતિ સાથે ઑસ્ટ્રેલિયામાં હતાં ત્યારે પરિચય થતાં તેમને પણ ભારતીય નૃત્યો પ્રતિ વળવા સૂચવેલું; અને, આમ, દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા મેળવી ચૂકેલાં એ વિદેશી કલાકારે બે મહાન ભારતીય કલાકારોને પ્રોત્સાહન આપી ભારતીય નૃત્યના ઇતિહાસમાં મોટું પરિવર્તન આણ્યું.

પાવલોવાએ રજૂ કરેલાં 'ઓરીએન્ટલ ઇમ્પ્રેશન્સ'નાં નૃત્યો કેવાં હશે તેનો આજે આપણને ખયાલ આવી શકે નહિ. છતાં આ સાથે પ્રગટ કરેલા ફોટોગ્રાફો પરથી કલ્પના કરવી અઘરી નથી. જો કે તેના પરની માત્ર વસ્ત્રાલંકારોનો જ ખયાલ આવી શકે; તથાપિ એ નૃત્ય વિષે કશું કહી શકાય નહિ. બહુધા મનોહર કે લાલિત્યપૂર્ણ અંગવિન્યાસ દ્વારા ભાવને અનુકૂળ રહી રજૂઆત કરવાના પ્રયત્નો એ હશે એવું કહી શકાય. અને લગ્નવિધિની રજૂઆતમાં 'ભારતીય દૃશ્ય' સિવાય નૃત્ય તો ઘણું અલ્પ હોવું જોઈએ.

છતાં એક મહત્ત્વની વાતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી, કે પાવલોવાના આવા પ્રયત્નોથી ભારતીય નૃત્યોના ઇતિહાસનું એક મહત્ત્વનું પ્રકરણ લખાયું તે પૂર્વે નૃત્યકળા અત્યંત હીન દશાએ પહોંચી હતી એ તો નિઃશંક બીના છે. પાવલોવાના પતિ વિક્ટરનું નિરીક્ષણ ખોટું નથી. સમસ્ત પ્રજા કળા પરત્વે ઉદાસીન હતી. 'બાયદારી' કહેવાતી વેશ્યાઓ અને એવી હલકી સ્ત્રીઓની આજીવિકાનું જ સાધન નૃત્યકળા બની હતી. મંદિરમાં ધાર્મિક વિધિ તરીકે નૃત્યની પ્રતિષ્ઠા કરવામાં આવતાં દેવદાસીઓની પ્રથા અમલમાં આવી, તો બીજે પક્ષે એ પ્રથાએ વારાંગનાઓને જન્મ આપ્યો. ધર્મના વડાઓની ઉપવસ્ત્ર બની એ દેવદાસીઓની પ્રથાએ જડ થઈ ગએલા રૂઢિ આચારને પરિણામે એવો તો સડો દાખલ કર્યો કે નૃત્યને ભદ્ર સમાજમાંથી દેશવટો મળ્યો. ઉત્તર ભારતમાં 'બાઈજીઓ'ની પ્રથાએ પણ આમ જ દાટ વાળ્યો. અને પરદેશી શાસન દરમિયાન ન તો કોઈએ એને જાળવવાનો પ્રયત્ન કર્યો કે ન તો તેની કાળજી રાખી.

પાવલોવાને ભારતીય નૃત્યો રજૂ કરવાનો વિચાર આવ્યો ત્યારે યે ભારતીય નૃત્યની કેવી કરુણ દશા હતી! સુરુચિનો ભંગ કરે તેવાં નાચનારીઓનાં હલકાં નખરાંભર્યાં નૃત્યો, અને કેટલીક નાચનારીઓના લિથોગ્રાફ ચિત્રો; એ સિવાય કોઈ વધુ કશું જાણતું નહિ. ગોરા સાહેબોને તો કશાની પડી જ નહોતી; તે એટલે સુધી કે એમને તો નૃત્યના મહત્ત્વ પ્રત્યે પણ તિરસ્કાર હતો. હજી થોડાં વર્ષો પૂર્વે જ લંડનમાં બર્લિંગ્ટન હાઉસમાં ભારતીય કલા-પ્રદર્શન વખતે જ્યારે એમ સૂચવવામાં આવેલું કે 'નૃત્યકાર રામગોપાલ ભારતીય શિલ્પને સમજવામાં મદદરૂપ થઈ પડે એ રીતે કેટલીક નૃત્યસ્થિતિઓ દ્વારા તે તે શિલ્પને સમજાવે' ત્યારે તો હાહાકાર મચી ગયો! અધિકારીઓ અકળાયા કે બર્લિંગ્ટન હાઉસની વિધિ (ગૅલેરી)માં કોઈ નૃત્ય કરે?! એ બાબતમાં ફ્રેંચ લોકો હજી એ વાત આવકારે, પણ એકંદરે ગોરા અધિકારીઓની આવી ઉપેક્ષાવૃત્તિથી જ પરદેશી અમલ દરમિયાન નૃત્યને ભારે ફટકો પડેલો. એટલે અધોગતિએ પહોંચેલી કળા અને આ ઉપેક્ષાવૃત્તિ—એ બન્ને બળોએ ભૂમિકા ભજવી. સારે નસીબે આ સદીની વીશીના (૧૯૨૦-૩૦ના) ગાળામાં સમયસર જ એ દશા બદલાય તેવી ઘટના બની અને ઉદયશંકરે ભારતીય રંગભૂમિ પર પ્રવેશ કર્યો.

(ક્રમશઃ)

ડેઇમ ઇડિથ સિટવલ

પરિચય : નલિન રાવળ

કોઈ સામ્રાજ્ઞીના ગૌરવથી જીવન જીવી જનાર અંગ્રેજ કવયિત્રી ડેઇમ ઇડિથ સિટ્વલે ગઈ ૯મી ડિસેમ્બરે લંડનની સેન્ટ ટૉમસ ઑસ્પિટલમાં વિશ્વની અંતિમ વિદાય લીધી. બ્રિટિશ સાહિત્યનો જ નહિ, સામ્રાજ્યનો એક તેજસ્વી જ્યોતિ વિલીન થયો. પોતાના ૭૭ વર્ષના દીર્ઘ જીવનકાળ દરમ્યાન એમણે વિશિષ્ટ પ્રણાલિકાઓનું જતન કરતા બ્રિટિશ સમાજમાં અને વિશિષ્ટ પરંપરાઓનો આદર કરતા બ્રિટિશ સાહિત્યમાં નિજની વિલક્ષણ અદાઓને કારણે અનેરું સ્થાન પ્રાપ્ત કરેલું.

ક્યારેક મખમલના શોભનમંડિત મૂલ્યવાન ને વિવિધ જભ્ભામાં, તો ક્યારેક મધ્યયુગીય ભભકાભર્યા કિંમતી પોશાકોમાં શણગારાએલો છ ફૂટ ઊંચો એમનો નાજરમાન દેહ, એમના આખા યે ચહેરા પર ફરતી એક અપારદર્શી આભાથી ઓપી રહેતો. પોતે સિટવલ ખાનદાનનાં છે અને પોતાની નસોમાં રાજવી કુળ-રૉબર્ટ બ્રુસ અને મૅકબેથ-નું લોહી વહે છે એ ખયાલથી ઇડિથ અત્યંત સભાન હતાં. આવી ઐતિહાસિક જાગરુકતાની તીવ્રતાને કારણે તેમજ પોતાની ને રાણી ઇલિઝાબેથ (પહેલાં)ની જન્મતિથિ એક જ આવતી હોવાને લઈ તેઓ રાણી ઇલિઝાબેથ સાથે નિકટત્વ અનુભવતાં. 'Fan fare For Elizab·th' અને 'Queens and Hives'માં ઇંગ્લંડની એ મહાન રાણીનું એમણે કરેલું આલેખન અત્યંત લોકપ્રિય નીવડેલું.

ગયા એપ્રિલમાં એમણે આત્મકથા પ્રસિદ્ધ કરી ત્યારે પુછાએલા એક પ્રશ્નના ઉત્તરમાં એમણે માર્મિક રીતે કહેલું : 'રોમન કૅથૉલિક હોવાથી' (૫૫માં ધર્મપરિવર્તન કરેલું). હું સમજું છું કે મારે મૃત્યુનો ભય સેવવાનો ન હોય; પણ મારા ખયાલમાં હું એવી મુસ્તાક બની બેઠી છું કે મારા વગર આ દુનિયા કેમ કરી ચાલશે તે હું કલ્પી જ નથી શકતી.' આ આત્મરત કવયિત્રી કાવ્ય દ્વારા દિવ્ય વિરક્તિનો અનુભવ કરતાં, તો જીવન દ્વારા ક્યારેક કેવી કરુણ વિરક્તિનો અનુભવ કરતાં તેનો અણસાર આ ઉદ્‌ગારમાં જણાયછે: 'a little outside Life.'

સાંપ્રત વિશ્વથી સચિંત આ અતીતમુગ્ધ







મથાળે : ડેઇમ ઇડિથ સિટવલ : પૂર્વાવસ્થા; નીચે : ઉત્તરાવસ્થા; જમણી બાજુ : ડૉ. સિટવલ, તસવીર કલાકાર : આલ્વારો ગ્વેવારા. આ સદીના બીજા દશકમાં જ્યારે ઇડિથ સિટવલ નિજી કાવ્યસર્જન ઉપરાંત નવોદિત કવિઓના અભિનવ સર્જન-પ્રકારોને 'વ્હીલ્સ'(ચક્ર) નામક પોતાના વાર્ષિક સમુચ્ચયો દ્વારા પ્રકાશિત કરીને ઉત્તેજન આપતાં, તે સમયે ચીતરાએલી ઉપલી તસવીરમાં કલાકારે એ યુગની નવી કવિતાનો તીખો અને ઉત્તેજિત રંગ (મૂળમાં) અદ્‌ભુત રીતે ઉતાર્યો છે. ડૉ. સિટવલની બીજા કવિઓ ઉપરની વિવેચના, એમનાં પોતાનાં સર્જનો અને સાહિત્યપ્રચાર માટેની એમની કાળજીભરી મહેનત ને' માવજતે અંગ્રેજી સાહિત્યની ઊંચી સેવા કરી છે.

કવયિત્રીનો જન્મ સ્કારબરોમાં ઈ. ૧૮૮૭ની ૭મી સપ્ટેમ્બરે થએલો. છેક તેરમી સદીથી અખંડ ચાલી આવતી ઉત્તર ઇંગ્લંડ ખાતેની એમની જાગીરમાં, સત્તરમી સદીમાં ભૂખરી શિલાઓમાંથી બાંધવામાં આવેલા વિશાળ રેનિસૉ પાર્કમાં એમનું શૈશવ પસાર થએલું. બૅરોનેટ પિતા સર જ્યૉર્જ સિટવલ અને માતા ઇડા સિટવલનું એડિથ પહેલું સંતાન.

યૉર્કશાયરના કાંઠાનો એ ભવ્ય દરિયો, એ દરિયાના વિવિધ મિજાજો, રેનિસૉ પાર્કમાં રેલાતી ચાંદનીમાં રમતી રહસ્યમયી રાત્રિઓ મેડિટરેનિયન (ભૂમધ્ય સમુદ્રીય) ઉષ્મા અને રંગપટલો તેમજ ઇટલી, સ્પેઇન ને ફ્લૉરેન્સનો ખેડેલો પ્રથમ પ્રવાસ-અનુભવ—આ સર્વે એમની કવિતામાં એમના શિશુકાળની અનેક તસવીરો સાથે ઝળહળે છે.

આત્મચરિત્રાત્મક કાવ્ય—કર્નલ ફેન્ટૉક—માં શિશુ વયની સ્મૃતિનો આ કવયિત્રીએ કેવો અદ્‌ભુત વિનિયોગ કર્યો છે! પોતાના મનોમયમાં ઝૂલતા પરીકથાના વિશ્વને સાકાર કરતી એમની શ્રુતિમધુર દીર્ઘ રચનાઓમાં 'કર્નલ ફેન્ટૉક'નું સ્થાન અનન્ય છે. શિશુ વયની પ્રોજ્જ્વલ સ્મૃતિમાં છલી ઊઠતા આવાસોમાં પડઘાતી કર્નલ ફેન્ટૉકની યુદ્ધકથા ઇડિથ પોતાના ભાઈઓ સાથે સાંભળે છે. પણ કેવાં યુદ્ધ? વૃદ્ધ ફેન્ટૉક હવે માત્ર ખેલી રહ્યો છે યુદ્ધો, થીજાવી દે એવી ગરીબાઈ સાથે અને હતપ્રભ કરી નાખે એવી વૃદ્ધાવસ્થા સાથે :

'With cold poverty and belpless age' એ કાવ્યમાંની ઘણી પંક્તિઓ બૉદલેર-

ના કથન–the senses correspond to one another in such a way that it is possible to hear colour and see sound—નો પુરસ્કાર કરે છે.

'...the calm full moon
Was like the sound within
the growth of trees.'

જેવી પંક્તિઓમાં શ્રાવ્ય પ્રતીકો auditory images ને દૃશ્ય પ્રતીકો visual imagesનું એક આત્મતર્પક રસાયણ થાય છે.

લંડનમાંનાં પોતાનાં શરૂનાં વર્ષોમાં ઇડિથે બૉદલેર, વર્લૈ, માલાર્મે, વાલેરી, ઍપોલિનેર અને સમકાલીન કવિજનો યેટ્સ ને એલિયટનાં પ્રતીકોનો ઊંડો અભ્યાસ કર્યો. ૧૯૧૫માં પ્રથમ સંગ્રહ 'The Mother' પ્રગટ થયો. એમાંનાં મોટા ભાગનાં કાવ્યો, બૉદલેર અને રિમ્બૉનાં સીધાં અનુકરણો હોવાથી ઇડિથે સ્વયં એ રદ કર્યાં. ઈ. ૧૯૩૦માં પ્રગટ થએલા સંગ્રહ'Collected Poems'માં'The Mother'ની રચનાઓને સ્થાન નથી.

પોતાના બે પ્રભાવશાળી કવિ-બંધુઓ ઑસ્બર્ટ ને સશરવલના સહકારથી ૧૯૧૬ થી '૨૧ દરમ્યાન એમણે 'વ્હીલ્સ' નામક વાર્ષિકનું પ્રકાશન કર્યું, જે સમુચ્ચશ્રેણીમાં પોતાના રસ અને મિજાજને અનુરૂપ એવી સાચ્ચી કવિતાઓને પ્રગટ કરતા રહી એમણે સમકાલીન કવિતાનો એક નવો પ્રવાહ દઢ કર્યો. અસંખ્ય લેખો, કાવ્યો, કાવ્ય-વાચનના ભવ્ય કાર્યક્રમો તેમજ સંભાષણો દ્વારા ઇડિથે લૂણો ચડી ચૂકેલા કાવ્ય-પ્રકારો પર આકરા પ્રહારો કર્યા. નવા પ્રતિભાશાળી સર્જકોનું અભિવાદન એ અતિ પ્રેમપૂર્વક કરતાં એટલું જ નહિ, નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા માટે ઝંખતાં. જ્યારે બીજી બાજુ, અમુક વિસારે પડેલાં મૂલ્યોનું પુનર્મૂલ્યાંકન કરતાં કેટલાંક વિવેચનો પણ એમણે કર્યાં છે. કવિતા અને વિવેચનને આવરી લેતા એમના આ ગ્રંથો પૈકી કેટલાક તો અપૂર્વ છે.

એમના કાવ્યગ્રંથોમાં છે: The mother (1915)Clowns' Houses(1918) The Wooden Pegasus (1920), Bucolic Comedies (1923), Rustic Elegies (1927), Gold Coast Customs (1929), Collected Poems (1930), Poems New and Old (1940) Street Songs (1942),Green Songs (1944), Facade (1950), Gardeners and Astronomers (1953). વિવેચન ગ્રંથો અને અન્ય પુસ્તકો: Poetry and Criticism (1925) Alexander Pope (1930) The English Eccentrics (1932), Aspects of Modern Poetry (1934), Poet's Note–book (1943).

નવી લય-લઢણો, નવા શબ્દ-પ્રયોગો, સ્વર-વ્યંજનોનાં નવીન સંયોજનો, પદલાલિત્યનાં વિશિષ્ટ આયોજન દ્વારા સિદ્ધ કરેલી નવીન આકૃતિઓ અને નવીન ભાવસ્પંદનો જગાવતાં પ્રતિરૂપોના બાહુલ્યને કારણે સિટવલ 'ઇમેઇજિસ્ટ' તરીકે ઓળખાયાં, પણ એમની ઉત્તમ રચનાઓમાં એક સ્વસ્થ 'સિમ્બૉલિસ્ટ'નાં દર્શન થાય છે. ગતિ, આકૃતિ અને સ્વરાવલિના સયુક્તિક પ્રયત્નથી–

Old
Sir
Faulk,
Tall as a stork

–જેવી ઇમેઇજિસ્ટોને વરેલી. ચાતુરી સિદ્ધ થઈ શકે, પણ એથી વિશેષ કોઈ શક્યતા ખરી? એક ઉત્તમ રચના Aubadeમાં પ્રતિરૂપ કેવી અકળ રીતે પ્રતીકમાં પરિણમે છે તે નોંધવા જેવું છે. એમાં ઉપાડ જાણે જોડકણાનો લય:

Jane, Jane
Tall as a crane. —પણ પછી
The morning light

Creaks down again પંક્તિ પર આવતાં આખો ય લય ગંભીર બને છે, એટલું જ નહિ પણ કિચન મેઇડ (રસોયણ)ની શાશ્વત વ્યથાનું ધ્વનિચિત્ર ઝીલી શકે છે.

કાવ્યમાં તેઓ નાદનું, ધ્વનિનું મહત્ત્વ વિશેષ આંકે છે. Facadeમાંનાં કાવ્યોને સિટવલ અમૂર્ત કાવ્યો—Abstract Poems—કહે છે. અમૂર્ત એટલે ધ્વનિમાં આલેખાએલી આકૃતિઓ, નાદબદ્ધ સ્વરૂપો; 'They are Patterns in sound.' પોતાની કાવ્યપ્રક્રિયાને સમજાવતાં ઘણાં લખાણો એમણે કર્યાં છે, પણ એમની કાવ્ય-પ્રક્રિયાનો આત્મા આ શ્લોકમાં ઝીલાયો છે:

'They without trepidation
undertake
Excursions into sleep
And safely come awake.'

(નિદ્રા મહીંની એ નિષ્કંપ યાત્રા છે, અને નિર્વિઘ્નપણે પુનઃ પ્રાપ્ત થતી જાગૃતિ છે.)

લીડ્ઝ, ડર્બન, ઑક્સફર્ડ ને શેફીલ્ડ યુનિવર્સિટીઓ તરફથી ડૉક્ટરેટની માનદ પદવી મેળવનાર ઇડિથ સિટવલ વિષે એમના કવિ-બંધુ સશરવલે યથાર્થ કહ્યું છે કે 'Her love is Poetry, she lives within a Phrase.' પણ એ હકીકતે એટલી જ સૂચક છે કે આ મહાન સાહિત્યોપાસક કવયિત્રીએ, પોતાને બાળવયમાં ઉછેરનાર ગૃહશિક્ષિકા (ગવર્નેસ)ની ક્ષણગંભીર માંદગીમાં ખડે પગે ચાકરી કરવામાં એમણે દસ વરસ કવિતાને કોરાણે મૂકેલી!

Gold Coast Customsમાં પ્રગટ થતી સામાજિક સંપ્રજ્ઞતાનો વ્યાપ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન વૈશ્વિક સંપ્રજ્ઞતાના પરિમાણમાં પરિણમે છે. આ ગાળા દરમ્યાન રચાએલી અસંખ્ય કૃતિઓમાં સિટવલનું જીવનદર્શન ધર્મ પ્રત્યે, માનવધર્મ પ્રત્યે સવિશેષ અભિમુખ થતું જાય છે. આત્મવિદારક નિર્વેદનો અનુભવ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સિટવલને થયો. 'થ્રી

શબ્દકથા: દોડો, ડોડો

'મકાઈનો ડોડો', 'એલચી-ડોડો', 'કમળનો દોડો', 'ફળનો ડોડો', 'ખસખસનો ડોડો', 'મરેઠીનો ડોડો', આ જાણીતા પ્રયોગોમાં 'દોડો' કે 'ડોડો'નો અર્થ 'ફળફૂલના ગર્ભવાળો (પણ વણખીલ્યો) અથવા કણસલા કે દાણાવાળો ગોટો કે ડૂંડું છે.

'દોડો' ઉપરથી 'ડોડો'—જેમ દાંડો-ડાંડો, દૂંડું-ડૂંડું, દૂંટી-ડૂંટી, દીંટું-ડીંટું વગેરેમાં પાછલા વર્ણની અસરથી આગલો બદલાયો છે. ગુજરાતીમાં શબ્દારંભે આવતા દંત્ય વર્ણને આવા સંદર્ભમાં બદલીને મૂર્ધન્ય કરવાનું પ્રકટ વલણ છે.

'ડોડો' ઉપરાંત 'ડોડવો' છે. જેમ ઝાડ-ઝાડવું, છોડ-છોડવો, તેમ ડોડો-ડોડવો. 'લડુક' ઉપરથી થયો 'લાડુ'; અને 'લડુક' પરથી થએલા એ 'લડુઅ'ને વળી 'અ' પ્રત્યય લાગીને તેમાંથી 'લાડુઓ', 'લાડવો' થયો. પછી લઘુતાવાચક તરીકે '૦વો' બીજા શબ્દોને પણ લાગતો થયો.

'દોડો'નું મૂળ દ્રાવિડી છે. તમિળ 'તોટ્ટ', અને કન્નડ 'દોડ્ડ' એટલે મોટું, જાડું, તગડું, અંદરના ભરાવાથી પુષ્ટ ને બહિર્ગોળ.

પ્રાકૃત ભાષામાં રચાએલી જૈન કથાઓમાં બ્રાહ્મણ માટેનો ઉપહાસશબ્દ 'ડોડ' છે. ધર્મને નામે ખાઈપીને તગડા—તુંદિલ બનનાર ઉપર આ ઉપવાસથી કાયા કૃશ કરનારાઓનો પ્રહાર છે. શંકરના પૂજારીને જેનો 'ભરડો' કહે છે, તેમાં પણ 'પેટભરો' સમાએલો છે. 'ભુટ્ટો' 'ભુઠ્ઠો' ભલે હાલ કાચા મકાઈડોડા માટે વપરાતા, પણ તેમનું મૂળ સં૦ 'ભૃષ્ટ', પ્રા૦ 'ભટ્ટ' જોતાં તે મૂળમાં તો ભૂંજેલા માટે જ વપરાતા હોવા જોઈએ.

હરિવલ્લભ ભાયાણી

ડ્રીમ્સ ઑવ ધી ઍટમિક એજ', 'લલ્લાબી' અને 'સ્ટિલ ફૉલ્સ ધ રેઇન'માં એમની આંતરવ્યથાના તાર ઝણઝણી ઊઠતા સંભળાય છે.

લંડન ઉપર બૉંબવર્ષા થઈ રહી છે. હવાઈ હુમલાઓથી માનવમૂલ્યોનો, માનવ સંસ્કૃતિનો અને માનવ ધર્મનો હ્રાસ થઈ રહ્યો છે. સિટવલ આ બૉંબ-વર્ષાને વર્ષા (રેઇન) સાથે સાંકળી એક વૈશ્વિક રૂપક Cosmic Metaphor યોજી શકે છે. આમ 'Still Falls the Rain'માં સિટવલ માત્ર પોતાનો નહિ પણ આખા યે યુદ્ધગ્રસ્ત યુરોપનો નિર્વેદ લયબદ્ધ કરી શકે છે. લય સ્વયં અહીં પ્રતીક છે.

Still falls the Rain–
Dark as the world of man,
Black as our loss–
Blind as the nineteen hundred
and forty nails
Upon the cross.

આત્માના ઔદાર્યથી વિશુદ્ધ થએલો આ પ્રોજ્જ્વલ અને વીર્યવંત ઉદ્ગાર સિટવલની અંતિમ રચનાઓમાં ધ્વનિત થતો થતો શાશ્વતમાં મળી ગયો.

કાવ્યસંગ્રહો—નવા અને જૂના

અવલોકન : ભોળાભાઈ પટેલ

વિસ્મય : શ્રી જયન્ત પાઠકનો આ ત્રીજો સંગ્રહ છે. ૧૯૫૪માં પ્રગટ થએલા એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'મર્મર'માં કવિની 'ઉષાઝલક' દેખાઈ હતી; વચ્ચે 'સંકેત' (૧૯૬૦)ની ૨૧ રચનાઓમાં એમનો આધુનિકતાબોધ પ્રગટ થતો દેખાતો હતો, અને એમાં પણ એક વળાંક હતો; આ 'વિસ્મય'માં કવિ પાછા પોતાના માર્ગ પર આવી ગયા જણાય છે.

મુખ્યત્વે એમની કવિતા પરંપરાગત કાવ્યરૂપો અને વિષયોમાં રાચતી જણાય છે. નાનીમોટી ૮૭ જેટલી આ રચનાઓમાં ૨૫ જેટલાં સૉનેટ છે. વિષયોની દૃષ્ટિએ જોતાં કવિનો ઋતુલીલા પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ દેખાઈ આવે છે અને આ સંગ્રહમાંની કેટલીક હૃદ્ય રચનાઓ એ જ સ્વરૂપ અને વિષયમાં રચાઈ છે. વળી, ભાષા પરનું એમનું પ્રભુત્વ અને સફાઈદાર છંદો યોજવાની એમની શક્તિનો પરિચય પણ આ સંગ્રહમાં મળી આવે છે; તેમ છતાં સમગ્રપણે જોવા જતાં કશીક ઊણપ વરતાયા કરે છે. ભાષાની નાની અભિવ્યક્તિઓ ખીલવવા પ્રત્યેની કવિની ઉદાસીનતા, માત્ર વિસ્મયની પેલે પાર ન જઈ શકાતું સંવેદન અને અભિનય કલ્પનોનો અભાવ આને માટે જવાબદાર હશે? ક્યારેક તેમની કલ્પના તરંગની કોટિમાં જ રહી જતી જણાય છે. વળી, આમાંનાં ગીતો તો 'મર્મર'નાં ગીતો જેટલી પણ તૃપ્તિ આપી શકતાં નથી. એમના જેવા કાવ્યમર્મજ્ઞ કવિ પુસ્તકના કલેવરના ભોગે પણ કેટલીક રચનાઓને બાદ કરી શક્યા હોત. (હરિહર પુસ્તકાલય, સુરત, પૃ. ૯૬ રૂ. ૨ા)

નાન્દી : 'પદ્મા'ના જાણીતા કવિ પ્રજારામ રાવળ આઠેક વર્ષ પછી આ 'નાન્દી'માં ૬૬ જેટલાં કાવ્યો-ગીતો, ૧૨ જેટલાં મુક્તકો અને ૧૮ અનુવાદો (જેમાંના ચાર 'પદ્મા'માં આવી ગયાં છે) લઈને આવે છે. 'પદ્મા'નું વૈવિધ્ય અને વૈશિષ્ટ્ય આ સંગ્રહમાં નથી, પણ 'પદ્મા'માં જે મર્યાદાઓ છે, તે બધી અહીં થોડા વિકાસ સાથે જોવા મળે છે. પ્રજારામની કવિતા વક્તવ્યધર્મી કવિતા છે. 'નીલ નભ સાથ ધરાનું શુભ લગ્ન' ઝંખનાર આ કવિની ભાવના અને ભક્તિમાં રહેલો આવેગ પણ છેવટે તો સીધા વક્તવ્ય કે વર્ણનમાં પ્રસરી જાય છે.

'નાન્દી'ના કવિ આશાવાદી અને (તેથી) શ્રદ્ધાળુ કવિ છે. અહીં પૃથ્વીપટે ખંડિત, અધૂરાં સ્વપ્નોના રઝળતા ટુકડા, તપ્ત રણમાં વિલુપ્ત થતી સરિતા અને ખીલ્યા પહેલાં ખરતી કળીને જોવા છતાં કવિની નજર તો રહે છે દિશવિદિશને શોભાવનારી પુનરપિપુનઃ ઊગનારી આશાકલિકા પર (પૃ. ૯). 'હું છું પૃથ્વી સમ' કાવ્યમાં પણ એક બાજુ કવિ પોતામાં રહેલી આસુરી વૃત્તિઓનું રૂપકાત્મક વર્ણન કરે છે, તો બીજી બાજુ તેમાં રહેલી દૈવી સંપત્તિથી પણ પરિચિત છે, અને તેથી એમની કવિતામાં વિજય પ્રતિ અભિગમન કરનારનાં પગલાંની દૃઢતા વરતાય છે. તે સિવાય 'શેષ અને ઇન્દ્ર', 'સાચી પ્રીત', 'સંધ્યા નમે' વગેરે કૃતિઓમાં પોતાનામાં રહેતી બે જાતનો અવબોધ કવિ પામતા દેખાય છે.

પ્રજારામ મુક્તિમાર્ગના પ્રવાસી છે. 'ચાલીસમે'માં એ આ વીત્યાં વર્ષોમાં મુક્તિમાર્ગે જવાનો પોતે કેટલો સંઘર્ષ કર્યો છે તેની વાત કરે છે. પોતાના જીવનના અણુઅણુમાં તે ઈશ્વરનો સ્પર્શ ઇચ્છે છે. 'હિરણ્ય તવ કીર્તિ', 'તારો સ્પર્શ' વગેરેમાં પણ તે આ પરમ સ્પર્શની વાત કરે છે. કવિએ ભક્તિ-ભાવનાવાળાં ગીતો-ભજનો પણ આપ્યાં છે, જેમાં કેટલીક રચના માત્ર ગોઠવણીથી વિશેષ નથી. 'અગનઅતિથિ' 'અહો શબ્દ એ' એનાં ઉદાહરણ છે.

આ સંગ્રહમાં ઋતુ સંબંધી આઠ-નવ રચનાઓ છે, પરન્તુ 'પદ્મા'માં આવા પ્રકારનાં કાવ્યો વાંચતાં જે મુગ્ધતા અને ઉલ્લાસનું દર્શન થાય છે, તેના 'હેમન્ત' કાવ્યમાં જે અનુષ્ટુપની ખીલવણી છે, તે અહીં વિરલ છે. 'ખૂચ' કવિતા ચેતોહર છે. 'આ અંધકાર શો મહેકે છે'માં ઉલ્લાસનો આવેગ અનુભવાય છે, તો 'ત્રણના ટકોરા'માં કવિ હળવે હાથે વાતાવરણનું ચિત્ર આંકી શક્યા છે. (હરિહર પુસ્તકાલય, સુરત, પૃ. ૧૨૮, રૂ. ૨ા)

બાલકાંડ-અયોધ્યાકાંડ : રામાયણ ને મહાભારત આપણા ગ્રંથમણિઓ છે, અને સંસ્કૃત ભાષા સાથેનો આપણો સંબંધ જ્યારે હવે ઓછો થતો જાય છે ત્યારે તો આવા ગ્રંથોના અનુવાદ ખાસ આવકાર્ય છે. શ્રી હંસાબહેન મહેતાએ શેક્સપીઅરની કૃતિઓને અનુષ્ટુપમાં ઉતાર્યા પછી વાલ્મીકિના અનુષ્ટુપને ગુજરાતીમાં અવતારવાનો આમાં પ્રયત્ન કર્યો છે. એમણે કરેલા વાલ્મીકિ રામાયણના અલગ અલગ કાંડ તો લગભગ બધા જ પ્રગટ થઈ ચૂક્યા છે. અહીં બાલકાંડ અને અયોધ્યાકાંડને સાંકળીને આપવામાં આવ્યા છે.

અનુવાદ આખરે તો અનુવાદ હોય, છતાં જે ભાષામાંથી અનુવાદ કરવામાં આવે તે ભાષાની છટા જાળવીને, જે ભાષામાં અનુવાદ કરવાનો હોય તેની સ્વાભાવિકતા જાળવવાનું અતિ દુષ્કર કાર્ય અનુવાદકે સાધવાનું છે. આ અનુવાદ વાંચતાં સ્થળે સ્થળે ક્લેશ થયા વિના રહેતો નથી. મૂળ સાથે આની शलाका-પરીક્ષા કરી જોતાં (પૃ. ૧૫૭) પહેલી પંક્તિમાં 'વિષણ્ણ બ્હી'માંનો 'બ્હી' શબ્દ કેવો અડવો લાગે છે! મૂળ શ્લોકમાં તેને માટે કોઈ શબ્દ નથી. ચોથા અનુષ્ટુપમાં 'ભયાકુલ થયા રામ'નું મૂળ સંસ્કૃત છે : रामोऽपि भयमापन्न। એમાં 'अपि' શબ્દ મહત્ત્વનો છે : 'રામ પણ', જે રામ સામાન્ય રીતે ભય ન પામે 'તે રામ પણ' ભય પામ્યા. એ ભાર અને ભાવ અનુવાદમાં આવે છે? આ સિવાય અનેક અસ્પષ્ટ પદરચનાઓ, અપ્રચલિત સંસ્કૃત શબ્દોનો જેમ ને તેમ પ્રયોગ, 'અજાગલ' જેવા અનેક 'તો' અનુવાદને દુર્વાચ્ય બનાવે છે. કમભાગ્યે આવાં સ્થળો ઓછાં નથી. નવાઈની વાત તો એ છે કે આ બીજી સુધારેલી આવૃત્તિ છે. વાલ્મીકિના અનુષ્ટુપનું ગૌરવ અનુવાદમાં જળવાયું નથી. અનુવાદમાં રામાયણી કથાના મુખ્ય અંશો જ લીધા છે તે એક રીતે સારું થયું છે. કથારસના વ્યતિક્રમ સિવાય કાવ્યનો આસ્વાદ લઈ શકાય છે. આમ છતાં વાલ્મીકિ રામાયણના સુરેખ સંક્ષેપ અનુવાદની ઊણપ રહેવાની જ. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧ રૂ. ૧૦)


કલાયાત્રી

પીરભાઈ મનસૂરી

આ અંકના પાછલા પૂઠામાં આપેલું, ૧૮× ૨૦ ઇંચના માપનું, લીનો-પટ ઉપર વેગીલી સ્ફુરાયમાન રેખાઓમાં કોરાએલું ચિત્ર 'નવા તૃણાંકુરોની છાબ' તથા આ પૃષ્ઠ પર આપેલું 'ઘુવડની આંખ' તીક્ષ્ણધાર પર મેળવેલા કાબૂની સુંદર ગવાહી છે. ચિત્રકામની આવી પ્રવીણતા પ્રાપ્ત કરનાર ભાઈ પીરભાઈ મનસૂરી આવી સફળ કલમ સાથે 'કુમાર'માં અને ગુજરાતમાં પોતાનો પ્રથમ પરિચય કરાવે છે.

તરુણાઈના દ્વારે ઊભેલા ગુજરાતના આ સપૂત આજે લંડનની કૉલેજ ઑાવ પ્રિન્ટિંગ-માં સાંજના વર્ગોમાં અભ્યાસ કરે છે અને સાથે પોતાના નિર્વાહ માટે નોકરી પણ કરે છે.

ઇંગ્લંડની આ સંસ્થામાં પહોંચતાં પહેલાં તેને તંગી, નિરાશા અને નિષ્ફળતાની ઘણી ધારો વટાવવી પડી હતી. ઉત્તર ગુજરાતમાં વીસનગર પાસેના ધામણુવા ગામે પ્રાથમિક અને વીસનગર મુકામે આગળ શિક્ષણ લેતાં મુનશી દાવર ફકીર પાસે પાટિયાં રંગવા-લખવાનું તે શીખેલા. વર્ગ-શિક્ષકોની લાગણી છતાં પરીક્ષાના વિષયો સારા થઈ શકતા નહિ અને મા-બાપને ચિંતા રહેતી. પણ પીરભાઈએ ચિત્રકામની પરીક્ષાને પસાર કરી તેમજ ચિત્ર-શિક્ષક રજા પર હતા ત્યારે તેના વર્ગો પણ ચલાવ્યા. ઈ. ૧૯૫૪માં મૅટ્રિકમાં અંગ્રેજીના વિષયમાં નાપાસ થયા અને બીજા મિત્રની સાથે અમદાવાદ સી. એન. વિદ્યાવિહારના કલાવિદ્યાલયમાં ચિત્રશિક્ષકનો અભ્યાસ કરવા આવ્યા. પણ એ વિષયમાં પ્રવેશ ન મળ્યો એટલે તે ત્યાં 'પેઇન્ટિંગ' વિભાગના વર્ગો ભરતા અને ખાનગી કામ કરીને ખર્ચ કાઢતા. તેમના પિતાશ્રીને તો પરગામમાં શિક્ષકની નોકરી હતી, અને માતાને સમજાવેલું કે પોતે ચિત્ર-શિક્ષકના વર્ગમાં છે. પુત્ર માટે અનેક મહેચ્છા ધરાવતી માતાને નિરાશા ન થાય એટલા જ માટે એમને અંધારામાં રાખ્યાં, કેમ કે અમદાવાદ આવવાના પૈસા તેમણે મહામુશ્કેલીએ એકઠા કરી આપ્યા હતા. છ મહિના પછી પિતાને જાણ થઈ કે ચિત્ર-શિક્ષક થવાનું હજી દૂર રહ્યું છે. પણ પેઇન્ટિંગ વિભાગની પહેલી પરીક્ષા પાસ કર્યા પછી (ડી. ટી. સી.) (ડ્રૉઇંગ ટીચર્સ સર્ટિફિકેટ)ના વર્ગમાં તેમને પ્રવેશ મળી ગયો એટલે મન વાળ્યું, ને એમાં સારા વિદ્યાર્થી તરીકે લગભગ બીજા નંબરે તે પાસ થયા.



પણ પછી નોકરીની ફિકર થઈ. એક હાઈસ્કૂલવાળાએ તે મૅટ્રિક થયા નહિ હોવાથી ઠરાવેલા ધોરણ રૂા. ૧૧૫ ને બદલે માસિક રૂા. ૯૫ તેમને આપવાનું કહ્યું. તે સંજોગવશ બની કબૂલ કરી લીધું, પણ થોડા જ વખતમાં તેમને બીજી સારી જગ્યા મળી આવી. ત્યાં કામ કરતાંકરતાં વિદ્યાવિહારમાં પેઇન્ટિંગની બીજી પરીક્ષા પણ તેમણે આપી દીધી. પણ પછી ઍડવાન્સ પેઇન્ટિંગની પરીક્ષા આપવા માટે તૈયારી કરવા સારુ નોકરીમાંથી રજા લેવાની જરૂર પડી. પરીક્ષાની એ તૈયારીના ગાળા દરમ્યાન છૂટક નોકરી અને પરચૂરણ ધંધા-કામ તેમણે કર્યું. વચ્ચે ડી. એમ. (ડ્રૉઇંગ માસ્ટર)ની પરીક્ષા માટે મુંબાઈ જવું પડયું, ત્યાં એક કંપનીના પબ્લિસિટી આર્ટિસ્ટ તરીકે કામ કર્યું, પણ માતાની માંદગીના સમાચાર મળતાં તેમને પાછા વતન આવવું પડયું. સિદ્ધપુરની હાઈસ્કૂલમાં નોકરી મેળવી માતાને પોતાની પાસે રાખી સંભાળ લઈને સાજાં કર્યાં અને પછી ત્યાંથી મુંબાઈ જઈ આર્ટમાસ્ટરની પરીક્ષા આપી. તે જ વર્ષે તેમનાં લગ્ન થયાં. તેમનાં પત્ની પ્રાથમિક શાળામાં શિક્ષિકા થયાં તે પછી ચિત્રવર્ગની ઍડવાન્સ કોર્સની પરીક્ષા એમણે ચાર ચાર વાર આપી, પણ ગમે તે કારણે તેમાં સફળતા મળી નહિ. દરમ્યાન વધુ સારી નોકરી મેળવવા માટે ફાંફાં મારતાં મારતાં કાર્યરત રહ્યે જતા હતા. એવામાં એક દિવસ 'ટાઇમ્સ ઑાવ ઇંડિયા'માં ઇન્ટિગ્રેશન(હેવી જૉબ)ની જાહેર ખબર વાંચવામાં આવી. વાંચીને મનમાં થયું કે કોઈક મોટું સાહસ કરવું જોઈએ, કે જેથી માતા-પિતાની નાણાં સંબંધી ચિંતા ટળે.'

ઇંગ્લંડ પહોંચવા માટે પાસપોર્ટ મેળવવા સુધીની પ્રક્રિયાએ પૈસા અને દોડધામનો પૂરો કસ કાઢયો. એક વાર ટ્રેઇનમાં કાંધી



ઘુવડની આંખ (લિનોકટ)


જતાં આણંદ-મહેમદાવાદ વચ્ચે સૂટકેસ ચોરાઈ ગઈ, જેમાં બધાં જ ભલામણપત્રો, પૈસા, કપડાં—એમ સર્વસ્વ ગુમ થયા પામ્યું. ખિસ્સામાં માત્ર ટિકિટ અને કેવળ છ આના બાકી રહેલા! ઉપરાંત, મુંબાઈમાં એક પાસપોર્ટ એજન્ટ રૂ. ૭૫ ખાઈ ગએલો. નવો પાસપોર્ટ મળતાં બીજા અગિયાર મહિના વીતી ગયા, અને તે સાથે ઇંગ્લંડમાં મેળવેલી નોકરીના કરારપત્રની મુદત પણ વીતી ચૂકી! પણ 'બ્રિટિશ ઇન્ફર્મેશન સર્વિસિઝ'માં કાર્ય કરતા શ્રી ત્રિભુવનભાઈ પંડયા તેમને ઇન્ટિગ્રેશન ઑફિસર પાસે રૂબરૂમાં લઈ ગયા અને એ જ મહિને નવું પત્રક મળ્યું.

આમ, આખરે, ઇંગ્લંડની સ્ટીમરમાં તો ચઢી ગયા, પણ ત્યાં-એ પરભૂમિમાં ઊતરીને કોને ત્યાં જવું, કયાં રહેવું, તે સંબંધે કશું જ નક્કી નહોતું. ફક્ત 'નોકરી કરીશ અને ભણીશ'—એટલો જ મનનો જુસ્સો કાયમ હતો. સદ્ભાગ્યે સ્ટીમરમાં એક ગુજરાતી શ્રી દયારામભાઈનો અચાનક ભેટો થઈ ગએલો. તે અંગ્રેજી નહોતા જાણતા અને પોતાના સંબંધીઓને મળવા જઈ રહ્યા હતા. એવામાં તેમની પાસે પૈસા ખૂટેલા, તેમને ભાઈ મનસૂરીએ એ વેળા યોગ્ય મદદ કરેલી, એટલે તે ભાઈ મનસૂરીને લંડનને બદલે પોતાના સંબંધીને ત્યાં લિસ્ટર ગામે લઈ ગયા. ત્યાં ગજબની ઠંડી અને ખર્ચ પહેલી વાર અનુભવ્યાં.

પણ પછી નોકરીએ લાગીને અભ્યાસની તપાસ કરવા માંડી. લિસ્ટરમાં 'વ્યક્તિ કૃતિ-ચિત્રપ્રદર્શન' કર્યું ત્યારે એક-બે મિત્રમંડળો ત્યાં છે તેમણે સહાય કરી અને પરિણામે હવે તેઓ ઉપર્યુક્ત ધંધાદારી ચિત્રશાળામાં અભ્યાસ આગળ વધારે છે. —ર. મ. રા.

શું ઍબ્સ્ટ્રૅક્ટ (અમૂર્ત) ચિત્રો અર્થહીન છે?

એ પ્રશ્નના પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ



મ્યુઝિયમ ઑવ મૉડર્ન આર્ટ (ન્યૂ યૉર્ક)માં હાન્સ હાર્ટુંગનું અમૂર્ત કલાનું તૈલચિત્ર

← હા

એવું જ છે

આ 'મૉડર્ન આર્ટ'ની એક વિચિત્રતા તો એ છે કે એને સમજવા માટે પ્રથમ તો એ 'સમજાવવી' પડે છે! સર્જનાત્મક કલાના સમગ્ર ઇતિહાસમાં અગાઉ આવું ક્યારે યે બન્યું નથી.

લીઓનાર્દો દ વિન્ચીને પોતાના 'લાસ્ટ સપર' ચિત્રને ક્યારેય તે સમજાવવું પડયું છે? કે ટર્નરનાં સૂર્યાસ્તનાં દૃશ્યોને કદી વર્ણવવાં પડયાં છે? કે ગેઈન્સબરોના 'બ્લ્યૂ બૉય'ની કદી ઓળખાણ કરાવવાની જરૂર પડી છે?

તેઓના કાળ પછી યે કળા અનેક પરિવર્તનો પામતી ગઈ છે. અને હવે આપણી સામે એ બધાંમાં વધુમાં વધુ અર્થહીન એવી 'ઍબ્સ્ટ્રૅક્ટ આર્ટ' આવીને પડી છે. એક વાર ચિમ્પાન્ઝી વાનરને પીછીઓ ને રંગ આપતાં એણે ઉપજાવેલી 'ઍબ્સ્ટ્રૅક્ટ આર્ટ' માણસે સર્જેલી 'ઍબ્સ્ટ્રૅક્ટ' ચિત્રકૃતિઓ કરતાં જરાયે જુદી ન પડેલી. એથી વધારે પુરાવો એના અર્થહીનપણા માટે બીજો કયો જોઈએ? અને વળી, કૅનવાસ પર રંગો લપેડીને પછી એના પર પગલાં પાડીને કે બાઇસિકલ ફેરવીને ઉપજાવેલાં 'ઍક્શન ચિત્રો'ની કદર કરવાની પણ આપણી પાસેથી અપેક્ષા રખાય છે!

'કૉલાજ' એ વળી એક વધુ નવો કલાપ્રકાર છે. એમાં તો અસલ વસ્તુઓ કે પદાર્થોનો પણ ઉપયોગ થાય છે-જેમ કે સાઈકલની જૂની ચેઇન, સ્ટવની નળીનો ટુકડો, ઘસાઈ ગએલું ખાસડું કે તપેલીનાં છીબાં જેવી ચીજો પણ એમાં વપરાય! અને પછી આ બધાંનો શો અર્થ થાય છે તે, અલબત્ત, પ્રેક્ષકને 'સમજાવવું' પડે છે! તાજેતરના એક પ્રદર્શનમાં વળી, એક પ્લાઈવૂડના એક ખૂણે માત્ર લાલ કૂંડાળું જ ચીતરેલું હતું. આવું 'સર્જન' કરવા માટે તે માણસે કેવાક મોટા કલાકાર થવું પડયું હશે? અને એની પાછળ શો ગંભીર 'અર્થ' રહેલો હશે?

વસ્તુતઃ કલા તો લોકોની મિલ્કત છે, અને ખુદ લોકો જ મોટે ભાગે આ મૉડર્ન 'ખયાલાત'ને નાપસંદ કરે છે. એમનાં ઘરમાં જાઓ તો જોશો કે પોતાનાં ઘરની દીવાલો પર લટકાવવા માટે તેઓ આકર્ષક નિસર્ગદૃશ્યો કે રંગભરી તસવીરો જ પસંદ કરે છે. અને એ ચિત્રો પણ તાલીમ પામેલા ચિત્રકારોએ ચીતરવાં પડે છે; જ્યારે આજની 'મૉડર્ન' કૃતિ તો કોઈપણ—બે વર્ષનું બાળક પણ કૅનવાસ પર રંગ લપેડીને સર્જી શકે. ઘણા લોકો આ વાત પામી ગયા છે અને એટલે જ મૂર્ખ બનવા માગતા નથી.

દરમિયાન, ભૂતકાળની મહાન કળા તો હજી જીવે જ છે અને આજે ય એનાં મોંઘાં મૂલ અંકાય છે.

ના →

એવું નથી

સૈંકડો વર્ષોથી ચિત્રકારોનું કૌશલ માનવીની તસવીરો, કુદરતી દૃશ્યો અને ઐતિહાસિક બનાવો આલેખવામાં વપરાતું હતું. એ ચિત્રકારો વિના ભૂતકાળનું તાદૃશ દર્શન આપણને આમ બહુ ઓછું થઈ શક્યું હોત.

ફોટોગ્રાફીની—ખાસ કરીને રંગીન ફોટોગ્રાફીની શોધ થતાં એ ચિત્રકારોની એ ક્ષેત્રોમાંની ઉપયોગિતા નષ્ટ થઈ ગઈ છે. ખાસ તો એટલા માટે કે એ ફોટોગ્રાફીએ પણ પોતાના એવા આગવા કલાકારો સર્જ્યા છે જેઓ ફોટો ચિત્રોમાં માત્ર તાદૃશ્યતા ખડી કરવા ઉપરાંત પણ ઘણું વધારે રજૂ કરી શકે છે.

તો પછી આજના મૉડર્ન કલાકારોએ શું કરવું રહ્યું? પોતાની અંદર ઉછળતી સિસૃક્ષા-સર્જનેચ્છા-ને એમણે અંતે કોઈ નવા ક્ષેત્રના ખેડાણમાં જ યોજવી રહી. એ હવે કૅમેરાનું કામ તો ન જ કરી શકે. ચિત્રો એટલે હૂબહૂ ફોટોગ્રાફિક નિરૂપણ એટલો જ જેમનો ખયાલ છે એ જ લોકો ફક્ત તેમની ટીકા કરે છે.

આધુનિક કલાનો ખયાલ એવો છે કે સમકાલીન કલાકૃતિ જોનાર કોઇને પણ કંઈક નવી જ અનુભૂતિ થવી જોઇએ. દાખલા તરીકે સાંજે ઘરતરફ વળતા ગાયના ધણનું તાદૃશ ચિત્ર એક જાતની લાગણીવશતા પ્રેરશે, પણ એને 'કલા' સાથે ઓછી નિસ્બત હશે.

ઍબ્સ્ટ્રૅક્ટ આર્ટના સંબંધમાં ભલે કોઈ ચિમ્પાન્ઝી વાનરના ચિત્ર-આલેખનની કે તાજા રંગલપેડા પર બાઈસિકલ ફેરવવાની વાત પર હસે. એવી કૃતિઓમાંનો ચિત્રરસ, કોઈ ભરચક ફૂલ-ક્યારીઓમાંની રંગભભકની પેઠે, આંખ પર રંગની છોળો ઉડાવવા પૂરતો જ મર્યાદિત છે.

સાચા ઍબ્સ્ટ્રૅક્ટ ચિત્રમાં તો કોઈ બુનિયાદી રચના કે ભાત હોય છે, અને એ કાંઈ 'ગમે તે માણસ કરી શકે' એવી તો નથી જ હોતી. છતાં જે વિવેચકો એમ માનતા હોય તેઓ પોતે જ ભલે એકાદ વેળા આવો પ્રયત્ન કરી જુએ! ગમે તે હો, પણ કળા વિષેની આ દલીલબાજી એ સમયનો વ્યય છે. એની શ્રેષ્ઠ પરીક્ષા તો આ એક જ પ્રશ્નમાં છે કે, 'ચિત્ર આપણા મન પર શી અસર પાડે છે?' શું એ એવું ચાલુ ચીલાનું છે કે જે ખંડની દીવાલ પર થોડા દિવસ લટક્યા પછી એના તરફ કોઇનું ધ્યાન પણ ભાગ્યે જ દોરાય? કે એમાંથી રોજ બ રોજ કોઈ જીવંત ને પ્રાણવાન તત્ત્વ પ્રભવતું રહે છે? ઘણાને મન તો 'મૉડર્ન આર્ટ' જ આ રીતે ચિરંજીવ રહે છે.

અવિભાજ્ય સંખ્યાઓ

ડૉ. ય. ગુ. નાયક

$2^{3217} - 1$

2	591 17086	013 20262	777 62467	679 22441	530 94181	888 75531	254 27303
974 92316	187 40192	665 86362	086 20120	951 68004	834 06550	695 24173	319 41774
416 89509	238 80701	741 03777	095 97512	042 31306	662 40829	163 53517	952 31118
615 48622-	656 04547	691 12759	584 87756	105 68757	931 19101	771 14088	262 52153
849 03583	040 11850	721 16424	747 46182	303 14713	983 40229	288 07454	567 79079
410 37288	235 82070	589 23510	684 33882	986 88861	665 86502	809 27692	080 33960
586 93087	905 00409	503 70987	590 21190	183 71991	620 99400	256 89351	131 36548
829 73911	265 67973	032 41986	517 25011	641 27035	097 05427	773 47797	234 98216
764 43446	668 38311	932 25400	996 48994	051 79024	162 40565	190 54483	690 80961
606 16257	430 42361	721 86333	941 58524	264 31208	737 26659	196 20617	535 35748
892 89459	962 91951	830 82621	860 85340	093 79328	394 20261	866 58614	250 32514
507 73096	274 23537	682 29386	494 07127	700 84607	712 42118	230 80804	139 29808
705 75047	138 25264	571 44837	937 11250	320 81826	126 56664	908 42516	994 53951
887 78961	365 02484	057 39378	594 59944	433 52311	882 80123	660 40626	246 86092
121 50349	937 58478	229 22371	443 39628	858 48593	821 57388	212 32393	687 04616
067 73629	093 15071						

'કુમાર'ના ઑક્ટોબર માસના (૪૯૦મા) અંકના પૃષ્ઠ ૪૩૦ ઉપર નીચેની ગણિત-ગમ્મત વાંચી આ લેખ લખવા પ્રેરાયો છું:

'ઈ. ૧૮૭૭માં લ્યુકાસે શોધી કાઢેલી આ સંખ્યા મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા છે, જેને કોઈ આંકડાથી ભાગી ન શકાય: ૧૭૦ ૧૪૧ ૧૮૩ ૪૬૦ ૪૬૯ ૨૩૧ ૭૩૧ ૬૮૭ ૩૦૩ ૭૧૫ ૮૮૪ ૧૦૫ ૭૨૭.'

વાસ્તવમાં આ હકીકત બરાબર નથી. ૧૮૭૭ પછી અવિભાજ્ય સંખ્યાઓ અને તેને શોધવાની, ચકાસવાની વગેરે બાબતોમાં ઘણું સંશોધન થયું છે અને હજી થયા કરે છે. હવે નવાં કૉમ્પ્યુટર મશીન વડે અવિભાજ્ય સંખ્યાને ચોકસાઈથી નિયત કરવાની રીતો અત્યંત ઝડપી બની છે. દાખલા તરીકે, 'ડિસ્કવરી' (Discovery) નામે અંગ્રેજી માસિકના ૧૯૫૮ના જૂનના અંકમાં પ્રો. ઈ. એમ. રાઇટે 'મોટી અવિભાજ્ય સંખ્યાઓની શોધ' એ લેખમાં જણાવ્યું છે કે લ્યુકાસ નામના એક ગણિતશાસ્ત્રીએ નક્કી કરેલી કસોટીની રીત લાગુ પાડવાથી નીચેની સંખ્યા અવિભાજ્ય માલૂમ પડી છે. આ રીત કૉમ્પ્યુટર મશીનથી કસી જોતાં એક કલાક લાગ્યો હતો. જો એક માણસ આખો દિવસ હાથના ગણતરીના મશીનથી આ કામ કરે તો તેને ઓછામાં ઓછું એ કસોટી (ભૂલચૂક વિના કરે તો) પૂરી કરતાં એક વરસ લાગે. એ સંખ્યા આ રહી: ($૨^{૨૨૮૧}$ —૧). આ સંખ્યામાં ૬૮૭ આંકડા આવે છે અને લખતાં જ લગભગ ૮ થી ૧૦ મિનિટ લાગે છે.

ત્યાર પછી એવા જ મશીન વડે બીજી એક મોટી રકમ પણ અવિભાજ્ય હોવાની શોધ થઈ છે, અને તે છે: ($૨^{૩૨૧૭}$ —૧).

આ આખી રકમ 'ધી લોર ઑવ લાર્જ નંબર્સ' નામના ફિલિપ જે. ડેવિસ (રૅન્ડમ હાઉસ પ્રકાશન)ના પુસ્તકમાં સળંગ આંકડા સહિત છાપેલી છે. એમાં આંકડાની સંખ્યા ૯૬૯ છે. અને એ આંકડાને લખતાં લગભગ ૧૫ મિનિટ સમય લાગે તેમ છે. (જુઓ ચિત્ર)

કેટલીક એવી પણ સંખ્યા મળી છે કે જેને માટે એમ કહી શકાય કે તે અવિભાજ્ય નથી, છતાં તેના ભાજકોની ખબર નથી. આવી એક સંખ્યા નીચે જણાવી છે જે લ્યુકાસની કસોટી પ્રમાણે ભાજ્ય છે અને છતાં તેના ભાજકોની આપણને ખબર નથી આ એક સૌથી મોટામાં મોટી વિભાજ્ય રકમ જાણીતી છે: ($૩^{૮૧૯૧}$ —૧)

આ અવિભાજ્ય સંખ્યાનું શાસ્ત્ર પણ એટલું વિશાળ અને રસપ્રદ બની ગયું છે કે દરેક સૈકામાં અનેક મહાન ગણિતશાસ્ત્રીઓએ એ વિજ્ઞાનમાં કંઈ ને કંઈ નવા નિયમો કે નવી માહિતી આપી છે. આમ છતાં આજે એક વાત તો ચોક્કસ છે કે આપેલી એક મોટી સંખ્યા વિભાજ્ય છે કે અવિભાજ્ય એ નક્કી કરવા માટે કોઈ સરળ ઉપાય નથી. નાની સંખ્યાઓની કસોટી કરવી સહેલી પડે, પરંતુ જેમ સંખ્યા મોટી થતી જાય તેમ તેની કસોટી કરવાનું કામ કપરું બનતું જાય છે.

૧૮૭૭માં લ્યુકાસે અવિભાજ્ય સંખ્યા નક્કી કરવાની રીત પહેલવહેલી શોધેલી અને તે રીતનો ઉપયોગ કરી તેણે જે અવિભાજ્ય રકમ દર્શાવેલી, તે આ લેખની શરૂઆતમાં જણાવી છે. પરંતુ ત્યાર પછી ને ખાસ કરી ૧૯૫૦ પછી કૉમ્પ્યુટર મશીનની શોધ બાદ મોટી મોટી અવિભાજ્ય સંખ્યાઓની શોધ થતી રહી છે ને હજી ચાલુ છે. આ યંત્રથી ગણતરી કેટલી ઝડપી બની છે અને કેટલો સમય તથા મહેનત બચી જાય છે તેનો ખયાલ નીચેના એક કિસ્સાથી આવશે.

'ગણિતશાસ્ત્રી મૅર્સેનેએ ૧૬૪૭માં એવો નિયમ શોધી કાઢ્યો કે નીચેની રકમ જણાવેલી pની સંખ્યા મૂકતાં અવિભાજ્ય સંખ્યા આપે છે. એ સંખ્યાઓ મૅર્સેને-નંબરો કહેવાતી અને ટૂંકમાં—

મૅર્સેને સંખ્યા = $M_p = (2^p - 1)$

જેમાં $p = 2, 3, 5, 7, 13, 17, 19, 31, 67, 127, 257, \ldots$

આ નિયમ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અપૂર્ણ અને ખામીવાળો લાગતો હોવાથી ઘણા લોકો pનાં જુદાંજુદાં મૂલ્યો લઈને આવતી રકમો ચકાસતા હતા. તેમાંથી ૧૮૮૦માં એવું પણ માલૂમ પડ્યું કે $M_{61} = (2^{61} - 1)$ સંખ્યા જે મૅર્સેનેએ બતાવી ન હતી તે પણ ખરેખર તો અવિભાજ્ય હતી. આમ મૅર્સેને નંબરોમાં ઘણી સંખ્યા અવિભાજ્ય મળતી હતી, પરંતુ બધી જ અવિભાજ્ય હોય તેવી કોઈ ખાતરી ન હતી.

ઑક્ટોબર ૧૯૦૩માં અમેરિકન મૅથમૅટિકલ સોસાયટીની ન્યૂયૉર્કમાં મળેલી પરિષદમાં કૉલે નામના એક બહુ ઓછાબોલા ગણિતશાસ્ત્રીએ એક સંશોધનનો નિબંધ વાંચવાનો હતો. એ નિબંધનો વિષય હતો 'મોટી સંખ્યાના ભાજકો શોધવા વિષે.'

નિબંધ વાંચવાનો વારો આવતાં પ્રો. કૉલે મંચ પર ગયા. ડાબા હાથમાં એક કાગળ રાખી જમણા હાથે ચાક વડે એક પણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય બ્લૅક બૉર્ડ ઉપર તેમણે માત્ર નીચેનું લખાણ કર્યું:

$M_{67} = (2^{67} - 1) = (193, 707, 721) \times (761, 838, 257, 287)$.

આ લખાણથી મૅર્સેનેએ જે નિયમ નક્કી કરેલો કે $p = 67$ હોય તો $(2^{67} - 1)$ એ અવિભાજ્ય સંખ્યા છે, એ વાત ૨૫૬ વર્ષ પછી પૌરાણિક કલ્પનાની પેઠે વિલીન થઈ ગઈ, અને બીજી જ પળે કૉલે પાછો પોતાને સ્થાને બેસી ગયો! નોંધાએલી માહિતી પ્રમાણે જગતના ઇતિહાસમાં પહેલી જ વાર અમેરિકાના અગ્રગણ્ય ગણિતશાસ્ત્રીઓએ આ અબોલ વૈજ્ઞાનિકને લાંબો વખત તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. આ એક જ એવો નિબંધ વંચાયો કે જેમાં એક પણ શબ્દ બોલાયો નહિ અને એક પણ પ્રશ્ન પુછાયો નહિ, અને છતાં એક પુરાણા સિદ્ધાંતને ચાકના ટુકડાથી નાબૂદ કરી દીધો.

પાછળથી ચાપાણી વખતે કૉલેને કોઈએ પૂછ્યું કે આ સંખ્યાના ભાજકો શોધી કાઢવામાં કેટલો સમય ગયો હતો? ત્યારે તેણે જવાબ આપ્યો કે એના ત્રણ વર્ષના રવિવારો એણે આ સંખ્યાના ભાજકો શોધી કાઢવા પાછળ ગાળ્યા હતા! જ્યારે (અનુસંધાન પૃષ્ઠ ૧૯)



પચ્ચીસ વર્ષ પહેલાં

જાન્યુઆરી ૧૯૪૦ અંક ૧૯૩

જગત આખાના પુરાતત્ત્વવિદોને જેની પાસે શિર નમાવતાં નાનમ નહોતી લાગતી એવા ગુજરાતના વિલક્ષણ પુરાતત્ત્વવેત્તા ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીનો પરિચય આપતાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ૧૯૪૦ના જાન્યુ. 'કુમાર'માં એમના ચરિત્રનો ઉપાડ શ્રી અશોક હર્ષે આ શબ્દો સાથે કર્યો છે:

"પેરી અને પેટ્રી જેવા પુરાતત્ત્વ-શોધકો ન હોત તો મીસરના અઢારે રાજવંશની કબરો અને જાહોજલાલ ભૂતકાળ જગતની આંખે ન ચડયાં હોત. લીઓનાર્ડ વૂલી ન હોત તો મેસોપોટેમિયાના 'ઊર'નો મહિમા અજ્ઞાત જ રહેત. સ્વેન હેડિન કે ઑરેલ સ્ટાઈન ન હોત તો મધ્ય એશિયાનાં વેરાનની ભંડારાએલી સમૃદ્ધિ પર થોડાક વધુ થર બાઝયા હોત. એ જ મહાનુભાવોની હરોળમાં શોભે એવી ગુજરાતની નીપજ પંડિત ભગવાનલાલ ઇંદ્રજી હતા એ નિઃસંશય છે.

અત્યારે રોહિલખંડના બરેલી જિલ્લામાં આવેલા રામનગરના પડખામાં એક કાળે પ્રાચીન પાંચાળનું અહિચ્છત્ર નગર વિલસતું. ઈસુના સાતમા શતકમાં એ પડી ભાંગતાં ત્યાંથી નીકળી વિસ્તરેલી અને આજે પ્રશ્નોરા નામે ઓળખાતી નાગર જ્ઞાતિમાં ઈ. ૧૮૩૯ની ૭મી નવેમ્બરે વિ. સં. ૧૮૯૬ની કારતક સુદ બીજે ગિરનારની ગોદમાં આવેલા જૂનાગઢ મુકામે ભગવાનલાલનો જન્મ થએલો. શાસ્ત્રોમાં પારંગત કુટુંબમાં જન્મ પામ્યા હોવાથી સંસ્કૃતનું જ્ઞાન અને આપણી જૂની સંસ્કૃતિની પિછાન એમને ઠીકઠીક હતાં.

જૂની ઢબે ચાલતી એકાદ પાઠશાળાના



શિક્ષણથી જ ભગવાનલાલના અભ્યાસનો અંત આવી ગએલો. એમને ભાવિ કારકિર્દીના ચીલે ચડાવનાર તો ગિરનારની તળેટીમાં આવેલા મૌર્યવંશી સમ્રાટ અશોકના શિલાલેખો. કુમાર ભગવાનલાલની જિજ્ઞાસા એ પુરાણા ઉત્કીર્ણ પથ્થરો પર ઢોળાઈ. એ પાલી ને પુરાલિપિ પાછળ પડ્યા ને પોતાની જિજ્ઞાસાને પરિતોષ પમાડવા, અંગ્રેજીનો કક્કો યે ન જાણતા હોવા છતાં સતત પરિશ્રમ, ખંત અને સૂઝથી એ ઉકેલવામાં સફળ થયા.

કાઠિયાવાડનો પોલિટિકલ એજન્ટ કર્નલ લૅન્ગ પુરાતત્ત્વ પ્રત્યે ખાસ રસ ધરાવતો. એણે અશોકના એ શિલાલેખની નકલ કરી જેમ્સ પ્રિન્સેપને આપેલી, જેણે એ પરથી પાલી મૂળાક્ષરોની આખી સૂચિ તૈયાર કરી ઈ. ૧૮૩૮માં છપાવેલી અને તે જ સૌ રસ્યાખસ્યા સંશોધકોને કામ લાગતી. ભગવાનલાલે એ હાથ કરીને પુરાતત્ત્વનો સાધાર પદ્ધતિસરનો અભ્યાસ આરંભ્યો અને એવા તો તદ્વિદ બની ગયા કે પ્રિન્સેપની પણ અનેક ક્ષતિઓ એ સુધારવા લાગ્યા! કર્નલ લૅન્ગ એમની કામગીરી પર ફિદા થઈ ગયા.

એ વખતે ભગવાનલાલ સિવાય પુરાતત્ત્વમાં રસ ધરાવનાર બે જ જણ હતા: મહારાષ્ટ્રના પંડિત બાલશાસ્ત્રી જાંભેકર અને ડૉ. ભાઉ દાજી. લૅન્ગના ઉત્તરાધિકારી ફૉર્બ્સની ભલામણથી ડૉ. ભાઉ દાજીનો સંશ્રય એમને મળી ગયો. બાવીસ વર્ષના ભગવાનલાલને એમણે પોતાની પાસે મુંબાઈ તેડાવી લઈ એમની કાર્યદિશાને સ્પષ્ટ વેગ આપ્યો.

અહીંથી જ ભગવાનલાલની વાસ્તવિક કારકિર્દીનો પરિચય આપણને થાય છે. એની પુરોગામી જિંદગીની કશી વીગતો આપણને નથી મળતી. ડૉ. ભાઉ દાજી એ નાનકડા પંડિતે ફેંકેલા પ્રકાશ પર મોહ પામી ગયા. એ ધીકતા ધંધાવાળા આગળપડતા પ્રૅક્ટિશનર હતા, જેમાંથી પરવારતાં એમને માટે બહુ ઓછો સમય ફાજલ રહેતો. એમણે ભગવાનલાલમાં પોતાની પ્રતિભાની પૂર્તિ જોઈ. ઊગતી જુવાનીનાં ક્રિયાપ્રાણ લોહી ને માનસિક તાજગીથી એ જુવાન તરવરતો હતો. રાત કે દિવસ જોયા વિના ચાહે તેટલું કામ સતત કર્યે જવા જેટલી સબળતા એનામાં હતી, અંતરની ઊલટ હતી, ફરજના સદા જાગ્રત ભાન સાથે નિર્વ્યાજ સેવાભાવના હતી.

બૌદ્ધ સંસ્કૃતિના મૂંગા ગવાહ સમાં અજંતાનાં ચિત્રો તથા લેખોની નકલો અનેકોએ કરેલી, પણ તે વાસ્તવિક નહોતી ઊતરી. ડૉ.

અવાજની પારાશીશી

આપણાં શહેરોની હવા તો એવા ચિત્રવિચિત્ર અવાજોથી ભરેલી હોય છે કે એ આપણી તંદુરસ્તીને હાનિ પહોંચાડે છે. પાણીમાં પથરો નાખીએ ને તેના તરંગો વર્તુલરૂપે ફેલાતા જાય એમ અવાજનાં આંદોલનો વિસ્તરે છે.

આ આંદોલનો સેકન્ડના લગભગ ૧૧૦૦ ફૂટ જેટલો વિસ્તરે છે. આજની આપણી સંસ્કૃતિ એ અવાજનો કેટલો મોટો બોજો આપણા કાન પર નાખે છે! રેડિયો, ઑટોમોબાઈલ, સ્ટીમ એન્જિન, ટ્રોલી કાર, રેફ્રીજરેટર, ટાઇપ રાઇટર, સાંચા...કામ અનંત સૂચિ એ રીતે થવા જાય. એકમાત્ર નીરવ શોધ કોઈ ગણી શકાય તો વીજળીના દીવાની. એટલે જ આજે શહેરી ઘોંઘાટે વિજ્ઞાનીઓનું વધુ લક્ષ ખેંચ્યું છે. માણસને એની અસ્વસ્થ અસરથી બચાવવા એ કટિબદ્ધ થયા છે.

અવાજોની તુલના અને વર્ગીકરણ કરીને એના માપ માટે 'ડેસિબેલ' એવો એક એકમ નક્કી કરવામાં આવ્યો છે. ડેસિબેલ એટલે 'બેલ'નો દશાંશ. એ 'બેલ' શબ્દ ટેલિફોનના શોધક ઍલેક્ઝાંડર ગ્રાહામ બેલના નામ પરથી અવાજના એક એકમ માટે યોજાયો છે. ટેલિફોનમાં એ એકમ વડે અવાજની અમુક ચોક્કસ વધઘટ અથવા વીજળિક તીવ્રતા દર્શાવાય છે. ગરમી માટે જેમ ફેરનહાઇટની 'ડિગ્રી' (અંશ) સૂચક છે, તે જ રીતે અવાજ માટે 'ડેસિબેલ' બને છે. અવાજની મંદતા ને તીવ્રતા આંકતું કોષ્ટક આ નીચે આપ્યું છે, જે હવે રસપ્રદ થઈ પડશે:

ડેસિબેલ	અવાજનો પ્રકાર
૦	નિઃસ્તબ્ધ શાંતિ
૧૦	હૃદયનું સ્પંદન
૨૦	જમીન નીચેના વૉલ્ટ
૩૦	શાંત ખેતર
૪૦	સરેરાશ ઘર
૫૦	સરેરાશ શાંત ઑફિસ
૬૦	સરેરાશ જનરલ ઑફિસ
૭૦	સરેરાશ સ્ટેનોગ્રાફિક ઑફિસ
૮૦	મશીનરૂમ
૯૦	મોટરનું સરેરાશ ભૂંગળું
૧૦૦	સબ-વે કાર
૧૧૦	વિમાનની કૅબિન
૧૨૦	તોપનો ધડાકો
૧૩૦	કર્ણકટુ અવાજની સીમા

ભાઉ દાજીએ એ કામ ભગવાનલાલ પર નાખ્યું. ૧૮૬૨ના મેની ૧૯મીએ તેમણે મુંબાઈ છોડયું ને દોઢ મહિનો ત્યાં રહી તમામે તમામની સંપૂર્ણ શુદ્ધ નકલો ઉતારી લીધી. એ અંધારી ગુફાઓનો એકે ખૂણો એમણે અણઉકેલ્યો ન રાખ્યો. એમના ત્રેવીસ ઉલ્લેખો પરથી ડૉ. ભાઉ દાજીએ નિબંધ તૈયાર કરી રૉયલ એશિયાટિક સોસાયટીમાં વાંચ્યો.

ત્યાર પછીના એક વર્ષમાં નાસિક, કાર્લી, ભાજા, બેડસા, જુન્નર, પીતલખરા, નાનાઘાટ વગેરેના સ્થાનિક ઉત્કીર્ણ લેખો ઉકેલ્યા બાદ ઈ. ૧૮૬૩માં સર બાર્ટલ ફ્રિયરના આગ્રહથી ડૉ. ભાઉ દાજીએ એમને તથા પાંડુરંગ ગોપાલ પાધ્યેને જેસલમેરના જૈન ભંડારો જોવા તથા ત્યાંના દુર્મિલ ગ્રંથોની નકલો ઉતારી લેવા મોકલ્યા. શિયાળાના દિવસોમાં ત્યાંના બિનાશથી ઓતપ્રોત આગારોમાં કામ કરી કરીને ભગવાનલાલને ટાઇફૉઇડ તથા પાંડુરંગને મલૅરિયા લાગુ પડયો. પરંતુ બંને એવા આગ્રહી કે કામનો અંત આણીને જ જંપ્યા.

એમના એ નિવાસન દરમ્યાન ડૉ. ભાઉ દાજીએ વાયવ્ય અને યુક્ત પ્રદેશો તથા બંગાળની મુસાફરી ખેંચી કાઢી. તેમાં શિલ્પસ્થાપત્યના અનેક અવશેષો એમની નજરે ચડયા, જેમનું નવું મૂલ્યાંકન રાહ જોઈ રહ્યું હતું. ભગવાનલાલ તરત એ મુસાફરી કરી વળવા કટિબદ્ધ થયા. બે વરસમાં હિંદી સ્થાપત્ય પરનું સઘળું સાહિત્ય એ ઉથલાવી ગયા ને પછી કેડ બાંધી ઈ. ૧૮૬૮માં નીકળી પડયા.

પહેલાં નાગપુર, જબલપુર વગેરે સ્થળે થઈ તે અલ્લાહાબાદ પહોંચ્યા. મૌર્ય સમયથી મુઘલ કાળ સુધીનાં લખાણોથી અલંકૃત ત્યાંના કિલ્લામાં આવેલા સ્તંભનો ઉકેલ આણીને સમુદ્રગુપ્તના સમકાલીનો પર તેમણે નવો પ્રકાશ ફેંક્યો. ત્યાંથી પ્રાચ્યાવશેષો શોધતા તેઓ બનારસ, ભિટ્ટા, મથુરા, દિલ્હી, એમ સઘળે રખડયા. મથુરામાંથી બૌદ્ધ અને તેની પહેલાંના કાળના લગભગ ૨૫ થી ૩૦ શિલાલેખોની નકલો તથા ત્યાંના બજારમાંથી હાથ લાગ્યા એટલા ઇન્ડો-ગ્રીક તથા કુશાણ વંશના સિક્કા ખરીદી તે મુંબાઈ પાછા ફર્યા.

આ સફર આટલી જલદી સમાપ્ત થએલી જોઈ ડૉ. ભાઉ આશ્ચર્ય પામ્યા. ફંડનો અભાવ જ એ સમાપ્તિનું આદિ કારણ જાણતાં વેંત એમણે જૂનાગઢના નવાબને સાધ્યા અને ભગવાનલાલને બીજી સફરની સગવડ કરાવી આપી. એ સફરમાં આગ્નેય પ્રદેશો, બલુચિસ્તાન, યુસફઝાઈ વગેરે વાયવ્ય પ્રદેશોથી તે ઠેઠ નેપાળ-તિબેટ સુધી તેઓ ઘૂમી વળ્યા.

ઈ. સ. ૧૮૭૪ના મે માસમાં આ સફરેથી ભગવાનલાલ પાછા ફર્યા ત્યાં ડૉ. ભાઉ દાજી પક્ષઘાતના જીવલેણ હલ્લાથી અવસાન પામ્યા. એમના જતાં ભગવાનલાલ હતોત્સાહ બની ગયા. પરંતુ હવે તો એમનું અધૂરું રહેલું કાર્ય આગળ ધપાવવું એ જ એમનું સાચું તર્પણ હતું. તેર તેર વર્ષના સતત સહવાસ ને દોરવણીને અંતે ડૉ. ભાઉ દાજીએ ભગવાનલાલની પ્રતિભા પૂર્ણતઃ પુષ્ટ કરી હોઈ એમને જાતે આગળ ધપવામાં કશો અંતરાય નડે એમ ન હતો. એમને અંગ્રેજી નહોતું આવડતું તો ડૉ. બુહલર જેવા જર્મન વિદ્વાન તેમના ગુજરાતીનો અંગ્રેજી તરજુમો કરી આપવા તૈયાર હતા. ડૉ. કૉડ્રિંગ્ટન, ડૉ. બર્જેસ, ડૉ. પીટર્સન કે ડૉ. કુન્હા જેવો કોઈ પુરાવિદ્ ભગવાનલાલના મિત્રવર્ગની બહાર ન હતો. એમનાં વિદ્વત્તા ને વિવેકબુદ્ધિ પ્રત્યે સૌને આદર હતો. 'આર્કિયોલૉજિકલ સર્વે ઑવ ઇંડિયા'માંના બર્જેસ અને ફ્લીટનાં લખાણો મોટે ભાગે ભગવાનલાલનાં ઋણી છે. 'બૉમ્બે ગૅઝેટીઅર'ના સંપાદક જેમ્સ કૅમ્પબેલને યે એમની ઓછી સહાય લેવી નહોતી પડી. સ્વ. બ. ક. ઠાકોરે એમની વિલક્ષણતા સંક્ષેપમાં પણ સર્વાંશે સમજાવી દીધી છે કે: 'ઇતિહાસની ઇમારત ચણી શકાય તે માટે જમીન સાફ કરવી, પાયો પૂરવો, ઈંટો પાડવી, વગેરે જેવી સિક્કાશાસ્ત્ર, ઇમારતશાસ્ત્ર, મૂર્તિશાસ્ત્ર, ઉપકરણશાસ્ત્ર આદિ અનેક વિદ્યાઓ છે. તેમાંની ઘણીખરીમાં હિંદના પ્રાચીન કાળને લગતું જેટલું કાર્ય, જેટલી શાસ્ત્રીયતા અને સર્ગશક્તિથી ભગવાનલાલે કરી આપ્યું છે અને જેટલા મહત્ત્વના નિર્ણયો એમણે સ્થાપી આપીને સર્વમાન્ય બનાવ્યા છે તેટલા એમના સમયના કે એમના પછીના આ વિદ્યાઓને લગતા કોઈ પણ વિદ્વાનોએ કરેલા નથી.


અનેક માન-અકરામો સાથે આ પ્રચંડ વિદ્વાને ૧૮૮૮માં પોતાની જીવનલીલા સમેટી.

શતરંજનો કોયડો



ગયા નવેમ્બરમાં અમદાવાદમાં ગુજરાત રાજ્ય ચેસ એસોસીએશન તરફથી ગુજરાત રાજ્ય શતરંજ ટુર્નામેન્ટ યોજાઈ હતી. એમાં ૪૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ સ્વિસ પદ્ધતિથી ૧૨ રાઉન્ડમાં રમાઈ હતી. તેમાં શ્રી ઇન્દ્રવદન મોદી ૧૧½ પોઇન્ટ મેળવી ને અણનમ રહી પ્રથમ આવ્યા હતા અને 'શ્રી અબ્દુલ રહેમાન છીપા ટ્રોફી'ના પ્રથમ વિજેતા બન્યા હતા. શ્રી ઇન્દ્રવદન મોદીએ કુમારની કોયડા હરીફાઈમાં પણ પ્રથમ ઇનામ મેળવ્યું હતું એ વાચકોને યાદ હશે. અન્ય વિજેતાઓ અને તેમણે મેળવેલાં પોઇન્ટ આ પ્રમાણે છે: શ્રી એચ. એન. ત્રિવેદી—નડિયાદ ૯½, શ્રી પ્રફુલ્લ ભટ્ટ—અમદાવાદ ૮½ અને શ્રી એ. શકુરખાન—અમદાવાદ ૮. ગુજરાતના ભૂતપૂર્વ ચૅમ્પિયન શ્રી સુરેશ દવે આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકયા ન હતા.

S. R. BARRETT



White to play and win

સ્થિતિ: 48/ppQKPPP1/k7.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આપેલી પરિસ્થિતિમાં સફેદ પાસે ત્રણ પ્યાદાં અને વજીર છે, જ્યારે કાળા ફક્ત બે પ્યાદાં જ છે છતાં તે બન્ને પ્યાદાં વજીર થવાની અણી ઉપર છે. સફેદે તેને વજીર થતાં અટકાવીને જીતવાનો એક જ રસ્તો છે. અને તે ઘણો રમૂજી છે. ઉકેલ માટે જુઓ પૃ. ૪૦.

સુરેશ મોદી

'શીરીન મડમ'

અંગ્રેજી ભણેલી અને સુધરેલી જુવાન પારસી શીરીનબાનુને તેના બાપની મા વક્રોક્તિમાં 'મડમ' કહેતાં; પણ એથી તે પોતે ખિજાતી નહિ એમ બતાવવા એણે પોતે લખેલા પોતાની જિંદગીના અહેવાલનું નામ 'શીરીન મડમ' (૧૮૯૦) રાખ્યું છે.

શીરીનબાનુ નવા વિચારના પારસી કુટુંબમાં જન્મી, ઊછરી અને કેળવણી પામી હતી; પણ તેને જૂના રીતરિવાજને અનુસરનારા કુટુંબમાં પરણાવવામાં આવી હતી. સ્ત્રી-કેળવણી અને સ્ત્રી-સુધારણાના પોતાના ભૂલભરેલા ખયાલોને લીધે સાસરે ગયા પછી શીરીનબાનુ મુશ્કેલીમાં કચરાવા લાગી. આખરે, તેનાથી ઉંમરમાં નાનાં પણ શાણાં મામીજી દીનબાઈ દસ્તૂરના ઉપદેશથી શીરીન મુશ્કેલીઓ દૂર કરી શકી. શીરીન ખોટો ગુસ્સો ને વડીલોની મનોવૃત્તિ તેમજ કૌટુંબિક રીતરિવાજોને અનુકૂળ બનતી ગઈ. છેવટે, એણે જીવન-ફિલસૂફી તારવી કે પોતાની નમ્રતા અને ઉપયોગીપણાથી અરસપરસનાં અને પારકાંઓનાં કલ્યાણ ખાતર પોતાના જીવનનું સમર્પણ કરવામાં જ સંસારમાં સાચું સુખ અને સંતોષ રહેલાં છે. અંતે, શીરીન સુખી થઈ.

આપણા ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીએ રચેલી આ સૌથી પહેલી આત્મકથા છે. એમાં શીરીનબાનુની નીડરતા અને નિખાલસતા પાનેપાને વરતાય છે. તત્કાલીન પારસી સમાજનું યથાર્થ ચિત્ર લેખિકાએ એમાં આપ્યું છે એ પણ આ આત્મકથાની એક વિશિષ્ટતા લેખાવી ઘટે. શરીનને પોતાની સમોવડી ગણનાર તેના શાંત, સ્ત્રીદાક્ષિણ્યમય પતિનું પાત્ર, બબરચીની દીકરી બચાઈ, દીની મામી, ફોઈની અદેખી દીકરીઓ, નજીવી બાબતો પર 'ચૂંટીને ચાંદું પાડનાર' તેનો નમૂનેદાર દિયર, દંભી ડૉ. પિંકર્ટન વગેરેનાં પાત્રો સજીવ બન્યાં છે. શૈલી નર્મયુક્ત અને સરળ છે. ગુજરાતી ભાષામાંની પારસી બોલીની છાંટ, કોઈ કોઈ ઠેકાણે આવતા ફારસી અપરિચિત શબ્દો અને જોડાક્ષરવાળા શબ્દોનું અતિ અલ્પ પ્રમાણ—કે લગભગ અભાવ જ—આ આત્મકથાને સાવ સ્વાભાવિક બનાવે છે. એક સાધારણ પારસી સ્ત્રીએ આત્મવિલોપન કરી સાધેલા આત્મવિકાસના પ્રેરક, બોધક, રસિક કથાત્મક ઇતિહાસ લેખે 'શીરીન મડમ' એક સંભારવા જેવી કૃતિ છે. (ડૉ.) ઉપેન્દ્ર ર. ભટ્ટ

(લેખકના અપ્રગટ મહાનિબંધ—'ગુજરાતી ભાષાનું ચરિત્ર-વાઙ્મય' માંથી)

સાસુ વહુને હવે સમજાય છે

પરમ પૂજ્ય સાસુજી,

આજે પંદર દિવસથી હું પિયર આવી છું. મનમાં નિશ્ચય કર્યો હતો કે તમે નહિ બોલાવો ત્યાં સુધી નહિ આવું! પણ મને હવે સમજાય છે કે એ મારી કેટલી મોટી ભૂલ હતી.

અહીં, જ્યાં મારાં બાવીસ–બાવીસ વર્ષ વીત્યાં ત્યાં આ પંદર દિવસ વિતાવતાં મને કંઠે પ્રાણ આવી ગયા છે. અહીં મારી ભાભીઓ (મારી બા વગર) કેવી મોજ માણે છે, ને મારે માથા પર સાસુ ઠોકાઈ છે, એમ પડોશણોને ગુસપુસ વાતો કરતાં મેં સાંભળ્યાં. પણ હું તો છાતી પર હાથ રાખી કહું છું, કે ભાભીઓનું જીવન જોઈ મને જરા ય એવું લાગ્યું નથી—બલ્કે, સાસુની કડક નજરની હાજરી વગર એમનું આખું ઘર ધર્મશાળા જેવું બની ગયું છે. ઝીણવટભરી વ્યવસ્થા, ચોખ્ખાઈ, રોજિંદાં પાઠપૂજા, વારતહેવારોની ઊજવણી, જાતજાતના રીતરિવાજો ને અગિયારસ–એકાદશી વગરના આ ઘરમાં મારો તો જીવ ગૂંગળાય છે.

સર્વાંગે સંપૂર્ણ ટાપટીપ કરી, ભણેલીગણેલી મારી ભાભીઓ નોકરીએ જાય છે, પણ ઘરકામમાં 'ચાલશે, બધે કેમ પહોંચી વળાય?' એમ મન ઢીલું રાખે છે, તેથી ઘરમાં જ્યાંત્યાં ફૂવડપણું નજરે પડે છે. તમે આહીં હો, તો? મને હવે સમજાય છે કે હું બહાર નોકરી કરવા જાઉં છું છતાં આપણા ઘરમાં કેમ આટલી બધી વ્યવસ્થા રહે છે, એકેએક કામ વખતસર ને ચીવટપૂર્વક કેમ થાય છે. આપણે ત્યાં જૂના–નવાનું સુભગ મિલન થયું છે. હું જેને કચકચ માની કંટાળતી હતી એ તો આખા ઘરની વ્યવસ્થાનું સૂત્ર હતું. તમે ન હોત તો હું ય આજે મારી ભાભીઓની જેમ ઘરનાં કામ પડતાં મૂકી, ટાપટીપ કરી બહાર ફરતી થઈ ગઈ હોત.

પ્રાચીન સમયથી આપણાં ઘરોમાં પળાતાં રીતરિવાજો ને વારતહેવારે થતી ઊજવણીઓનો મહિમા ખરેખર અનોખો છે. એને જૂનવાણી વહેમો કહી ભણેલાઓ ધુત્કારી કાઢે છે, પણ એવાં પાડપૂજા, ઉત્સવો વગેરેને લીધે એક જાતનું પવિત્ર વાતાવરણ સરજાય છે. હૃદયમાં જુદી જ જાતની ભાવનાઓ જાગ્રત થાય છે. આવા દિવસનાં સવાર-સાંજ અનોખાં લાગે છે.

આમ, આપણે ત્યાંનું વાતાવરણ જ એવું છે કે આહીં પિયરમાં જાણે કોઈ અપરિચિત પ્રદેશમાં ભૂલી પડી હોઉં એવું લાગે છે. ફરી એક વાર મારા ઉપરના તમારા ઉપકારો યાદ કરીને, ઈશ્વરને પ્રાર્થના કરું છું. કે આવી સાસુનું છત્ર મારા પર સદા રહે!

તમે મને વહેલી તકે બોલાવી લેશો.

એ જ. લિ. તમારી વહુના પ્રણામ વાંચશો.



સમાચાર-પત્રોમાં તેલની જાહેરાતો સાથે કેશગૂંફનની કેટલીક અવનવી શૈલી અવારનવાર જોવા મળે છે; પણ પસ્તીમાં તોળાઈ જતાં એ છાપાંમાંથી કદાચ તમે એને કાપીને સંઘરી નહિ હોય. અહીં એવી એક રીત 'સ્વસ્તિક ઑઈલ મિલ્સ'ના સૌજન્યથી આપી છે.

ગરદન પરના વાળમાંથી ડાબા હાથે અરધા જેટલા વાળ અધ્ધર લો. પછી ડાબા હાથ પર



જમણો હાથ રાખી એ વાળને સરકાવીને થોડો વળ આપી, અંબોડો ગૂંથી, સફાઈથી ચીપિયો ભેરવી એને પકડમાં મૂકો. (જુઓ આકૃતિ) બાકીના વાળને પણ સહેજ આમળીને એ અંબોડા પર ડાબી તરફથી લઈને ફરતા વીંટી દો, ને એના છેડાને અંબોડામાં ખોસી દઈ યોગ્ય સ્થાને 'ચાક' કે ફૂલ ભેરવી દો.

લે ખિ કા · સ રો જ બ હે ન પા ઠ ક

અખંડ સૌભાગ્યવતી ચિ. વૃન્દાવહુ,

બેટા, તું અહીંથી રિસાઈ ને ચાલી ગઈ તેને આજે પંદર દિવસ થઈ ગયા છે. હવે તો પાછી આવ! તારી આ સાસુ તો ઘરડું પાન છે. ઘરડા માણસનો સ્વભાવ કચકચિયો, એટલે તારે દિવસમાં અનેક વાર મન મારી લેવું પડયું છે એ મારી ધ્યાન બહાર નથી. પણ મને તારા ગુણની કદર નથી એમ રખે માનતી. તું આટલું ભણી-ગણી છે, નોકરી કરી કમાઈ લાવે છે, છતાં તેં ઘરની અને મારી ઇચ્છા-અનિચ્છાની કેટલી કાળજી રાખી છે તે વાત મારા જેટલી બીજું કોણ સમજવાનું હતું? તેં કદી મારી સામે હુંકારો કર્યો નથી, મારાં વ્રત-તપ-ઉપવાસ અને ઉત્સવોમાં પણ મારી ઇચ્છા પ્રમાણે તેં સાથ આપ્યો છે. આ જમાનામાં આવી વહુ કેટલાને મળે? બેટા, મારે એકે દીકરી નથી. નહિ તો મેં તને ખાતરી કરાવી આપી હોત, કે તેને ય હું તારા જેટલું જ ટપારતી હોત. પણ તારી સહન કરવાને ય હદ આવી ગઈ. તું મૂંગો અસહકાર કરીને, વહુ તરીકેનું ગૌરવ જાળવીને પિયર ચાલી ગઈ!

બેટા, તારા વગર આ ઘરનો પ્રકાશ ફિક્કો પડી ગયો છે. વીંઝણાની જેમ ફરી વળતી વહુ વગર આ ઘરની દીવાલો નિર્જીવ લાગે છે. નોકરી કરીને થાકીને આવ્યા છતાં રસોડું કદી સ્ટવ-સગડીના અવાજ વગરનું સૂનું રહ્યું નથી; એવી તારી સ્ફૂર્તિ વગર આજે આ ઘરમાં થાળી-પાટલા માંડવાના અવાજ ઊઠતા નથી. બેટા, હવે તો કહેવતને ફેરવીને કહેવું પડશે કે અમે ઘરડાં માવતર કમાવતર બની બેસીએ તો ય તમે છોરુ કછોરુ ન થતાં!

અમે ય અમારા જમાનામાં મોટા ઘરનું જાતજાતનું કામ કરતાં, સાસુની ધાકમાં રહેતાં, વડીલોની આમન્યા રાખતાં ને આવરદા ખેંચી કાઢતાં; પણ તમારી આજની પ્રફુલ્લતા તો અમને યે ટપી જાય એવી છે. અમારે માત્ર ઘર જ સાચવવાનું હતું; જ્યારે તમે તો ઘર અને બહારનું કામ કુશળ રીતે ચલાવો છો, અને ઉપરથી એકેએકનાં મન પણ સાચવો છો!

તારા જેવી વહુ મને મળી, તેને હું મારું સૌભાગ્ય માનું છું. મારા દીકરાનું ઘર તારા હાથમાં સોંપીને હું જ્યારે સદાને માટે આંખ મીંચીશ ત્યારે મારા જેવું સુખી બીજું કોણ હશે?

બેટા, મારા સ્વભાવ પ્રમાણે છેલ્લે શિખામણ આપતાં વીનવું છું કે તું હવે ઝટ પાછી આવી જા, કારણ કે 'કૂવા-ઢાંકણ ઢાંકણું, ખેતર-ઢાંકણ વાડ,
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર.'

એ જ. લિ. તારી ઘરડી સાસુના આશીર્વાદ

ધૂપેલનો મસાલો

૪૦ રતલ તેલ—અગર કોપરેલ—માટે

અગર, તગર, ચંદનચૂર, ચંદનનાં છોડાં, લાલ ચંદન, છડીલો, કૃષ્ણાંગર, ઉપલેટ, ગુલાબનાં ફૂલ (સૂકાં), ડમરો અને બાવચી દરેક ૧૦ તોલા, ઘોડાવજ ૫ તોલા, ધઉંલા ૫ તોલા, સુગંધી વાળો ૧ રતલ, નાગરમોથ ૧ રતલ, સૂકાં આમળાં ૨।। રતલ, લીલાં પાદડાંમાં મેંદીનાં પાન, બ્રાહ્મીનાં પાન, કાળા ભાંગરાનાં પાન ને નઘોડનાં પાન દરેક ૨ થી ૩ રતલ, મોટાં જાસૂદનાં ફૂલ ૨૫, ગુલાબી ગુલાબનાં ફૂલ ૧ રતલ, લીંબુ (મોટાં) દર રતલે ૨.

ઉપરનામાંથી સૂકા મસાલા પૈકી આમળાંને પહેલાં ઉકાળી તેમાંથી ત્રણ-ચાર શેર રગડો ગાળી લઈ તેમાં બાકીનો સૂકો મસાલો ખાંડીને પળાલવો. પછી તે રગડો તેલમાં નાખી તેમાં લીંબુ છોડાં સુદ્ધાં નીચોવીને નાખવાં.

ત્રણેક દહાડા એ બધું પલળ્યા પછી તેમાં પેલાં લીલાં પાન જરાક વાટી ને નાખવાં. પછી બે દહાડા રહીને એ તેલને ઉકાળવું. તાપ એટલો રાખવો કે તેલ ફક્ત સણસણે. એ વાસણ પર ચત્તી કથરોટ ઢાંકવી ને તેમાં પાણી ભરવું. એ પાણી ગરમ થઈ જાય તો કાઢી નાખી નવું ઠંડું પાણી ભરતા રહેવું. આથી તેલમાં નાખેલી ચીજોની સુવાસ ઊડી નહિ જાય.

આ પ્રમાણે તેલ ૬થી ૮ કલાક સણસણે તે પછી તાપ બંધ કરવો અને તે ઊકળેલા તેલમાં સારો ઊંચી જાતનો લોબાન બારીક વાટીને નાખવો. આથી તેલ લાંબો વખત સારું રહેશે.

આ તેલ ઉકાળતી વખતે સગડીમાં વારેઘડીએ કોલસા પૂરવા પડે તો ઊકળતા તેલનું તપેલું ઉતારવું પડે. આમાં જોખમ છે. એટલે લોખંડની મજબૂત ટીપાઈ પર તપેલું મૂકી તેની નીચે સગડી રાખવી, ટીપાઈ એટલી ઊંચી રાખવી કે તેના બે પાયા વચ્ચેથી સગડીનો થોડો ભાગ બહાર નીકળી શકે, જેથી તપેલું ઉતાર્યા વગર તેમાં કોલસા પુરાય. તપેલું પણ એટલું મોટું જોઇએ કે તેના પોણા ભાગમાં તેલ અને તેનો મસાલો સમાઈ જાય.

એમાં જો મીઠી સુવાસ નાખવી હોય તો એક મણ તેલમાં ત્રણથી ચાર ઔંસ ઑઇલ રોઝમેરી, અર્ધો ઔંસ કે ઓછું ઑઇલ લેમન, અર્ધો ઔંસ કે ઓછું ઑઇલ બર્ગામેટ, અર્ધો ઔંસ કે વધારે સુખડનું ચોખ્ખું તેલ નાખવું.

કેટલીક બજારૂ પડીઓમાં ઉપલી યાદીમાંની કિંમતી ચીજો નથી હોતી. ફક્ત સુગંધી વાળો, આંબળાં, થોડાં છોડાં, હરડાં વગેરે નાખીને તેમાં કાંઈક સુગંધી પદાર્થ છાંટીને થોડાક માલનું મોટું પડીકું સંરચા બાંધી આપે છે.

એક મણ તેલ થયા બાદ બાકીના કચરામાંથી પાંદડાં, વાળા વગેરે કાઢી નાખી તેમાં બીજું પાંચ-સાત શેર તેલ નાખીને ઉકાળવાથી તેમાં પણ રહેલો કસ આવી જશે.

(જીવનમાધુરી) —હરરાય દેસાઈ



પરિતોષ: કાવ્યમય નામ ધરાવતા આ પાકશાસ્ત્રના પુસ્તકમાં શ્રી જ્યોત્સ્ના હ. બુચે મિષ્ટ વાનગીઓ, ફરસી વાનીઓ, નાસ્તાની વસ્તુઓ, ભારતના જુદા જુદા પ્રાંતોની બનાવટો, અવનવાં અથાણાં, વિવિધ પ્રકારના ભાત, મુરબ્બા, ચટણી, પાપડ, પાક, મસાલા વગેરે બનાવવાની પદ્ધતિ આલેખવા ઉપરાંત રસોઈ-વિજ્ઞાન અને કલાની દૃષ્ટિએ રસોડાની રચના, પીરસવાની કલા વગેરે બાબતો પણ ચર્ચીને, અને રોગી, બાળક, વૃદ્ધ તથા પ્રસૂતાના ખોરાકો અંગે માહિતી આપીને એને આ વિષયનું સર્વાંગસ્પર્શી અને પ્રમાણભૂત પુસ્તક બનાવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. વાનગીઓનું પ્રમાણ, પદ્ધતિ અને વર્ણન આપવામાં વૈજ્ઞાનિક ચોકસાઈ દેખાય છે, તો 'સંયોજન'માં સાથે જમવાની વાનગીઓ દર્શાવવામાં કલાદૃષ્ટિ પણ દેખાય છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પૃ. ૧૨૮+૩૨, રૂ. ૨।।)



માધુકરી

જહીં સત્ય, નિર્મલ ચિત્ત, ધર્મ નિઃશંક, નિરલસ કર્મ હે,
જહીં હૃદય-મનનો મેળ, સંગ નિઃસંગ, પ્રેમલ મર્મ હે,
જય નિમ્ન ઉન્નત, ક્ષુદ્ર ઊર્જિત, એક સંહતિ, સર્વ હે,
જય નિખિલ વ્યાપ્ત પ્રસન્નતામય નિત્યનૂતન પર્વ હે!
જયતુ જય જય ગત અનાગત, ક્ષણ વિવર્ત નિરંતર
જયતુ જય જય પુણ્ય ભારતભૂમિ, સાગર, અંબર!

(શાન્ત કોલાહલ) —રાજેન્દ્ર શાહ

સ્વ. શ્રી ચંદુલાલ બહેચરલાલ પટેલ

ગયા નવેંબરની ૨૮મી ને શનિવારે ગોંડલ મુકામે ગુજરાત અને સૌરાષ્ટ્રના એક સંનિષ્ઠ શિક્ષણકાર, સમાજસુધારક અને સાહિત્યસેવી શ્રી ચંદુલાલ બહેચરલાલ પટેલનું ૮૨ વર્ષની વયે અવસાન થયું.

'બ્રહ્મનિષ્ઠ રાષ્ટ્રકવિ વિહારી' તરીકે પ્રસિદ્ધ એવા પિતા બહેચરલાલ અને મમતાળુ ને સંસ્કારી માતા મણિબાઈના પુત્ર શ્રી ચંદુલાલનો જન્મ ૧૮૮૯ના ઑગસ્ટની ૫મી તારીખે નિસર્ગરમ્ય શિહોરમાં થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ ભાયાવદરમાં, માધ્યમિક શિક્ષણ ગોંડલમાં ને ઉચ્ચ શિક્ષણ ભાવનગરની શામળદાસ કૉલેજમાં મેળવ્યું હતું, જે દરમિયાન સર્વશ્રી હિંમતલાલ અંજારિયા, લલિતજી, 'કાન્ત', અખંડાનંદ, મોતીભાઇ અમીન વગેરેના સંપર્કે એમનામાં સમાજ ને દેશની સેવાના કોડ જગાડયા હતા.


૧૯૧૪માં બી. એ. થયા પછી તેઓએ પાટીદાર યુવક મંડળ દ્વારા સમાજસેવાનું કાર્ય શરૂ કર્યું, જે તેઓ '૧૬માં ગોંડલના કેળવણીખાતામાં પરીક્ષક તરીકે નિમાયા અને '૨૬માં ત્યાં જ વિદ્યાધિકારી થયા ત્યાર પછી પણ એ બધું ચાલુ જ રહ્યું હતું. વિદ્યાધિકારી તરીકે ગોંડલ રાજ્યમાં કન્યા કેળવણી ફરજિયાત કરાવી, રાષ્ટ્રભાવના પ્રેરતી વાચનમાળાઓ રચાવડાવી અને પ્રૌઢશિક્ષણને વેગ આપીને કેળવણીને સંગીન બનાવવા ઉપરાંત તેઓએ કાઠિયાવાડની રાજકીય પરિષદ ભરવામાં, ગોંડલ રાજ્યના નિરાશ્રિતગૃહ અને બાલાશ્રમની દેખરેખ રાખવામાં અને '૩૯ના સૌરાષ્ટ્રના દુષ્કાળમાં રાહત આપવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.



પણ ગુજરાતના હૈયે એમનું ચિરસ્થાન તો રહેશે, જેના માટે સૌરાષ્ટ્ર સરકારે એમને અગિયાર હજાર રૂપિયાનું પારિતોષિક અને ગુજરાત સાહિત્યસભાએ ઈ. ૧૯૫૪નો રણજિતરામ સુવર્ણચંદ્રક આપ્યો એ પોણા ત્રણ લાખ શબ્દોના, છવ્વીસ વર્ષની ભગીરથ સાધના બાદ પૂરા થએલા 'ભગવતગોમંડળ કોશ'ના સંપાદક તરીકે. 'લોકોમાં બોલાતી ભાષાનું જેમાં સાચું પ્રતિબિંબ પડ્યું છે', જેને ગુજરાતી ભાષાનો 'જ્ઞાનકોશ' અને ગુજરાતી ભાષાની સિદ્ધિ ગણવામાં આવે છે એવા આ નવ ભાગના દીર્ઘકાય કોશની રચનામાં ફાળો આપવાના ભગીરથ કાર્ય બદલ ગુજરાત અને સૌરાષ્ટ્ર એમનું સદા ઋણી રહેશે.

—બહાદુરશાહ પંડિત

સંઘરેલા અનાજની જીવાત




કરવતીવાળું કીટક : નાનું સાંકડું, સપાટ રંગનું અઢીથી ત્રણ મીલીમીટર લાંબું કીટક. પુખ્ત જીવાતના ગળાના ભાગમાં કરવત જેવા બે અંગો હોવાથી તેનું નામ પડ્યું છે. સામાન્ય રીતે છ થી દસ મહિના સુધી, પણ ક્યારેક ત્રણ વર્ષથી પણ વધુ જીવે છે.

તેની ઇયળ મોટે ભાગે લોટ, મેંદો કે બીજી જીવાતોના ઉપદ્રવથી બગડેલ ખરાબ લોટને ખાય છે. ખાસ કરીને એકદળ અનાજમાં એનો ઉપદ્રવ થવાથી અનાજ ન ખવાય એવું કે વેચવાને માટે નકામું થઈ જાય છે.



કોપરા બીટલ : ઇયળો અને પ્રૌઢ કીટકો કોપરાંને ખાય છે અને તેમાં કાણાં કરી ભૂકા બહાર કાઢે છે.




ડાંગર વગેરેનું ફૂદું (એંગ્નોમોઈસ ગ્રેઇન મોથ) આ નાની પીળા સૂકા ઘાસ જેવા કે કથ્થાઈ રંગની ½ ઇંચ પહોળી પાંખવાળી જીવાત. પાંખો સાંકડી અને વાળવાળી.

મુખ્યત્વે ડાંગર અને જુવારની આ જીવાત છે. દાણાને ખાલી કરીને તે પોતાની હગાર અને જાળાથી ભરી દે છે. (ચાલુ)

લોકવાદ્યોનો પરિચયદર્શી કોષ

આકાશવાણીના લોકસંગીત વિભાગે સારું એવું સંશોધન કરીને આપણા દેશનાં લોકસંગીતમાં આજે પણ વપરાતાં લગભગ ૩૨૦ જેટલાં વાદ્યોની એક નામાવલિ તૈયાર કરી છે. આ કોષ છપાય ત્યારે એમાં એ લગભગ બધાં વાદ્યોનાં રેખાચિત્રો ને છબિઓ પણ હશે.



૧-સુશીર વાદ્યો (હવા વડે વાગતાં–ઍરોફોનિક), ૨-ઘન વાદ્યો (ઑટોફોનિક), ૩-તંતુ વાદ્યો (કૉર્ડોફોનિક) ને ૪ અવનદ્ધ વાદ્યો (મેમ્બ્રાનોફોનિક)–એમ ચાર વિભાગમાં વહેંચાએલાં એ વાદ્યોનું ટૂંકું વર્ણન, કયા વિસ્તારમાં અને કયા લોકોમાં એનો વપરાશ છે તેની માહિતીઓ પણ સાથે અપાશે. આકાશવાણીના ટ્રાન્સક્રિપ્શન–લાયબ્રેરી વિભાગમાં આ વાદ્યોના અવાજનું ધ્વનિઅંકન પણ થઈ રહ્યું છે.

ચાર ચોગડાની રમત

$\frac{૪૪}{૪૪} = ૧$	$\frac{૪૪}{\sqrt{૪}+\sqrt{૪}} = ૧૧$
$\frac{૪}{૪}+\frac{૪}{૪} = ૨$	$\frac{૪૪+૪}{૪} = ૧૨$
$\frac{૪+૪+૪}{૪} = ૩$	$\frac{૪૪}{૪}+\sqrt{૪} = ૧૩$
$૪(૪-૪)+૪ = ૪$	$૪+૪+૪+\sqrt{૪} = ૧૪$
$\frac{(૪\times૪)+૪}{૪} = ૫$	$\frac{૪૪}{૪}+૪ = ૧૫$
$૪+\frac{૪+૪}{૪} = ૬$	$૪+૪+૪+૪ = ૧૬$
$\frac{૪૪}{૪}-૪ = ૭$	$(૪\times૪)+\frac{૪}{૪} = ૧૭$
$૪+૪+૪-૪ = ૮$	$(૪\times૪)+૪-\sqrt{૪} = ૧૮$
$૪+૪+\frac{૪}{૪} = ૯$	$\frac{૪+૪+\cdot૪}{\cdot૪} = ૧૯$
$\frac{૪૪-૪}{૪} = ૧૦$	$(૪\times૪)+\sqrt{૪}+\sqrt{૪} = ૨૦$

('સાયન્ટિફિક અમેરિકન'માંથી) —રજનીકાન્ત મોદી


પાંચમું ગુજરાતી સુગમ સંગીત સંમેલન


છેલ્લાં ચાર વર્ષથી યોજાઈ રહેલા ગુજરાતી સુગમ સંગીત સંમેલનને સાંપડી રહેલી સફળતાથી પ્રેરાઈ ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્ર સંચાલિત સુગમ સંગીત યુનિટ તરફથી પાંચમું ગુજરાતી સુગમ સંગીત સંમેલન આ વર્ષે અમદાવાદમાં ઓરીએન્ટ ક્લબના સહકારથી અને ભાવનગરમાં('સપ્તકલા' સંસ્થાના સહકારમાં)એમ બે સ્થળે રજૂ થશે.

તેમાં સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ ધરાવતાં મુંબઈ, વડોદરા, અમદાવાદ, રાજકોટ તથા ભાવનગરનાં મળીને લગભગ ૭૫ જેટલાં ગાયક કલાકારો, સંગીતજ્ઞો ને કવિઓ ભાગ લેશે. સંમેલનમાં વિસ્તૃત પ્રતિનિધિત્વ મળે તેમજ રજૂ થનારા કાર્યક્રમોનું ધોરણ ઊંચું રહે–એ આશયથી અમદાવાદ અને ભાવનગર એમ બંને સ્થળે આ ક્ષેત્ર સાથે સંબંધિત તથા આ ક્ષેત્રની ઊંડી સમજ ધરાવતી વ્યક્તિઓની બનેલી સમિતિઓની રચના કરવામાં આવી છે.

અમદાવાદ સંમેલનનું ઉદ્ઘાટન તા. ૨૯મી જાન્યુઆરીએ રાતે ૮ વાગ્યે ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી મેહદી નવાઝજંગને હસ્તે મંગળદાસ ટાઉન હૉલમાં અને ભાવનગર-સંમેલનનું ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતાના હસ્તે 'શિશુવિહાર'ના પ્રાંગણમાં તા. ૩૧ જાન્યુઆરીએ થશે. ત્યાર બાદ બન્ને સ્થળે સંગીતની બેઠક યોજાશે. પરિસંવાદ તેમજ અન્ય કાર્યવાહી તા. ૩૧મીએ સવારે ૯-૩૦ વાગ્યે તે જ સ્થળે યોજાશે. સર્વશ્રી જિતુભાઈ મહેતા, પિનાકિન્ ત્રિવેદી, ઉપેન્દ્ર ત્રિવેદી, જયેન્દ્ર ત્રિવેદી, હસમુખ વીરાણી વગેરે ભાગ લેશે.

સંમેલનને ગુજરાતના દરેક ભાગમાંથી તેમજ સર્વ ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી સંપૂર્ણ સહકાર સાંપડ્યો છે.





ઘોંઘાટને ગળી જનાર

આજનાં જંગી વિમાનોની ચડ-ઊતર વખતે કાન ફાડી નાખે એવો જે ઘોંઘાટ થાય છે એથી એરોડ્રોમ નજીક વસનારાઓના કેવા હાલ થતા હશે? પણ એ ઘોંઘાટથી બચવા ફ્રેંકફર્ટ (જર્મની)ના નિષ્ણાતોએ એક એવું સાધન ખોળી કાઢ્યું છે કે જે ઘોંઘાટના તરંગોને પકડી લઈ એની તીવ્રતાને ઘટાડી નાખે છે. આ સાધનનો બીજો પણ એક લાભ છે કે કોઈ વિમાન નિશ્ચિત કરેલી ઊંચાઈથી વધુ નીચે ઊડે તો એની સૂચના પણ આના દ્વારા આપમેળે લાગતા-વળગતા અધિકારીઓને પહોંચે છે ને એ રીતે ભયંકર અકસ્માતો થતા ટાળી શકાય છે. (યુ. પી. એસ.)

આ સર્વપરિચિત સુગંધ-મધુર મુખવાસ-દ્રવ્ય પ્રાચીન કાળથી ઔષધ તરીકે પણ પ્રયોજાતું આવ્યું છે. આપણા પૂર્વજ નરેશો તો મહેલની દીવાલો પર 'એલારસ' (એલચીનો રસ) છંટાવતા એવા ઉલ્લેખો સંસ્કૃતસાહિત્યમાં મળે છે. નાની એલચી (સૂક્ષ્મૈલા, કાગદી એલચી) અને મોટી એલચી (સ્થૂલૈલા, એલચો),—એમ બંને જાતનાં શારીર કર્મો(ફિઝિકલ ઍકશન્સ) આયુર્વેદજ્ઞોએ નોંધ્યાં છે.

નાની એલચી રસમાં તીખી, શીતળ, હલકી, વાયુનાશક, કફનાશક તથા દમ, ઉધરસ, હરસ અને મૂત્રકૃચ્છ્રને મટાડનાર છે.

મોટી એલચી ઉષ્ણ છે અને કફ, પિત્ત, રક્તવિકાર, ચળ, દમ, તરશ, મૉળ અને ઊલટી, ઝેર, મૂત્રાશયના રોગ, મુખના રોગ, માથાના રોગ તથા ઉધરસને મટાડે છે.

કફની ઉધરસ

કફ ઘણો હોય એવી ઉધરસ માટેનો ઉત્તમ ઉપચાર આ પ્રમાણે છે : નાની અથવા મોટી એલચીનું બારીક ચૂર્ણ ૫) રતી, સૂંઠનું બારીક ચૂર્ણ ૫) રતી ને સંચળ ૫) રતી, ત્રણેનું મિશ્રણ કરી દિવસમાં ત્રણ વખત મધ સાથે ચાટવું. મીઠી, ચીકણી અને ભારે ચીજો છોડી દેવી. બપોરે ઊંઘવું નહિ અને પાણી ઉકાળેલું પીવું. પેટ સાફ ન આવતું હોય તો એકાદ રેચ લઈ લેવો. કફની ખાંસી મટી જશે.

સૂકી ઉધરસ

સૂકી ઉધરસમાં પણ એલચી લાભદાયી છે. મોટી એલચીને સળગાવવી અને ધુમાડા નીકળતા બંધ થઈ જાય એટલે લસોટીને બારીક ચૂર્ણ કરી શીશીમાં ભરી લેવું. આ ૫) રતી ચૂર્ણ ઘી અને મધ સાથે દિવસમાં ત્રણ વખત ચાટવું. ઉજાગરા ન કરવા, વાયડી ચીજો ન ખાવી અને દિવેલનો એક રેચ લઈ લેવો. ગણતરીના દિવસોમાં સૂકી ખાંસી બેસી જશે.

આફરો

પેટમાં વાયુની ગરબડ રહેતી હોય અને આફરો ચડતો હોય તો મોટી એલચીના ૫ થી ૬ રતી ચૂર્ણમાં એક રતી શેકેલી હિંગ મેળવી લીંબુના રસમાં કાલવી ચાટી જવી. વાયુનું અનુલોમન થશે અને આફરો બેસી જશે.

મૂત્રકૃચ્છ્ર


અટકીઅટકીને વેદના સાથે પેશાબ થતો હોય, અથવા પેશાબ છૂટથી ન થતો હોય કે અટકી ગયો હોય, તો ૨૦૦ ગ્રામ દૂધમાં ૨૦૦ ગ્રામ પાણી નાખી, ચારપાંચ એલચીના દાણા-છોડાં સાથે કૂટીને તેમાં નાખી, ત્રણ-ચાર ઊભરા આવે ત્યાં સુધી ગરમ કરી, ઉતારીને ઢાંકી દેવું. અર્ધા કલાક પછી ગાળી લઈ, સાકર મેળવીને કલાકે કલાકે પાશેર દૂધ પીવું. આ ઉપાયથી પેટ સાફ આવશે.

ઝાડો સાફ આવ્યો ન હોય તો સાત તોલા દેશી દિવેલને નવશેકું કરીને સિરિંજથી એક માત્રાબસ્તિ આપી દેવી. મળ અને વાયુનું અનુલોમન થતાં તરત પેશાબ છૂટશે.

મંદાગ્નિ

પાચનશક્તિ નબળી પડી હોય, ભૂખ બરાબર લાગતી ન હોય તો આદુ ને લીંબુનો રસ કાઢી, મિશ્રણ કરી, અર્ધાથી એક તોલો મિશ્રણમાં મોટી એલચીનું ચૂર્ણ ૫) રતી ને ગંઠોડાનું ચૂર્ણ ૫) રતી મેળવી પી જવું. સવારે નરણા કોઠે તથા સાંજે ભોજનના કલાક પહેલાં આમ કરવાથી થોડા દિવસોમાં જ જઠરાગ્નિ બળવાન બનશે.

લાભશંકર ઠાકર



ઊંચામાં ઊંચી ઇમારત

વાસ્તુશિલ્પી રૉબર્ટ ગ્રૅબ્રિયેલની યોજનાનુસાર પશ્ચિમ બર્લિનમાં દુનિયાભરની એક ઊંચામાં ઊંચી ઇમારત બનાવવાની યોજના થઈ રહી છે. આવતાં દસેક વર્ષમાં તૈયાર થનારી એ ઇમારત ૧૨૫૦ મીટર (૩૭૫૦ ફૂટ) ઊંચી હશે. મોટા સ્ટોર્સ, હૉસ્પિટલ, સિનેમાગૃહો, પોલીસ સ્ટેશન ને એના એક મેયરના કાર્યાલયની વ્યવસ્થાવાળી એ જંગી ઇમારતમાં ૩૫૬ માળ ઉપરાંત જમીનની સપાટીથી નીચે પણ ૧૬ માળ રહેશે. એમાં લગભગ ૨૫-૦૦૦ માણસો રહી શકશે. ક્રોમ-નિકલ સ્ટીલની એ ઇમારત આગ સામે તો સુરક્ષિત હશે જ, ઉપરાંત અણુબૉંબથી બચવા એમાં શેલ્ટરની પણ વ્યવસ્થા વિચારાઈ છે. લિફ્ટની વ્યવસ્થા દ્વારા એમાં એક કલાકમાં છ હજાર જેટલા માણસો સરળતાથી ઉપર-નીચે આવજા કરી શકશે.

વિકસતું વિજ્ઞાન

સામાન્ય ઑપરેશન રૂમમાં અશક્ય કે કટોકટીભર્યાં ઑપરેશનો કરવા માટે ઉચ્ચ દબાણવાળું અને ૯૦ ટકા ઑક્સિજનવાળું એક ખાસ ચૅમ્બર રચવામાં આવ્યું છે, જેના વાતાવરણમાં અકસ્માતથી થએલી ભારે ઈજાવાળા દરદીને રાખવાથી સડો પેદા થતો અટકાવી શકાય છે. જન્મથી જ શ્વાસ લેવામાં મુશ્કેલીઓ હોય, હૃદયના ભાગનો અવરોધ હોય, આઘાત કે રુધિરાભિસરણમાં અડચણ હોય એવાં દરદીઓની સારવાર માટે આ ચૅમ્બર ઉપયોગી નીવડશે.

—શતરંજના કોયડાનો ઉકેલ—

1 Q–B3, કાળા NPને વજીર થતો અટકાવવા તેને અણઊઠ કરવો જરૂરી છે.

1…, K–N8. ફરજિયાત ચાલ. હવે કાળો RPને વજીર બનાવી શકે તેમ છે એટલે રાજાને પાછો ખુલ્લામાં મોકલવો પડશે.

2 Q–Q 3ch, K–R8;

NPને અણઊઠ કરવાની અને રાજાને પાછો KR8 ઉપર મોકલવાનો આ વિધિ ચાલ્યા જ કરે છે.

3 Q–Q4, K–N8; 4 Q–K4ch, K–R8; 5 Q–K5, K–N8; 6 Q–B5ch, K–R8; 7 Q–B6, K–N8; 8 Q–N6ch, K–R8; 9 Q–N7, K–N8; 10 Q–R7ch, K–R8; 11 Q–R8, K–N8.

અને હવે મહાત માટેની પરિસ્થિતિ ગોઠવાઈ ગઈ છે.

12 Q–R1 mate.

સફેદ વજીરની આ વાંકી-ચૂંકી ચાલ દર્શાવતો મધ્યવર્તી વિચાર 'Ladder Theme' તરીકે ઓળખાય છે. ૯૦ વર્ષ જૂનો આ કોયડો આટલાં વર્ષો પછી આજે પણ એટલો જ આકર્ષક લાગે છે.



ચિચૂડો (ત્રિગુણાતીત પંચોલી)　　ચિચૂડાની જેમ સંયોજનમાં પ્રમાણભારનું સુંદર સમતોલન ઝુલાવતું, ગ્રામજીવનની સાદગી અને ઉમંગની કવિતાનું ચિત્ર



ડૉના ઈસાબેલ





લા માજા-વિવસ્ત્ર અને લા માજા-સવસ્ત્ર



ગાડે ખડકાતાં માનવ મુડદાં (ઍચિંગ)

ગોયાની ચિત્રકળાનાં કેટલાંક પાસાં

ઉપર ગોયાનાં બહુ ગવાએલાં બે ચિત્રો 'માજા-વિવસ્ત્ર' અને માજા-સવસ્ત્ર' આપ્યાં છે. અસલ તો આ બંને ચિત્રો 'જિપ્સીઝ' નામે જાહેર થએલાં. આ બંને ચિત્રમાંના એક જ સ્ત્રી-પાત્રની ઓળખ વિષે તો અનેકવિધ તુક્કાઓ કલાજગતમાં પ્રચલિત થએલા છે અને કદાચ એ બધા જ પાયા વિનાના છે. સ્પેનનાં દરબારી ચિત્રકાર તરીકે સુંદર સ્ત્રીપાત્રોની એણે બીજી પણ ઘણી ઉત્તમ છબિઓ ચીતરી હતી. ડાબી બાજુનું 'ડૉના ઈસાબેલ' એનું એક અચ્છું ઉદાહરણ છે. એ કાળના યુરોપમાં તદ્દન નિર્લજ સમા રાજકુટુંબના દુરાચારના લુચ્ચાઈભર્યા રૂપકડા ચહેરા ચીતરવાથી ગોયા પણ દૂર રહી શકે તેમ નહોતો. છતાં, હૃદયથી એ નીતિનો આગ્રહી હતો. પોતાની કેટલીક ગ્રાફિક કૃતિઓમાં એણે માણસજાતની બેશરમ ક્રૂરતાને–ખાસ કરીને યુદ્ધ અને યુદ્ધોત્તર પરિસ્થિતિની ભયાનકતાને બેધડકરીતે ઉઘાડી પાડી છે. યુદ્ધને કારણે ઢગલાબંધ ખડકાતાં માનવશબોનો ગાડાં ભરીને નિકાલ થતો દર્શાવતું આ ચિત્ર (ડાબી બાજુ) એનું એક દૃષ્ટાંત છે. આવાં એચિંગોની તો એણે એક આખી હારમાળા આલેખી છે.

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : આના પાવલોવા

આ સદીની એક અતિ વિખ્યાત બાલે નર્તકી આના પાવલોવાના નામથી કોઈ કલા-




રસિક અજાણ્યું નથી. ઈ. ૧૮૮૫માં રશિયામાં સેન્ટ પિટર્સબર્ગ (લેનિનગ્રાડ)માં એક ગરીબ ખેડૂતને ત્યાં ૩૧મી જાન્યુઆરીએ એનો જન્મ થયો. અતિશય નાજુક બાળા તરીકે દસ વર્ષની ઉંમરે એ સેંટ પિટર્સબર્ગની મેરીઇન્સ્કી થીએટર સાથે સંકળાએલી શાહી બાલેનૃત્યશાળામાં દાખલ થઈ ને છએક વર્ષની તાલીમમાં એણે સારી એવી સિદ્ધિ મેળવી લીધી એટલું જ નહિ પણ બાલેમંડળીની એ અગ્રનાયિકા બની રહી. નૃત્યની આકરી તાલીમથી એનું શરીર ખૂબ કસાયું હોવા છતાં એની નજાકતમાં ઓટ આવી નહોતી. નમણી પરીઓની રોમાંચક કથાની નાયિકા તરીકે એ કોઈ દિવ્યાંગના જેવી શોભતી.

તાલીમ બાદ ડિયાઘિલેફની બાલેમંડળીમાં જોડાઈ પણ થોડા જ વખત પછી એણે પોતાની સ્વતંત્ર નૃત્યમંડળી જ ઊભી કરી. ૧૯૧૦માં એણે મિખાઈલ મોર્ડકિન સાથે લંડનના પેલેસ થીએટરમાં પોતાનાં નૃત્યો બતાવ્યાં. તે પછી ડિયાઘિલેફ સાથે પારી(સ) અને ન્યૂયૉર્કમાં પણ નૃત્યો આપ્યાં. ૧૯૧૨થી એ લંડનમાં સ્થાયી થઈ હતી. અમેરિકાનો નૃત્ય પ્રવાસ કર્યો ત્યારે ચુસ્ત શાસ્ત્રીય બાલેપદ્ધતિનાં પોતાનાં આગવાં નૃત્યસર્જનોથી એ સારી પેઠે વિખ્યાત બની હતી. પોતાની નૃત્યમંડળી સાથે એણે યુરોપ–અમેરિકાનાં મોટાં નગરોમાં જ નહિ પણ દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને ભારતમાં ફરીને એણે બધે રશિયન બાલે-નર્તનકળાનો પરિચય કરાવ્યો હતો. આ પ્રવાસો દરમિયાન એણે દેશ-વિદેશની નૃત્ય કળાને સમજવાને પણ એટલો પ્રયાસ કર્યો ને એને પોતાનાં સર્જનોમાં એમાંનાં કેટલાંક તત્ત્વોને ઉતારવાના પ્રયત્નો પણ કર્યા. આ અગાઉ રશિયામાં પૂર્ણતઃ વિકસેલી, પણ બહારના જગતને અલ્પપરિચિત બાલે નર્તનકળાનો ખરો ખયાલ આના પાવલોવા અને એના સાથીદારોએ કરાવ્યો હતો.

આના પાવલોવા આ સદીની 'સૌથી મહાન' નૃત્યકાર તરીકે ઓળખાય છે. એની એ વિખ્યાતિનું એક કારણ એ પણ મનાય છે કે એણે પોતાની શક્તિ સામે પડકાર રૂપ સરખામણી ઊભી થવા જ દીધી નહોતી. એ પ્રકારનું જોખમ ખેડવાથી એ સદા દૂર રહી હતી. પોતાના તખતા પર પોતાની શક્તિ સામે ઝીંક ઝીલવાની એણે ભાગ્યે જ કોઈને તક આપી હતી. એની નૃત્યમંડળીમાં એ પોતે જ સદા મુખ્ય નર્તકી–નાયિકા રહી હતી. પોતાના પુરુષ સાથીદાર નર્તકોની સામે પોતાની કળા હોડમાં ન મુકાય એની એણે સદા ચીવટ રાખી હતી. ગમે તેમ પણ એ પોતાના સાથી તરીકે ગમે તેને રાખવાને મુખત્યાર હતી ને મંડળીની કુલ માલિક પોતે જ હોઈ એવી બધી જ સત્તા એની પાસે હતી. સારેનરસે ટાણે એની મંડળીમાં પાવલોવાનું જ વ્યક્તિત્વ પ્રતિબિંબિત થતું. એમાં એનું જ ધોરણ, એનો જ રસ, એની જ શક્તિ ને એની જ નબળાઈ જોવા મળતી. ડિયાઘિલેફનાં ઐતિહાસિક સર્જનો જેવું સંગીત કે સિનારિયો પાવલોવા પાસે નહોતાં, પણ એની શક્તિમાં કોઈ એવું આગવું તત્ત્વ હતું કે તદ્દન નાચીજ બાબતને પણ એ પોતાનાં નૃત્યોમાં કંઈક મહાન બનાવી મૂકતી. 'ધ ડાઇંગ સ્વૉન' 'ધ કેલિફોર્નિયન પૉપી', 'ધ ડ્રેગન ફલાય' વગેરે નૃત્યોની એની રજૂઆત હજી યે કલારસિકો ભૂલ્યા નથી. એમાં યે 'ધ ડાઇંગ સ્વૉન' તો એની ભાવભરપૂર સાદગીને કારણે ત્યાર સુધીનાં ઝાકઝમાળ એકાકી નૃત્યોથી છેટું અને બાલે નર્તનની કળાની દૃષ્ટિએ ક્રાંતિકારક કહી શકાય એવું હતું. આના પાવલોવા જેને માટે વિખ્યાત હતી એ એની આગવી નૃત્યશક્તિ તથા તેની ઊંડી અસરકારકતા 'ધ ડાઇંગ સ્વૉન'માં પૂર્ણતઃ જોવા મળતી. કદાચ કહી શકાય કે એનું એ નૃત્ય આ યુગમાં વધુમાં વધુ ખ્યાતિ પામેલું નૃત્યસર્જન હતું. ઈ. ૧૯૩૧માં પાવલોવાનું અવસાન થયું.

પ્રસંગવિશેષ: બ્રિટિશ મ્યુઝિયમ ખુલ્લું મુકાયું, તા. ૧૫મી જાન્યુઆરી ઈ. ૧૭૫૯

વિશાળતા અને વૈવિધ્યમાં અજોડ એવા દુનિયાના સૌથી જૂના અને સૌથી મોટા જ્ઞાનક્ષેત્ર બ્રિટિશ મ્યુઝિયમનો ઉદ્ભવ જ્યૉર્જ બીજાના ખાસ રાજવૈદ્ય સર હાન્સ સ્લોનના અવસાન પછી એની ઇચ્છાનુસાર જાહેર પ્રજા માટે એમનો સમગ્ર સંગ્રહ ખરીદી લેવામાંથી થએલો. એ માટેનું આર્થિક ભંડોળ લૉટરી દ્વારા એકઠું થએલું. સર હાન્સના સંગ્રહમાં ૫૦,૦૦૦ જેટલા હસ્તલિખિત અને છાપેલા કિંમતી ગ્રંથો, ૨૩,૦૦૦ જેટલા સિક્કાઓ ને ચંદ્રકો તથા ૨૦,૦૦૦ જેટલા પ્રાણીવિજ્ઞાનને લગતા નમૂનાઓ હતા. આ ઉપરાંત પણ બીજી અનેક અવનવી ચીજો એમણે સંઘરેલી એ તો જુદી. ૧૭૫૪માં મૉન્ટેગ્યુ હાઉસ ખરીદી એમાં આ સંગ્રહ મૂકવામાં આવ્યો. સર કૉટનનો અમૂલ્ય ગ્રંથસંગ્રહ પણ આમાં ભેળવી દેવાયો અને હેન્રી સાતમાના સમયથી એકઠો થએલો શાહી સંગ્રહ પણ એમાં ઉમેરાયો. આ સમગ્ર સંગ્રહને 'બ્રિટિશ મ્યુઝિયમ'નું નામ અપાયું. તે પછી યે એમાં અવનવી મબલખ સામગ્રી ઉમેરાઈ અને ઈ. ૧૭૫૯માં ૧૫મી જાન્યુઆરીએ એ જાહેર પ્રજાને માટે ખુલ્લું મુકાયું. ઈ. ૧૮૮૦ થી '૮૩ દરમિયાન અહીંનો પ્રાણીવિજ્ઞાનનો સંગ્રહ સાઉથ કેન્સિંગ્ટન ખાતે ખસેડાયો, અને આસપાસ પણ અનેક નવા વિસ્તારો ઉમેર્યા છતાં હજી યે સ્થળસંકોચને કારણે પ્રદર્શિત નહિ થઈ શકતી ઘણી સામગ્રી તેના ભોંયરાઓમાં અકબંધ પડેલી છે. અહીંનો ગ્રંથવિભાગ એટલો તો મોટો છે કે જેની વિગતવાર સૂચિ તૈયાર કરતાં જ એકાદ સૈકો લાગી જાય. 'એલ્જિન માર્બલ' નામક પાર્થેનૉનની ગ્રીક શિલ્પશ્રેણી, આસિરિયન સંસ્કૃતિના અવશેષો, ભારતના અમરાવતીના અવશેષો વગેરેના વિશિષ્ટ સંગ્રહ ઉપરાંત મીસરના મમી ને અન્ય અવશેષોનો તો અહીં મોટામાં મોટો સંગ્રહ છે. લગભગ ૭૦૦ જેટલા વિદ્વાનો ને નિષ્ણાતો આ બધાની વ્યવસ્થા માટે રોકાએલા છે. ગૂડફ્રાઇડે ને નાતાલ સિવાય કાંઈ પણ પ્રવેશ ફી વિના જ્ઞાન-અમૃતની આ પરબ આખું વર્ષ ચાલુ રહે છે.



દુહા

બોલે સાચા બોલ, કોની ના ચારી[1] કરે;
તે માણસનો તોલ મેરુ[2] પ્રમાણે મોતિયા!

સત્યાગ્રહાશ્રમમાંના પોતાના તાલીમ-કાળના વસવાટ દરમિયાન વિનોબાજી સાથીઓ સાથે સાબરમતીમાં નાહવા પડેલા, ત્યાં એકાએક ઘોડાપૂર આવતાં તેમાં તણાવા લાગેલા. કાંઠા પર ગભરાટમાં બૂમો મારતા સાથીદારોને તણાતા વિનોબાએ શાંતિથી માત્ર એટલું જ કહ્યું કે બાપુજીને મારા પ્રણામ સાથે કહેજો કે વિનોબા તણાઈ ગયો છે, પણ આત્મા અમર છે. પછી લાંબે અંતરે એક મોટી ભેખડ હાથમાં આવતાં તે ઊગરી ગએલા.

કહેવતોના અર્થ: 'નવો નિશાળિયો નવ દહાડા'–નિશાળમાં, નોકરીમાં કે બીજે નવા આગંતુકની બિનઆવડત કે અજ્ઞાન શરૂના થોડા દિવસ જ બરદાસ્ત કરી લેવામાં આવે પછી તો અન્યની માફક તે પણ સજાની ગણતરીમાં આવે એમ નિરૂપતી એ આખી કથનકડી આમ છે:

'નવો નિશાળિયો નવ દહાડા
બહુ ફરે તો દસ દહાડા;
અગિયારમે દિ ઓરડો,[1]
ને બારમે દિ કોરડો.[2]
([1] પૂરી દેવાય; [2] ફટકારવામાં આવે.)

અનેકાર્થી શબ્દ: **દેવ** = આર્યલોકોની એક શ્રેષ્ઠ જાતિ; સુર, સ્વર્ગમાં રહેનારુ ઈશ્વરી અંશવાળું ઉત્તમ જીવ; દિવ્ય સત્ત્વ, દેવતા; ઇંદ્રિય; એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વસુ, ૧૧ મરુત, ૧૨ આદિત્ય અને ઇન્દ્ર તથા પ્રજાપતિ મળી ૩૩ દેવ મનાય છે, તે પરથી ૩૩ના અંકનો સૂચક સાંકેતિક શબ્દ; પારો; મેઘ યા વાદળ; દેણગી યા આપવું તે; લલિત વિસ્તરમાં જણાવેલી ચોસઠ લિપિઓમાંની એક.

ગણિતગમ્મત

કોઈ એક સંખ્યા ધારો. તેના બમણી કરો: તેમાં ૧૦ ઉમેરી ૨ વડે ભાગો. તેમાંથી તમારો ધારેલો નંબર બાદ કરો તો જવાબ હમેશાં ૫ આવશે. (જરા વિચાર કરતાં આ કરામત બીજા અંકો માટે પણ યોજી શકશો).

સહરાના રણમાં દિવસ–રાત વચ્ચે ૧૩૦ ડિગ્રી હવામાનનો ફરક પડે છે!

નીચેના શબ્દો એવા છે કે તે વાંચતાં તેના ઉચ્ચાર વડે જ અર્થનો ભાવ જાગ્રત થાય છે. આવા શબ્દોને અંગ્રેજીમાં Onomatopoetic words કહે છે: જરઠ, મુલાયમ, બરછટ, ઘૃણા, દિલબર, ગલીપચી, ચબરાક. આવા બીજા શબ્દો શોધીને મોકલી આપશો?

લડાઈમાં દારૂનો ઉપયોગ કરવાની શોધ ચીનાઓએ ઈ. ૮૫માં કરી હતી.

મિત્ર: અલ્યા, આ પૂતળું તેં આમ વિચિત્ર ઊભડક સ્થિતિમાં કેમ ઘડ્યું છે?

શિલ્પી: વાત એમ છે, કે ગ્રાહક કમિટીએ ઘોડેસવાર પૂતળું ઘડવાનો આર્ડર આપ્યો; પણ પછી એમને લાગ્યું કે ઘોડાનો ખર્ચ નહિ પરવડે, એટલે ઘોડો પડતો મુકાવ્યો.

ભીંતને અઢેલીને સાઇકલ મૂકવાથી તેના હેંડલ તથા ઘંટડી પર ઘસારા પડી બગડે છે. ચિત્રમાં બતાવ્યા મુજબ ભીંતમાં જડેલા લાકડાના ડગળા પર મિજાગરા વડે લાકડાનો દંડો જડી લીધો હોય તો એ દંડાને છેડે રાખેલી ખાંચમાં સાઇકલનો ક્રૉસબાર ભરાવી સાઇકલ ઊભી રાખી શકાશે. જરૂર ન હોય ત્યારે




એ (ટપકાંવાળી લીટી વડે દર્શાવ્યા મુજબ) મિજાગરાને લીધે નીચે ભીંત લગોલગ પડી જઈ આવતા-જતા માણસને વચ્ચે અડચણ નહિ કરે.



કલાકણિકા: માણસની કલાવૃત્તિએ શોભનની શરૂઆત કદાચ સૌ પહેલી વપરાશનાં વાસણો પર કરી હશે: અને તેથી જ દુનિયાની એકેએક પ્રજામાં તેનાં સુશોભનોનો કોઈ શુમાર નથી. શોભનભારતના વૈવિધ્ય અને અટપટી કલાત્મક ગૂંથણીમાં ભારતવાસીઓ, ચીનાઓ અને મુસ્લિમ દેશવાસીઓએ એક-બીજાની જાણે સરસાઈ કરી છે. આ ઉપર આપેલી તુર્કસ્તાની તશતરી સોળમી સદીના પાછલા ભાગે સર્જાઈ હતી.

[1]ચારી= ખુશામદ
[2]મેરુ=બોલનું વજન પર્વત જેવું ગણાય



નવા તૃણાંકુરો

લીનોકટ • પીરભાઈ મનસૂરી

મૂળ ૧૨×૧૬ ઇંચના માપના લીનો પટ પર વેગીલી સ્ફુરાયમાન રેખાઓમાં કોરાએલું આ ચિત્ર તીક્ષ્ણ ધાર પર મેળવેલા કાબૂની સુંદર ગવાહી છે. ચિત્રકારની આવી પ્રવીણતા પ્રાપ્ત કરનાર ભાઈ પીરભાઈ મનસૂરી આવી સફળ કલમ સાથે 'કુમાર'માં અને ગુજરાતમાં પોતાનો પ્રથમ પરિચય કરાવે છે. તરુણાઈના દ્વારે ઊભેલા ગુજરાતના આ સપુત આજે 'લંડન સ્કૂલ ઑવ પ્રિન્ટિંગ'માં સાંજના વર્ગોમાં અભ્યાસ કરે છે અને પોતાના નિર્વાહ માટે નોકરી કરે છે.